## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

**સંપાદન** :

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય સ્કૂલ ઓફ હ્યુમેનિટિઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ** :

ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.ડૉ.ઉષા ઉપાધ્યાય વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શન (વિષય)** :

ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન** :

ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.દિનેશ એમ. ભદ્રેસરિયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ.દિનુ એસ. ચુડાસમા આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ** : 2020

**પ્રકાશક** : કાર્યકારી કુલસચિવ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત** (courtesy : **ISBN : 9789389456417)**

આ પાઠ્યપુસ્તક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**મુદ્રક** : સાહિત્ય મુદ્રણાલય પ્રો.લી., અમદાવાદ-૩૮૦૦૨૨

સ્પે.બી.એડ્.

ગુજરાતી SEEPC- 01 (A)


એકમ : 1

આઠમું દિલ્હી 01-08

એકમ : 2

આંધળી માનો કાગળ 09-14

એકમ : 3

જે જાય છે તે 15-24

એકમ : 4

સોયનું નાકું 25-42

એકમ : 5

ચોરોના બચાવમાં 43-54

એકમ : 6

શહેરો અને ગામડાઓ 55-66

એકમ : 7

વ્યાકરણ પરિચય ભાગ – ૧ 67-80

એકમ : 8

વ્યાકરણ પરિચય ભાગ – ૨ 81-92

## પાઠ્યક્રમ પરિચય

પ્રથમ વર્ષ બી.એ.ના અભ્યાસમાં ફરજિયાત ગુજરાતી અંતર્ગત અભ્યાસક્રમની અધ્યયન સામગ્રી આપના કરકમળમાં છે. શાળા-મહાશાળા કક્ષાએ તમે ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર ગણાયેલી રચનાઓનો અભ્યાસ કર્યો છે. અત્રે બન્ને બ્લોકમાં મળી પંદર એકમોમાં પસંદ થયેલી પાઠ્યસામગ્રી તમારી સાહિત્યરુચિ ઘડવામાં પ્રેરક બને તેવો વિચાર થયો છે. દૂરવર્તી શિક્ષણ પદ્ધતિથી અભ્યાસ કરનાર વિદ્યાર્થીને વર્ગખંડ વ્યાખ્યાન પદ્ધતિની ખોટ ના સાલે તે રીતે સ્વઅધ્યયન, સઘન અધ્યયનની ચોક્કસ રૂપરેખા સાથેની પદ્ધતિ અપનાવવામાં આવી છે.

મધ્યકાલીન છપ્પાથી લઈ અર્વાચીન ગદ્ય-પદ્ય રચનાઓનો અભ્યાસક્રમમાં સમાવેશ થયો છે. જીવનમૂલ્યને ઉજાગર કરતી રચનાઓ સાથે જરૂરી વ્યાકરણ વિષયક એકમોનો પણ અભ્યાસ અહીં થશે. આ રચનાઓના અભ્યાસથી ગુજરાતી સાહિત્યની ગુણસમૃદ્ધિનો પરિચય થશે. દરેક એકમના અભ્યાસની રૂપરેખા જોતાં જણાશે કે ગુજરાતી ભાષા-સાહિત્યની અનેકવિધ લાક્ષણિકતાઓને અધ્યયન ઉપક્રમમાં ઉજાગર કરી છે.

ઉચ્ચ શિક્ષણના ઉંમરે ઊભેલ વિદ્યાર્થી માતૃભાષાના સાહિત્યના અભ્યાસ દ્વારા પોતાની અભિવ્યક્તિ ક્ષમતા કેળવે તો વિદ્યાર્થી અન્ય વિષયક્ષેત્રમાં પણ તેના લેખન કૌશલ્ય થકી સારી રજૂઆત કરી શકશે. વિનયન વિદ્યાશાખાના દરેક વિષયના વિદ્યાર્થીઓએ માતૃભાષાના સાહિત્યનું સેવન કરવું જોઈએ, ભાવન કરવું જોઈએ એમ અવશ્ય પ્રતીત થશે. દરેક એકમના અંતે આપેલ સૂચનો અને વિશેષ વાચન -લેખન પ્રવૃત્તિ સાથે સતત જોડાયેલા રહેશો તો ભાષા અભિવ્યક્તિનું કૌશલ સંવર્ધન થશે. ફરજિયાત ગુજરાતીનું આ પુસ્તક 'ફરજિયાત'પણાના ભારથી મુક્ત રહીને સાચુકલી વિદ્યાયાત્રા બની રહે એવી શુભેચ્છા.

એકમ 1

# આઠમું દિલ્હી

- કૃષ્ણલાલ શ્રીધરાણી


રૂપરેખા

1.1 ઉદ્દેશો

1.2 પ્રસ્તાવના

1.3 કૃતિ (કાવ્ય)

1.4 કૃતિનો સારાંશ

1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

(અ), (બ), (ક)

1.6 વસ્તુલક્ષી કસોટી

1.7 લેખન પ્રવૃત્તિ

1.8 વિશેષ અધ્યયન

- કવિ પરિચય

- સ્વરૂપ પરિચય

- વિશેષ વાચન

- ટિપ્પણ


## 1.1 ઉદ્દેશો :

આ કાવ્યના અભ્યાસ દ્વારા તમે -

- નગરકાવ્ય 'દિલ્હી'ની ગઈકાલ અને આજ વિશે જાણશો.
- નગરચેતના સાથે કવિચેતનાનું અનુસંધાન માણશો.
- કવિની દૃષ્ટિએ નાગરિકના શુદ્ધ વિવેકની અપેક્ષા વિશે જાણશો.
- ઇતિહાસની પૃષ્ઠભૂમિ પર વર્તમાનનું ચિંતન અનુભવશો.
- વિચારથી સભર ઇતિહાસદૃષ્ટિ અને ઇતિહાસથી સભર કવિદૃષ્ટિનો પરિચય થશે.
- દેશની રાજધાની અને શાસકોની આસપાસની અરાજકતા વિશે કવિની વ્યંગવાણીનો પરિચય થશે.
- કૃષ્ણલાલ શ્રીધરાણીની કવિતાના ભાવવિશ્વની અપૂર્વ કહી શકાય એવી અભિવ્યક્તિને માણશો.

## 1.2 પ્રસ્તાવના :

ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ના સમકાલીન અને તે સમયની, ગાંધીયુગની કાવ્યરીતિથી જુદા પડતા કવિઓમાં અગ્રણી એવા શ્રીધરાણી પોતાની કાવ્યરીતિથી જુદા પડે છે. નોંધપાત્ર કહી શકાય તેવું તેમનું પ્રદાન છે. 'આઠમું દિલ્હી' કાવ્ય તેમની કવિતામાં મોખરાનું સ્થાન ધરાવતી કવિતા છે. છેક પ્રાચીનકાળથી ભારતની શાસન વ્યવસ્થામાં કેન્દ્રસ્થાને રહેલા દિલ્હી વિશેની આ કવિતામાં ઇતિહાસ છે, સમયની સમીક્ષા છે, રાજકારણની સૂઝ, સમજ અને અરાજકતાનું

અવલોકન છે. સફળ પત્રકાર શ્રીધરાણીના પત્રકારત્વને અહીં કાવ્યદીક્ષા મળી છે. નાગરિકનો અવાજ કાવ્યપદાવલિ રૂપે આવે છે. 'આઠમું દિલ્હી' કાવ્ય શાસકોની પરંપરાની સમીક્ષા અને પ્રજાજીવનના પ્રવાહોની ગાથાનું કાવ્ય છે. સલ્તનતોની બાદશાહીને, શહેનશાહીની પરંપરાને સમયના ત્રાજવે તોલતો કાવ્યસૂર તેના ભાવકને વિચારતા કરે છે. આવતીકાલના દિલ્હી વિશે કવિએ પ્રગટ કરેલી ભવિષ્યવાણી સાચી પડતી આવી છે. દરેક કાળમાં પ્રસ્તુત એવું 'આઠમું દિલ્હી' ગુજરાતી કવિના નોખા-અનોખા મિજાજનું કાવ્ય છે.

## 1.3 કૃતિ

### આઠમું દિલ્હી

દિલ્હી દૂર નથી.
કો શૂર તણીય જરૂર નથી, મગદૂર નથી દિલ્હી ચઢવાને.
જીતનારના મ્હેલ વસે જેને જીત્યા'તા.
કર લેનારા કબરો નીચે;
કર દેનારા રાજ્ય કરે, ને વીંચે
આંખ ક્ષમાની, ભૂલી જે વર્ષો વીત્યાં'તાં.
દિલ્હી દૂર હતું, હા, દૂર હતું એક'દા.
દિલ્હી નૂર હતું કો ક્રૂર તણું ને, હા,
ચણાવનારાના નામ થકી મશહૂર હતું. પણ આ
વૃંદ-વાંસળી વાગી આજે જમનાજીને તીર
ચણનારા હાથો પર સંગીત રચી સુધીર.
સંગેમરમર જાળી જોતાં જાગી ઊઠે સ્પંદ,
ઊભરાવ્યા જે આંગળીઓએ પાણામાંથી છંદ.
જો, ફાટ્યું ત્યાં ગુંબજ શિવ !
છટક્યો ઈંડામાંથી જીવ !
સાચું ! ભવ્ય થશે ખંડેરો કો'દી આ જ
જતન કરી ચણીએ સાચવવા અદકું પ્રાપ્ત સ્વરાજ.
ભવિષ્યની કોદાળી જ્યારે નમશે
-નવી પેઢીઓ રટશે કે અવગણશે -
એક ચરુનો નકી  થશે ટંકાર.
રૂપિયા, પૈસા નયા નીકળશે;
ભાતભાતના સિક્કા મળશે;
નહિ જડશે તાજની છાપ;
કોસી નાથવા કાજે મૂકી મોટે પેટે કાપ.

થર પર થર ખડકાયા.
સાત વંશ તો સાત પ્રકરણે છે સપડાયા.
મહાગ્રંથ ઈતિહાસ તણો ને કોરા છે અધ્યાય.
સાત સલ્તનતો લથડી, નવને ભવિષ્ય ના દેખાય.

લૂ-ધક્કેલ્યાં પડ્યાં હાડકાં, મસ્તકહીન મિનાર.
મ્હેલાતોમાં મ્હેક માત્ર જ્યાં સૂતાં નર ને નાર.
અહીં પડ્યા ઇતિહાસ, અને ઇતિહાસી બન્ધન
વિદારવાના યત્ન. આંહી છે થનગન
અશ્વ હજાર તણાં ડગલાં જે સૂતાં ધરણી-મન.
ડુંગરનાં ધણ દોડી, ઊભરી કદમ અહીં અટકાવે.
ધરણી પડી સપાટ અહીં જ્યાં યવનો આવે.
દેશ રક્ષવા કાજ મોરચા પ્રથમ રચાતા
અહીં. ચાંદનીચૉકે જોતાં
સ્વર્ણ, સુંદરી, મદિરા તરસ્યાં સો સો લશ્કર.
લોહીનાં પુષ્કર
અહીં થઈ લડાઈ પુત્ર, પરદેશી વચ્ચે.
અસત્યને પણ આ સ્થળમાં ઊથલાવ્યું સચ્ચે.
કુરુક્ષેત્ર છે અહીં, પાણીપત પણ છે પાસે.
અહીંથી ભાગ્યા કૃષ્ણ ગોપી ગોપી કંકાસે.
''સ્વર્ગ અહીં છે !'' એમ કવિવર ધૂણતા ત્રણ ત્રણ વાર.
કળશ આંહી ભારતને ચડિયો; અહીં થયું હિન્દ ખુવાર.
અહીં મર્યા ગાંધી કે જેનાથી જીવે ભારતવર્ષ.
મુક્તિ મળી તો આગળ ધપવું એશિયાઈ ઉત્કર્ષ.
ગઈ કાલ તણી ધૂળ ઊડે, જામે.
ખાત હાડનું ખાઈ ખડ શક્તિ પામે.
નીલ ગાલીચો ન્હાનો રણમાં !
ભારત-દર્શન એક જ કણમાં !
ભૂત-ખભા પર ચડી ભાવિ ડોકિયાં કરતું.
મૂવું હતું તે કુતૂબ કૂદી બે વારા મરતું.

ગંગાએ કાશીને આપ્યું એક અનુપ મહત્ત્વ.
દિલ્હીએ જમાનામાં વેર્યાં ગંગાનાં સૌ તત્ત્વ.
જાત્રાનું સ્થળ સર્વશ્રેષ્ઠ આ, આવે વીર ચતુર;
વેપારીનાં આવે ઘોડા-પૂર;
અને કાશ્મીરી નૂર;
મીર દેશના દૂર.
સર્વવ્યાપ્ત સરકાર બિરાજે, કવિને કરતી ભાટ;
જંગલ છોડી દિલ્હી-કાંઠે યોગી માંડે હાટ;
પદવી છે, પહેરામણ છે, છે બિલ્લાં એક અનેક;
રાજ્યસભા છે, લોકસભા છે, ને જાવું જો છેક,
રચજો કવિતા, લખજો નાટક, કરજો રાજ્યપ્રચાર !

નવ દિલ્હીના આકાર !
ભવિષ્યની કોદાળી જ્યારે નમશે
- નવી પેઢીઓ રટશે કે અવગણશે
જો ત્યાં સુધીમાં વિશ્વ નહિ શૂનકાર-
એક ચરુનો નકી થશે ટંકાર.
રૂપિયા, પૈસા નયા નીકળશે;
ભાતભાતની મ્હોરો મળશે;
નહિ જડશે તાજની છાપ.
જડશે ચંદ્રક એક અનેક;
નહિ જડશે શુદ્ધવિવેક !

**- કૃષ્ણલાલ શ્રીધરાણી ('કોડિયા'માંથી)**

**1.4 કૃતિનો સારાંશ :**

'દિલ્હી વિશેની આ કવિતા જાણે સમગ્ર ભારતવર્ષની કવિતા છે. દેશની પ્રજાનાં ભાગ્ય અહીં યુગોથી લખાતાં આવ્યાં છે અને અહીંથી જનસામાન્યના જીવનપ્રવાહને વળાંક મળે છે. દિલ્હી દેશની રાજધાની હોવાના નાતે દેશનું દિલ છે. દિલ્હી પાસે ભવ્ય ઇતિહાસ છે. કવિ પાસે વૈભવનો વારસો છે અને ભૂતકાળનું ભાન છે. દેશના ઇતિહાસની વાત દિલ્હીથી શરૂ થાય છે અને દિલ્હીમાં જ દફન થઈ ગયેલો ઇતિહાસ છે. દિલ્હીને કાવ્યવિષય બનાવતા કવિની ચેતનામાં આગવું દર્શન છે. ઇતિહાસ બોધની સાથે ચિંતકનો સ્વર આપણને સંભળાય છે.

આ કવિતામાં ભૂતકાળનું દિલ્હી અને સ્વાતંત્ર્યોત્તર દિલ્હી સમીક્ષાની સરાણે ચઢે છે. સાત સાત સલ્તનતોના હાકલા-પડકારા-હુકમો, ફરમાનોનું સાક્ષી એવું આ દિલ્હી ભવ્ય મહેલાતો, મિનારાઓ, કુશળ કારીગરોએ ઉપસાવેલા નમૂનેદાર મહાલયોની ભવ્ય ગાથા છે. વૃંદાવન વાંસળી સૂરનું સ્થળ એવી યમુના, કુરુક્ષેત્ર, પાણીપત, ચાંદનીચૉક, કૃષ્ણ અને ગાંધીની કર્મભૂમિ અને ભારતના મર્મ-ધર્મ-કર્મના ઉદ્‌ભવ અને અરાજકતાના કાળના પ્રવાહમાં પોતાનો મોભો અને મહત્ત્વ સાચવ્યાં છે. ફરમાન કાઢનારાઓની કબરો પણ દિલ્હીમાં છે. તાજપોશી પામેલા તાનાશાહો, શહેનશાહોની સફળતા અને તબાહી પણ દિલ્હીએ જોઈ છે.

ગાંધીજી જેવા પુણ્ય શ્લોક મહાપુરુષના બલિદાનની આ ભૂમિમાં લોકશાહી શાસનની સ્થાપના થઈ છે. પ્રજાનું શાસન પ્રજા માટે હોય એવા કલ્યાણરાજ્યની કામના જરા પણ અસ્થાને નથી છતાં પદ, પ્રતિષ્ઠા અને ધન લોલુપતાના કારણે આઝાદી પછી વામણા માણસોએ, ટૂંકી દૃષ્ટિના લોકોએ દિલ્હીને સ્વાર્થની રાજધાની બનાવી દીધી છે. શુદ્ધ વિવેક ન હોય ત્યાં સત્તાના કેન્દ્રની આસપાસ બણબણતી માખી જેવા તક સાધુઓ, ખુશામત કરનારાઓની સંખ્યા વધતી જાય છે. ઈનામ - અકરામ - ચંદ્રકોની વહેંચણીથી અહમ્ પોષનારી અહંકારી શાસકોની રાજરમત પણ આ કવિતામાં સણસણતી સાંભળવા મળે છે.

ભૌતિકવાદનો ભસ્માસુર ફરી વળ્યો છે. ઉત્તમ કહી શકાય તેવી લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજ્યસભા અને લોકસભા જેવા નવીન રીતિના રાજ્ય દરબાર ભરાય છે. નવી દિલ્હીના આકાર-પ્રકારમાં પરિવર્તન આવતું રહે છે. ડેવલપમેન્ટનો આધુનિક અવતાર કુતુબમિનારની ટોચે પહોંચશે, પણ ચંદ્રકોના ખડકલાં થશે, ભાતભાતના ચલણી સિક્કા ચાલશે, ઘણું કાળગ્રસ્ત થશે; ઘણું નવું નવું નિર્માણ થશે. ભવિષ્યના શોધકને દિલ્હીની ધરતીમાંથી કહો કે ઇતિહાસમાંથી અનેક પ્રકરણો જડશે પણ શુદ્ધ વિવેક નહીં જડે એવો કવિનો અભિપ્રાય પ્રગટ થાય છે અને કાવ્ય પૂરું થાય છે આ કવિતા રચાયાના દાયકાઓ પછી જાણે આ કવિની વાણી સાચી પડી રહી છે એવું કોઈ પણ ભાવકને લાગ્યા વગર રહે નહિ તેવો દિલ્હીનો વર્તમાન છે.

### 1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**(અ)** 'દિલ્હી દૂર નથી' પંક્તિથી કાવ્યનો પ્રારંભ થાય છે. આજના સંદર્ભમાં આપણે કહી શકીએ કે દિલ્હી દૂર નથી, આજના દિલ્હીમાં લોકશાહીનું શાસન છે. કોઈ પણ સામાન્ય માણસ દિલ્હી સુધી પહોંચી શકે છે. આઝાદી આંદોલનનો સમય હતો ત્યારે સુભાષચંદ્ર બોઝે 'ચલો દિલ્હી'નો નારો આપ્યો હતો અગાઉ બાદશાહોનું શાસન હતું ત્યારે દિલ્હીનું તખ્ત અને તાજ પ્રજાની પહોંચ બહાર હતા. શહેશાહોના, વાઈસરોયના શાસનનો અંત આવી ગયો છે. લોકશાહીમાં લોકપ્રતિનિધિઓ જ શાસક તરીકે બિરાજે છે. લોકશાહીનો ઉદય થવાના લીધે સામાન્ય માણસ પ્રતિષ્ઠિત થયો છે.

**દિલ્હી દૂર હતું, હા, દૂર હતું એક'દા,**
**દિલ્હી નૂર હતું કો ક્રૂર તણું ને, હા,**
**ચણાવનારાના નામ થકી મશહૂર હતું,...**

આજે લોકશાહીમાં, શિલ્પ સ્થાપત્ય ચણાવનારના નામની નહિ પણ ચણનાર શિલ્પકારો, સ્થાપત્ય નિર્માણ કરનારની બોલબાલા છે. સામ્રાજ્ય સ્થાપકોએ રચેલા ભવ્ય મહેલોમાં આજે સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓ વસવાટ કરે છે. લોકશાહી શાસન વ્યવસ્થા એટલે યુગોની ગુલામીના કોચલાને ભેદીને બહાર આવેલું પ્રજાનું ચૈતન્ય. પ્રજાના આ નવચેતનની વાત કવિએ રૂપકાત્મક રીતે, અસરકારક રીતે રજૂ કરી છે :

**જો, ફાટ્યું ત્યાં ગુંબજ શિવ !**
**છટક્યો ઈંડામાંથી જીવ !**

આપણા પુરાણોમાં 'બ્રહ્માંડ' - વિશ્વને બ્રહ્મરૂપી અંડ આકારનું કલ્પેલું છે. પરતંત્રતાના કોચલાને ભેદીને બહાર આવેલો જીવ એટલે આપણો પ્રજાસમૂહ. સ્વતંત્ર ચેતના અને સ્વતંત્રતાએ આપેલી લોકશાહીનું પ્રાણતત્ત્વ દિલ્હીમાં પ્રગટ્યું.

**તમારી પ્રગતિ ચકાસો.**

'અ' વિભાગના અધ્યયનના આધારે નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) 'આજે દિલ્હી દૂર નથી.' - વિધાન સમજાવો.
(૨) દિલ્હીમાં સ્થાપત્યો ચણનારા કલાકારોની બોલબાલા છે.'- વિધાન સમજાવો.
(૩) દિલ્હીમાં અગાઉ કોનું શાસન હતું ?
(૪) 'છટક્યો ઈંડામાંથી જીવ' પંક્તિનો મર્મ સ્પષ્ટ કરો.

**(બ)** સ્વરાજ્ય જે પ્રાપ્ત થયું છે તેનું જતન કરવાનું છે. દિલ્હીની પરંપરા અને ઇતિહાસ ભવ્ય છે. સમૃદ્ધ છે. દિલ્હીના ઇતિહાસના મહાગ્રંથમાં ઘણી ગાથા ધરબાયેલી છે. સાત સાત સલ્તનતોના ચડાવ-ઉતાર, હજારો ઘોડાના ડાબલાંઓના ગગડાટનું સાક્ષી દિલ્હી. છેક મહાભારતકાળથી મોગલ શાસન સુધીનો તેનો રક્તરંજિત ઇતિહાસ છે. ભારતના ઘડતરનું સાક્ષી એવા દિલ્હીએ અનેક રંગો જોયા છે. ભવિષ્યની કોદાળી નમશે ત્યારે આ ઇતિહાસમાં ધરબાયેલો ભૂતકાળ ઉખળશે. ચાંદનીચૉક, પાણીપત અને કુરુક્ષેત્ર જેવાં સ્થળોમાં લશ્કરોની હડિયાપાટી અને યુદ્ધોની દાસ્તાન સાચવીને બેઠેલા દિલ્હીએ ભવ્ય મ્હેલાતો અને મિનારાઓનું સર્જન કર્યું છે. સર્જન-વિસર્જનની અસ્ખલિત, અવિરત ધારા વહેતી રહી છે. કૃષ્ણએ દિલ્હીથી સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. કૃષ્ણ (મોહન)થી મહાત્મા ગાંધી (મોહન) સુધીના પ્રતાપી પૂર્વજોની સ્મૃતિઓની સમૃદ્ધિથી છલોછલ દિલ્હીએ અનેક રંગો જોયા છે. સલ્તનતોના શાસનને અને બ્રિટીશ શાસકોના સત્તાને આ દિલ્હીએ ઊથલી પડતા જોઈ છે. અંગ્રેજોના અસત્યને ગાંધીના સત્યથી પરાસ્ત થતું દિલ્હીએ જોયું છે. દિલ્હીએ ગાંધીજીની શહાદત પણ જોઈ છે. 'અહીં મર્યા ગાંધી કે જેનાથી જીવે ભારતવર્ષ' દ્વારા કવિ ગાંધીજીના નેતૃત્વને, વ્યક્તિત્વને અંજલિ આપે છે. ગાંધીએ સ્વતંત્ર ભારત માટે સર્વસ્વ સમર્પણ કર્યું. લોકશાહી મૂલ્યોની સ્થાપના કરી. બંધારણીય આદર્શો પ્રમાણે ભારત વિકસે એવાં

પાયાનાં કાર્યો ગાંધીજી અને તેમના સમકાલીનોએ કર્યાં. કવિ ચેતનાનું સાત સાત સલ્તનત બાદનું આ આઠમું દિલ્હી, ગુલામીના કોચલાને તોડીને બહાર આવેલું દિલ્હી. જેના માથે જવાબદારી છે કે તે ભારતની આબાદી-આઝાદી સમૃદ્ધ રહે તે માટે લોકશાહી મૂલ્યને આબાદ રાખે. ભારતદર્શનના ભવ્ય પ્રતીક જેવું, ભારતની લઘુ આવૃત્તિ જેવું આ મહાનગર જાત્રાનું સર્વશ્રેષ્ઠ સ્થળ પણ કવિને જણાય છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

'બ'ના આધારે નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) કવિએ કયા ઇતિહાસ પ્રસિદ્ધ સ્થળોનો ઉલ્લેખ કર્યો છે ?

(૨) દિલ્હીએ શાસન પલટાના કેવા રંગો જોયા છે ?

(૩) અંગ્રેજ શાસનને પરાસ્ત કરવા ગાંધીજી પાસે કયું શસ્ત્ર હતું ?

(૪) દિલ્હી શેનું પ્રતીક છે ?

(૫) 'અહીં મર્યા ગાંધી કે જેનાથી જીવે ભારતવર્ષ' - પંક્તિનું અર્થઘટન તમારા શબ્દોમાં કરો.

**(ક)** 'સર્વવ્યાપ્ત સરકાર બિરાજે, કવિને કરતી ભાટ - જેવી પંક્તિથી કવિ સામ્પ્રત દિલ્હીની વાત કરે છે. વર્તમાન દિલ્હીની વ્યવસ્થા અને લોકોની વૃત્તિની અહીં વ્યંગ્યાત્મ ટીકા જોવા મળે છે. આજે બાદશાહનું તખ્ત કે તાજ નથી. રાજ્યસભા અને લોકસભા છે. સંસદનાં બે ગૃહોમાં જનપ્રતિનિધિઓ બિરાજે છે. સર્વવ્યાપ્ત એવી આ સરકારના મુખિયાઓની ખુશામત કરનારા, પોતાની સ્વાયત્તતા ગુમાવી ભાટાઈ કરનારા મળી જાય છે. સાધુનું કામ છે સાધના કરવાનું. પણ આ આઠમા દિલ્હીમાં, કહેવાતા સાધુઓ જંગલ છોડી દિલ્હીમાં આવીને દુકાન માંડી બેઠા છે. દાયકાઓ પૂર્વે લખાયેલી આ કવિતા આજના દિલ્હીના સંદર્ભમાં પણ કેટલી પ્રસ્તુત છે. 'કવિને કરતી ભાટ' - એમ કહી કવિ શ્રીધરાણી આજના સર્જકની સરકાર પરસ્તી અને ખુશામત કરવાની ટેવને ઉઘાડી પાડે છે.

**રચજો કવિતા, લખજો નાટક, કરજો રાજ્ય પ્રચાર !**

કવિનો આ કટાક્ષ વેધક છે. પદ મેળવવા, પદવી મેળવવા કે પુરસ્કૃત થવા માટે ચૂંટાયેલા શાસકોની નજરમાં રહેવા મથતા સર્જકો, કલાકારોને કવિએ અહીં આડેહાથ લીધા છે. લોકશાહીનું જતન કરવા માટે, લોકરુચિનું ઘડતર કરવા માટે, અસ્મિતાના ઉદ્ઘોષક એવા સર્જકે, કલાકારે પોતાનો શબ્દ, પોતાની કલા શાસકના ચરણોમાં કે ખુશામત માટે વાપરવા જોઈએ નહીં. કહેવાતા સાધુઓ કે સર્જકો પોતાની શબ્દચેતના કે જીવન સાધનાના માર્ગથી વિપરિત વર્તન કરીને શાસકોની તરફેણ કરે ત્યારે લોકશાહીનો શ્વાસ રૂંધાય છે. આવી સ્થિતિમાં ભવિષ્યને વિશે કવિ કહે છે :

**ભવિષ્યની કોદાળી જ્યારે નમશે...**

જો ભવિષ્ય સાવ સૂનકાર નહીં થયું હોય અને ખંડેર થયેલા આજના એટલે કે આઠમા દિલ્હીનું કોદાળી વડે ઉત્ખનન થશે ત્યારે, ભવિષ્યમાં નવી પેઢીને શું મળશે ? આ પ્રશ્નનો કવિએ આપેલો જવાબ વેધક છે :

**રૂપિયા, પૈસા નયા નીકળશે;**
**ભાતભાતની મ્હોરો મળશે;**
**નહિ જડશે તાજની છાપ.**
**જડશે ચંદ્ર એક અનેક**
**નહિ જડશે શુદ્ધવિવેક !**

ભાવિ પેઢીને આજનું દિલ્હી ઇતિહાસમાં ગરક થઈ ગયું હશે ત્યારે, દિલ્હી વિશે સંશોધન કરશે ત્યારે ઘણું મળશે, ચંદ્રકો, મ્હોરો અને ચલણી સિક્કાઓ મળશે પણ શુદ્ધવિવેક નહિ મળે. સારાસારનો વિવેક ગુમાવી ચુકેલી પ્રજા વિશે કવિનો આ ઉદ્ગાર છે.

આમ, પાંચ હજાર વર્ષની પરંપરા અને શાસકો-પ્રજાઓ વચ્ચેની દીર્ઘયાત્રાના પ્રલંબ ઈતિહાસને કવિએ રજૂ કર્યા બાદ આઠમા દિલ્હીમાં શ્વસતી જનચેતનાના સત્વહીન વાણી-વર્તન અંગેના વેધક કટાક્ષમાં કાવ્ય વિરમે છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

'ક' વિભાગમાં આપેલ અધ્યયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) 'સર્વવ્યાપ્ત સરકાર બિરાજે, કવિને કરતી ભાટ' - પંક્તિ સમજાવો.

(૨) જડશે ચંદ્રક એક અનેક;
નહિ જડશે શુદ્ધ વિવેક ! - પંક્તિનો અર્થ સમજાવો.

## 1.6 વસ્તુલક્ષી કસોટી

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે (√) (×) નિશાની દ્વારા જણાવો.

(૧) આઠમું દિલ્હી કવિતાના કવિ પ્રહ્‌લાદ પારેખ છે.

(૨) 'આઠમું દિલ્હી' કવિતામાં 'ભવિષ્યની કોદાળી જ્યારે નમશે' પંક્તિ બે વખત આવે છે.

(૩) યોગીઓ જંગલ છોડી, દિલ્હીમાં આવી વ્યવસાય કરવા લાગ્યા છે.

(૪) આ કવિતામાં સરકારની ટીકા કરનાર કવિઓ વિશે કવિએ પ્રશંસા કરી છે.

(૫) આજની જનતા માટે દિલ્હી દૂર છે.

**સ્વાધ્યાય**

નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) 'આઠમું દિલ્હી' - કવિતા તમારા શબ્દોમાં સમજાવો.

(૨) 'આઠમું દિલ્હી' - કવિમાં વ્યક્ત થયેલી દિલ્હીની ગઈકાલ.

(૩) આજના દિલ્હી વિશે 'આઠમું દિલ્હી'માં કવિએ વ્યક્ત કરેલો કટાક્ષ

## 1.7 લેખન પ્રવૃત્તિ

(૧) એકવીસમી સદીનું દિલ્હી - વિષય પર તમારા અભ્યાસ, સમજ અને જાણકારીના આધારે દીર્ઘ અભ્યાસલેખ તૈયાર કરો.

(૨) આજના દિલ્હીની રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિષય પર નોંધ કરો.

## 1.8 વિશેષ અધ્યયન

- **કવિ પરિચય :** કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૬-૯-૧૯૧૧ થી ૨૩-૭-૧૯૬૦)

'આઠમું દિલ્હી' કાવ્યના કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી ગાંધીયુગના અગ્રણી કવિઓ પૈકીના એક છે. સૌરાષ્ટ્રમાં આવેલા ભાવનગર પાસેના ઉમરાળા ગામમાં ઈ.સ. ૧૯૧૧માં તેમનો જન્મ થયો. સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં તેમણે સર્જન કર્યું છે. 'કોડિયાં' અને 'પુનરપિ' તેમના કાવ્યસંગ્રહ છે. ગાંધીજીના જીવન-કાર્યથી પ્રભાવિત આ કવિએ 'દાંડીકૂચ' વિશે પણ કાવ્ય લખ્યું છે. ગાંધીજી ઉપરાંત ટાગોરની કવિતાનો પણ આ કવિ પર પ્રભાવ છે. 'વડલો' 'મોરનાં ઈંડાં' 'પિયો ગોરી' જેવાં નાટકો પણ તેમણે આપ્યાં છે. 'મોહન પગલાં', 'સ્વરાજ રક્ષક', 'સર્જકશ્રેષ્ઠ આંગળાં', 'આ જ મારો અપરાધ છે રાજા' જેવાં તેમનાં કાવ્યો ખૂબ જાણીતાં છે. અંગ્રેજીમાં પણ તેમણે લેખનકાર્ય કર્યું છે.

'વૉર વિધાઉટ વાયોલન્સ', 'માય ઈન્ડિયા, માય અમેરિકા', 'ધ મહાત્મા એન્ડ ધ વર્લ્ડ', 'જનરલ નોલેજ એન્સાઈકલોપીડિયા', 'સ્ટોરી ઓવ ધી ઈન્ડિયન ટેલિગ્રાફ', 'સાયકલ ફ્રોમ કશ્મીર', 'ધ જર્નાલિસ્ટ ઈન ઈન્ડિયા' જેવાં અંગ્રેજી પુસ્તકો પણ તેમણે આપ્યાં છે.

ભાવનગરની દક્ષિણામૂર્તિ, ગૂજરાત વિદ્યાપીઠ અને વિશ્વભારતી શાંતિનિકેતન જેવી મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપતી સંસ્થાઓમાં તેમણે અભ્યાસ કર્યો હતો. દાંડીકૂચમાં ભાગ લઈ ધરપકડ વહોરનાર આ કવિનું અવસાન ૧૯૬૦માં થયું હતું.

- **સ્વરૂપ પરિચય :**

'આઠમું દિલ્હી' ખંડકાવ્ય છે. ખંડકાવ્યમાં કોઈ એક પ્રસંગનું આલેખન થાય છે. ઇતિહાસ પ્રસિદ્ધ વિષય કે મહાકાવ્યના કોઈ એકાદ પ્રસંગને લઈ ખંડકાવ્યની રચના કરવાનું વલણ સહજ રીતે વિકસ્યું છે. આપણી કવિતામાં ખંડકાવ્યનો આરંભ કરનાર સર્જક તરીકે કવિ કાન્તનું વિશિષ્ટ સ્થાન છે. ખંડકાવ્યમાં આદિ, મધ્ય અંતનું સુસંકલન જરૂરી છે. પ્રસંગના આલેખનમાં અનુભૂતિનું સાતત્ય કવિતાને વિશિષ્ટ આકાર આપે છે. જીવન કે અનુભવના કહો કે અનુભૂતિના એકાદ ખંડનું માર્મિક, કાવ્યાત્મક આલેખન ખંડમાં અખંડનું દર્શન કાવ્યને ચિરંજીવ બનાવે છે. ભાવ, ભાવનાનો સંઘર્ષ ખંડકાવ્યમાં જરૂરી છે. 'આઠમું દિલ્હી' ખંડકાવ્યનું વિષયવસ્તુ નવું છે. ઇતિહાસ પ્રસિદ્ધ કે મહાકાવ્ય આધારિત વિષયવસ્તુના બદલે કવિએ દિલ્હી નગરની ઐતિહાસિકતાને વિચારોત્તેજક અભિવ્યક્તિ દ્વારા નવીન દૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. કવિની ચેતનાનું આ સુફળ છે.

- **વિશેષ વાચન**

અર્વાચીન ગુજરાતી કવિતામાં ખંડકાવ્યનું વિશિષ્ટ સ્થાન છે. કાન્તના ખંડકાવ્યો મેળવીને વાંચો. કલાપી રા.વિ. પાઠક, સુન્દરમ્, ઉમાશંકર જોશી, સુંદરજી બેટાઈ. પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, આદિ કવિઓનાં ખંડકાવ્યોની યાદી બનાવો અને અભ્યાસ કરો.

- **ટિપ્પણી :**

વૃંદ વાંસળી વાગવી = લોકસમૂહનો અવાજ

લોહીનાં પુષ્કર = લોહીનાં તળાવ

મ્હેલાતો = આલીશાન મકાનો

વિદારવાના યત્ન = તોડવાના પ્રયત્ન

ભવિષ્યની કોદાળી = ભવિષ્યના અવશેષ

મસ્તકહીન મિનાર = ખંડેર થઈ ગયેલ મકાન,

જર્જરિત થઈ ગયેલ સ્થાપત્ય.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

એકમ 2

# આંધળી માનો કાગળ

- ઈન્દુલાલ ગાંધી

2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 કૃતિ

2.4 કૃતિનો સારાંશ

2.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

2.6 વિવિધલક્ષી પ્રવૃત્તિ

- સ્વ અધ્યયન

- વિશેષ અધ્યયન

## 2.1 ઉદ્દેશો

- આ કવિતા દ્વારા તમે કવિ ઇન્દુલાલ ગાંધીના સર્જક વ્યક્તિત્વથી પરિચિત થશો.
- માતા-પુત્રના જીવનસંઘર્ષની ભાવવાહી કવિતાના અભ્યાસ દ્વારા સંવેદનશીલ મનુષ્ય તરીકે આપણા હૃદયની માવજત થશે.
- કાવ્યના વિષયવસ્તુ અને અભિવ્યક્તિ રીતિથી પરિચિત થવાથી, કાવ્યરચના સમયનો યુગબોધ થશે.
- આંધળી માતાના પત્રનું કવિતા સ્વરૂપ માણવા મળશે.

## 2.2 પ્રસ્તાવના

'આંધળી માનો કાગળ' ઇન્દુલાલ ગાંધીની કવિતા છે. ગુજરાતી સાહિત્યમાં 'ગાંધીયુગ' તરીકે ઓળખાતા સમયમાં આ કવિતાની રચના થઈ છે. મહાત્મા ગાંધીજીના જીવન-કાર્યનો સઘન પ્રભાવ ગુજરાતી પ્રજાજીવન અને સાહિત્યકારો પર પડે છે. ભાવ-ભાષા-અભિવ્યક્તિમાં ગામડું, સાદગી, માનવ-સંબંધો, સેવા, સમર્પણ, ત્યાગ, બલિદાન, સાદગી જેવા જીવનમૂલ્યો અને માનવીય અભિગમ સાહિત્યના કેન્દ્રમાં આવે છે.

વતનથી દૂર, મુંબઈ જેવા મહાનગરમાં કમાવા ગયેલા દીકરાને તેની આંધળી માતા, ગામડેથી પત્ર લખે છે. માને પત્ર લખતા આવડતું નથી તેથી પુનમચંદના દીકરા પાસે લખાવે છે. કાવ્યશૈલીમાં લખાયેલો આ પત્ર હૃદયસ્પર્શી અભિવ્યક્તિ પામે છે. માતાની વ્યથા અને જીવન સંઘર્ષથી પરિચિત થતો ભાવક-વાચક માનવીય અભિગમ અને સંબંધને જીવનમૂલ્ય તરીકે પ્રમાણી શકે છે.

## 2.3 કૃતિ

### આંધળી માનો કાગળ

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત્<br>
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,<br>
ગગો એનો મુંબઈ ગામે;<br>
ગીગુભાઈ નાગજી નામે.

લખ્ય કે માડી ! પાંચ વરસમાં પ્હોંચી નથી એક પાઈ<br>
કાગળની એક ચબરખી પણ, મને મળી નથી ભાઈ !

સમાચાર સાંભળી તારા;
રોવું મારે કટલા દા'ડા?

ભાણાનો ભાણિયો લખે છે કે, ગગુ રોજ મને ભેળો થાય
દન આખો જાય દા'ડિયું ખેંચવા રાતે હોટલમાં ખાય,
નિત નવાં લૂગડાં પે'રે
પાણી જેમ પઈસા વેરે.

હોટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચીખૂટનું માપ
દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી બાપ!
કાયા તારી રાખજે રૂડી;
ગરીબની ઈ જ છે મૂડી.

ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ
જારનો રોટલો જડે નહિ તે દી પીઉં છું એકલી છાશ,
તારે પકવાનનું ભાણું
મારે નિત જારનું ખાણું.

દેખતી તે દી દળણાં, પાણી કરતી ઠામેઠામ
આંખ વિનાનાં આંધળાંને હવે કોઈ ન આપે કામ.
તારે ગામ વીજળીદીવા,
મારે આંહીં અંધારાં પીવાં.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર
હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો.

**- ઈન્દુલાલ ગાંધી**

## 2.4 કૃતિનો સારાંશ

'આંધળી માનો કાગળ' ઈન્દુલાલ ગાંધીનું ગીત છે. આ ગીત એક પત્રકાવ્ય છે. મુંબઈ જેવા શહેરમાં રહેતા પુત્રને વતનમાં, ગામડે રહેતી માતાએ પત્ર લખ્યો છે. પત્ર, ગામના શેઠ પુનમચંદના દીકરા પાસે લખાવ્યો છે. ગીગુભાઈ નાગજી નામના પુત્રને સંબોધીને લખાયેલા આ પત્રમાં માએ પુત્ર પ્રત્યની પોતાની ચિંતા, મુંબઈ શહેરમાં શરીરનું જતન કરી, કરકસર કરી રહેવાની શિખામણ વ્યક્ત કરી છે. પાંચ વરસથી મુંબઈ રહેતા પુત્રએ માને એક પૈસો મોકલ્યો નથી તેથી મા છેક પાંચ વર્ષે પોતાની કથળતી શારીરિક પરિસ્થિતિના કારણે પડતી હાડમારી, આર્થિક પાયમાલી અને ગુજરાન ચલાવવામાં મુશ્કેલીની વ્યથા ઠાલવે છે. પત્રમાં ઠલવાયેલી આ વ્યથાનો સૂર આપણી સંવેદનશીલતાને સક્રિય કરે છે. ગુજરાતના કોઈપણ ગામડામાંથી મુંબઈ રોજીરોટી રળવા જતા, મથતા કોઈ પણ યુવાન અને તેના વતનમાં રહેલા પરિવારના આંતરબાહ્ય સંઘર્ષની તસવીર આ કવિતાને સર્વાનુભવની કવિતા બનાવે છે.

## 2.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

**ભૂમિકા :** 'આંધળી માનો કાગળ' શીર્ષકથી જ ભાવકનો કવિતામાં પ્રવેશ સંવેદનાપૂર્વક થાય છે. જનેતા આંધળી હોય અને તેને પત્ર લખવાનો પ્રસંગ આવે કે સંજોગો આવે તે કાવ્યનું વિષયવસ્તુ બને છે. પરસ્પર પત્રવ્યવહાર થતો એ જમાનાની આ કવિતા છે. અંગત લાગણીની અભિવ્યક્તિ માટે, ખબર-અંતર પૂછવા માટે સૌથી સરળ, સહજ, સુલભ અને હાથવગુ સાધન એટલે પત્ર. લેન્ડ લાઈન ફોન, મોબાઈલ કે વોટ્સએપ જેવા અત્યાધુનિક ઉપકરણો ન હતા ત્યારે દૂર દેશ-દેશાવર વસવાટ કરતા સ્વજનના ખબર-અંતર જાણવા માટે પત્ર ઉત્તમ માધ્યમ હતું. આજે આ કવિતા વાંચીએ, ભણીએ છીએ એ સમયમાં, એકવીસમી સદી બે દાયકા પસાર કરવામાં આવે છે તેવા દિવસોમાં પત્ર લખવો, (કાગળ લખવો) એ એક માત્ર, સર્વથા સુલભ એવું સાધન હતું. ગામડામાંથી શહેરમાં રોજીરોટી માટે નાનું મોટું કામ કરવા કે મજૂરી કરવા જતા યુવાન દીકરાનો વિરહ માતાને હોય તે સ્વાભાવિક છે.

કવિતાનું વિષયવસ્તુ, દેશકાળનો પણ સંકેત કરે છે. એવો સમય હતો કે જ્યારે ગામમાં ભાગ્યે જ કોઈને વાંચતા લખતા આવડતું હોય. ટપાલ દ્વારા સંદેશો પહોંચાડવો હોય તો કોઈની પાસે ટપાલ લખાવવી પડે. ગાંધીયુગમાં લખાયેલી આ કવિતા, ગ્રામવિસ્તારમાં રહેતી આંધળી માતાના હૃદયની સાચુકલી ફરિયાદની કવિતા છે.

**કાવ્યનું વિષયવસ્તુ અને અભિવ્યક્તિ :**

મુંબઈ જેવા શહેરમાં, પેટિયું રળવા માટે, આજીવિકા મેળવવા માટે ગયેલા પુત્રને ડોશી કાગળ લખે છે. પત્ર દ્વારા પોતાની વાત પુત્ર સુધી પહોંચાડવા સિવાય કોઈ વિકલ્પ ગરીબ માતા પાસે નથી. ગામડે રહેતી જનેતાને લખતાં-વાંચતાં આવડતું નથી. પત્ર લખવા માટે કોઈ ભણેલાનો સહયોગ મળે તો જ વાત બને અને સહજ રીતે, બોલચાલની ભાષામાં કવિતાની શરૂઆત થાય છે :

**અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત્**
**પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,**
**ગગો એનો મુંબઈ ગામે;**
**ગીગુભાઈ નાગજી નામે.**

ગગો એટલે દીકરો. પુત્ર ગમે તેટલો મોટો થાય પણ માતાને માટે એ 'ગગો' જ હોય છે. ગીગુભાઈ નાગજી એનું નામ છે. પત્ર લખાવનાર માતાનું હૃદય અમૃતથી ભરેલું છે. વ્યથા અને હાલાકીનું બયાન કરતો આ પત્ર જનેતા દ્વારા લખાવાયેલો છે. જનેતાના હૃદયમાં અમૃત અને જીવનમાં સત્ત્વ, સત્ય સાગર જેટલું વિશાળ છે. એવી સતચરિત્ માતાનો, વાચકને સમ્યક્ પરિચય થઈ ગયા પછી માતાના મનમાં ભરેલી સાચુકલી ફરિયાદ, પત્રમાં વહી જાય છે. પૂનમચંદના પુત્ર પાનિયાને લખતા આવડે છે. મુંબઈ રહેતા ગગાને પત્ર લખાય છે.

પાંચ પાંચ વર્ષથી મુંબઈ રહેતા દીકરાએ એની જનેતાને એક પાઈ પણ મોકલી નથી. આના-પાઈનું ચલણ હતું. ત્યારની આ કવિતા છે. મુંબઈ રહેતો દીકરો ગામડે પૈસા મોકલે અને ક્યારેક, થોડા દિવસના અંતરે પત્ર લખે તેવી માતાની અપેક્ષા એ જમાના મુજબ સહેજ પણ વધુ પડતી કે અસ્વાભાવિક નથી. પાંચ વર્ષનો સમય ઓછો નથી. સંદેશા વ્યવહાર માટે પત્ર સિવાયનું કોઈ માધ્યમ સહજ રીતે ઉપલબ્ધ નથી એવા સમયમાં માનું હૃદય તીવ્ર વલોપાત અનુભવે છે. માતાને માત્ર પુત્રના પૈસાની જ પ્રતિજ્ઞા નથી, દીકરાની પણ ચિંતા છે. દીકરા વિશે બીજા લોકો પાસેથી જે કાંઈ સમાચાર સાંભળવા મળે છે તે સમાચાર માની ચિંતામાં વધારો કરનારા છે.

**સમાચાર સાંભળી તારા;**
**રોવું મારે કેટલા દા'ડા ?**

દીકરા વિશે કોઈને કોઈ વ્યક્તિ તો ખબર આપે જ. ઊડતી, સંભળાતી વળોમાં રાહત ઓછી અને સંતાપ વધારે હોય. ગામમાંથી મુંબઈ ગયેલા બીજા કોઈ યુવાનનો પત્ર આવે તો તેમાં આ દીકરાનો ઉલ્લેખ હોય ત્યારે દીકરા વિશે મળતા સમાચાર માતાની પીડાને અભિવ્યક્ત કરે છે. દીકરાની દિનચર્યા કે આજીવિકા વિશે બેખબર માતાને દીકરા વિશે મળતા સમાચાર માતાની વેદનામાં વધારો કરે છે.

**ભાણાનો ભાણિયો લખે છે કે, ગગુ રોજ મને ભેળો થાય દન આખો જાય દા'ડિયું ખેંચવા**
**રાતે હોટલમાં ખાય,**
**નિત નવાં લૂગડાં પે'રે**
**પાણી જેમ પઈસા વેરે**

ભાણાના ભાણિયા દ્વારા મળતા સમાચાર મુજબ ગગુ મુંબઈમાં રોજ તેને મળે છે. આખો દિવસ મજૂરી કરી, રાત્રે હોટલમાં જમે છે. નવાં લૂગડાં (કપડાં) સિવરાવે, પહેરે અને પૈસા પાણીની જેમ ખર્ચે છે. ગગુ વિશેના આ સમાચાર જાણીને ગગુની મા પત્રમાં પોતાની વ્યથા ઠાલવે છે. મા પત્રમાં સલાહ આપે છે કે હોટલમાં ઝાઝું ખાઈશ નહિ, ખરચો કરતી વખતે ધ્યાન રાખજે, બહારનું ખાઈને બીમાર પડીશ તો સારવાર માટે, દવા માટે આપણે પૈસા ક્યાંથી લાવીશું. ગરીબની મૂડી તેનું સ્વસ્થ શરીર છે.

**કાયા તારી રાખજે રૂડી;**
**ગરીબની ઈ જ છે મૂડી.**

મુંબઈ શહેરમાં રહેતા પુત્રને તેની આંધળી માતાએ પત્રમાં શરીરનું ધ્યાન રાખવાની જે સલાહ આપી છે તે દરેક દીકરા માટે સોનેરી સલાહ છે.

પાંચ પાંચ વર્ષથી મુંબઈ રહેતા પુત્રના પત્રની રાહ જોતી જનેતાની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. શરીર કથળતું જાય છે. શરીર કામ કરતું હતું ત્યાં સુધી લોકોના ઘરે કામ કરીને પણ ગુજરાન ચલાવતી માતા હવે વૃદ્ધાવસ્થામાં લાચારી અનુભવે છે.

ઘર-ખેતર વેચાઈ ગયા પછી કૂબામાં વાસ કર્યો છે પેટનો ખાડો પૂરવા માટે કપરો સંઘર્ષ વેઠનારી માતાએ સહન થાય ત્યાં સુધી તો સહન કર્યું છે. ખોરડું અને ખેતર વેચી દીધા પછી પણ જેમ તેમ દિવસો પસાર કરનારી માતા જુવારના રોટલાથી દિવસ ટૂંકો કરે છે. મુંબઈની હોટલમાં પકવાનનું ભાલું આરોગળાં દીકરાને માતા જણાવે છે.

**તારે પકવાનનું ભાણું**
**મારે નિત જારનું ખાણું**

વૃદ્ધવસ્થાના કારણે દુર્બળ શરીર અને આંખના અંધારાના કારણે જેના જીવનમાં અંધકાર છવાઈ ગયો છે તેવી માતાએ આંખમાં દૃષ્ટિ હતી ત્યાં સુધી તો લોકોના દળણાં, પાણીનું કામ કર્યું છે. ગાંધીયુગના ગામડામાં મીઠા પાણીના કૂવેથી પાણી ભરીને, ખાધેપીધે સુખી ઘરના લોકોને પાણી પહોંચડવાનું કે સુખી લોકોને હાથઘંટી પર અનાજ દળી આપવાના કામોની મજૂરી સાધારણ ઘરની ગણાતી મહિલાઓ કરતી. આંખોની રોશની ગુમાવ્યા પછી કોઈ કામ પણ આપતું નથી. તેથી આ ગીતમાં માડી જણાવે છે :

**દેખતી તે દિ' દળણાં પાણી કરતી ઠામેઠામ**
**આંખ વિનાના આંધળાને હવે કોઈ ન આપે કામ**

મુંબઈમાં ઝળહળતી રોશની, વીજળી દીવા વચ્ચે રહેતા, હોટલમાં જમવાનું માણતા, મહાલતા પુત્ર સમક્ષ પત્રમાં વ્યથા વર્ણવતી માતા માટે જીવતર દોહ્યલું થઈ ગયું છે. કૂબામાં જ નહિ જીવનમાં પણ અંધકાર છવાયાનો અનુભવ કરતી માતા માટે ભીખ માંગવા સિવાય કોઈ ઉકેલ બચ્યો નથી એમ જણાવવાનું પણ કેટલું પીડાદાયક છે. તે આ કવિતામાં સ્પષ્ટ જણાઈ આવે છે.

કાવ્યની પ્રથમ પંક્તિમાં પત્ર લખાવનાર માતાનો ઉત્તમોત્તમ પરિચય ભાવકને સાંપડે છે. જેનું હૃદય અમૃતથી ભરેલું છે અને સત્ સાગર જેટલું વિશાળ છે તેવી જનેતાનો આ પત્ર છે. પત્રમાં રહેલી વ્યથા, પુત્રની ખેવના, પુત્રના આહાર-વિહાર-રહેણકરણીની ચિંતામાં તેના માતૃત્વનો પરિચય છે. પોતાની મુશ્કેલીઓ તો પારાવાર છે પણ પારકા મુલકમાં કમાવા ગયેલા દીકરાનો એક પત્ર પણ નથી અને સાંભળેલી વાતો પરથી તેના વિશે થતી ચિંતાનું અહીં હૃદયસ્પર્શી આલેખન થયું છે. 'હવે નથી જીવવા આરો, આવ્યો ભીખ માગવા વારો' - સુધી જે માતાની સ્થિતિ પહોંચી છે તેને પુત્રના પૈસાની તો જરૂર છે પણ પુત્રની હાજરીની પણ એટલી જ જરૂર છે.

વિદ્યાર્થીમિત્રો !

'આંધળી માનો કાગળ' હૃદયસ્પર્શી સંવેદનગીત છે. માતૃહૃદયની અટારીએથી વ્યક્ત થતી વ્યથાનું આ અમર કાવ્ય છે. ગામડામાં રોજીરોટી કે રોજગારીની શક્યતાઓ ધૂંધળી હોય અથવા તો આર્થિક રીતે પ્રગતિ કરવી હોય કે બે પાંદડે થઈ કુટુંબને તારવું હોય, તેવા સંજોગોમાં કમાવા જેવડા થયેલા યુવાનો પોતાનું વતન-ગામ છોડીને મોટા શહેરમાં જાય તેમાં કશું અસ્વાભાવિક નથી. દેશના ખૂણેખૂણેથી પોતાનું નસીબ અજમાવવા મુંબઈ જેવા શહેરની વાટ પકડનાર યુવાનો આજે પણ હજારોની સંખ્યામાં મુંબઈમાં ઠલવાય છે. આ કાવ્યનું વિષયવસ્તુ સમજવા માટે આટલી ભૂમિકારૂપ વાતો જરૂરી છે. વતનથી દૂર રહેતા અને ધંધો - વ્યવસાય કે નોકરીમાં ખોવાઈ જતા યુવાનો વતનમાં માતા-પિતા સાથે સહજ રીત સંપર્ક સાધી શકતા નહિ. ફોન 'મોબાઈલ જેવા સંદેશાવ્યવહારના સાધનોની કલ્પના પણ શક્ય ન હતી એવા જમાનામાં માતા-પિતા - ભાઈ-બહેનના વિરહનો અનુભવ આપણા પૂર્વજોની અનેક પેઢીઓએ કર્યો છે. કાગળ પત્ર-ટપાલ સિવાય કોઈ એવું સાધન નહિ કે જે સ્વજન સુધી વાત પહોંચાડે. અને આખા ગામમાં લખતા-વાંચતા આવડતું હોય એવા બે-ચાર જણ ભાગ્યે જ  મળે ટપાલી તો દેવદૂત જેવો લાગે. હા ! એવો પણ એક સમય હતો ત્યારની આ કવિતા છે.

આ કવિતામાં માતાનું હૃદય તો ઠલવાયુ જ છે પણ આપણે તે સમયના સંદર્ભોને પણ જાણવાં-સમજવાના છે. આજના સમયમાં અંગત પત્રો લખવાનું દુર્લભ થઈ ગયું છે. આ કવિતામાં 'પત્રલેખન' તો કવિતાનું વિષયવસ્તુ છે પણ આપણે વિચારીશું તો જણાશે કે પત્રની દુનિયા કહો કે ભાવજગત કેટલું નિરાળું છે. ગાંધીજી - સરદાર - નહેરુ જેવા અગ્રણીઓ કે કાન્ત-કલાપી-મુનશી જેવા સર્જકોના પત્રોમાં કેટલું મબલખ જીવન ધબકે છે. પત્ર અભિવ્યક્તિનું અંગત - બિનંગત કે જાહેર બાબતોની અભિવ્યક્તિનું સર્વથા અસરકારક માધ્યમ છે તે પણ વિચારવું, સમજવું જોઈએ.

## 2.6 વિવિધલક્ષી પ્રવૃત્તિ

(૧) આ એકમના અંતે આપેલ કવિતા 'દેખતા દીકરાનો જવાબ' અવશ્ય વાંચો.

(૨) ગાંધીજી, સરદાર, નહેરુ, કાન્ત, કલાપી કે કનૈયાલાલ મુનશીએ લખેલા, પ્રકાશિત થયેલા પત્રો વાંચો.

(૩) દીકરી મરિયમના પત્રની રાહ જોતા પિતા કોચમેન અલી ડોસાની ધૂમકેતુએ લખેલી 'પોસ્ટ ઑફિસ' વાર્તા અવશ્ય વાંચો.

(૪) માતા-પિતા, મિત્ર કે નિકટના સ્વજનને તમારા જીવનનો યાદગાર પ્રસંગ પત્ર દ્વારા લખીને જણાવો.

**- સ્વઅધ્યયન**

(૧) 'આંધળી માનો કાગળ' કાવ્યનું વિષયવસ્તુ ચર્ચો.

(૨) મુંબઈમાં વસવાટ કરતા પુત્રને જનેતા કઈ બાબત કાળજી રાખવાનું કહે છે ?

(૩) આંધળી માની અવદશા વિશે તમારા શબ્દોમાં લખો.

**- વિશેષ અધ્યયન :**

'આંધળી માનો કાગળ' કવિતાના સર્જક ઈન્દુલાલ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી નજીક આવેલા 'મકનસર ગામમાં ૮મી ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ થયો હતો. મનુષ્ય જીવનને સર્વાશ્લેષી દૃષ્ટિકોણથી તેમણે કાવ્યનો વિષય બનાવ્યો છે. પ્રારંભે કરાંચીમાં કારકિર્દીની શરૂઆત કરી. દેશ આઝાદ થયા પછી રાજકોટ પરત ફર્યા અને પત્રકારત્ત્વમાં ખેડાણ કર્યું. રાજકોટમાં આકાશવાણી કેન્દ્રમાં સ્ક્રીપ્ટ રાઈટર તથા પ્રોડ્યુસર તરીકે સેવાઓ આપવાની સાથે 'ઊર્મિ' 'રોશની' જેવા સામયિકોનું સંપાદન, સહસંપાદન કર્યું.

કવિ તરીકે 'તેજરેખા' 'જીવનનાં જળ', 'શતદલ' 'પલ્લવી' 'ગોરસી' 'ઈંધણા' 'ઉન્મેશ' 'પલ્લવી' 'શ્રીલેખા' જેવા કાવ્યસંગ્રહોમાં તેમણે ગીત, ગઝલ, ભજન, કથાકાવ્ય અને અછાંદસ કાવ્યપ્રકારો આવ્યા છે. તેમની 'કેસૂડે રંગ લીધા', 'આવજે ના વહેલી', 'આંધળી માનો કાગળ' 'નોબત' 'અગ્નિફાળ' અને 'પગલાં જોતી' જેવી કાવ્યરચનાઓ જાણીતી છે.

ઈન્દુલાલ ગાંધીએ 'શશીવદન મહેતા'ના ઉપનામે ગીત અને નાટકો પણ લખ્યાં છે. 'અપંગ માનવતા' (૧૯૩૨), 'નારાયણી અને બીજાં નાટકો' (૧૯૩૨), 'પલટાતાં તેજ' (૧૯૩૧) જેવા સંગ્રહોમાં તેમની નાટ્ય રચનાઓ સંગ્રહાયેલી છે. ૧૦-૧-૧૯૮૬ના રોજ તેમનું નિધન થયું. ગાંધીયુગના ગુજરાતી સર્જકોમાં જીવનમૂલ્યનિષ્ઠ સાહિત્ય રચનાઓ દ્વારા તેઓ આદરપાત્ર સ્થાન ધરાવે છે.

- **વિશેષ વાચન :**

વિદ્યાર્થીમિત્રો !

તમે 'આંધળી માનો કાગળ'નો અભ્યાસ કર્યો. માનો પત્ર વાંચીને દીકરાએ આપેલો જવાબ પણ કવિ ઈન્દુલાલ ગાંધીએ કલ્પ્યો છે. 'દેખતા દીકરાનો જવાબ' પણ ' આંધળી માનો કાગળ'ના અનુસંધાનમાં વાંચવા જેવી છે. આ કવિતા વિશેષ વાચન તરીકે અહીં સમાવીએ છીએ.

### દેખતા દીકરાનો જવાબ

ફાટ્યાં-તૂટ્યાં જેને ગોદડી ગાભાં, આળોટવા ફૂટપાથ,
આંધળી ડોશીનો દેખતો દીકરો, કરતો મનની વાત.
વાંચી તારાં દુઃખડાં માડી ! ભીની થઈ આંખડી મારી.

પાંચ વરસમાં પાઈ મળી નથી, એમ તું નાખતી ધા,
આવ્યો તે દિ'થી આ હોટલને ગણી, માડી વિનાના 'મા'
બાંધી ફૂટપાયરી જેણે, રાખ્યો રંગ રાતનો એણે !

ભાણિયો તો માડી ! થાય ભેળો જે દિ'મિલો બધી હોય બંધ,
એક જોડી મારાં લૂગડાંમા, એને, આવી અમીરીથી ગંધ ?
ભાડે લાવી લૂગડાં મોંઘા, ખાતો મારા દાળિયા સોંઘા.

દવાદારૂ આંહી આવે ન ઢૂંકડા, એવી છે કારમી વેઠ,
રાત ને દિવસ રળું તોય મારું, ખાલી ને ખાલી પેટ,
રાતે આવે નીંદર રૂડી, મારી કને એટલી મૂડી.

જારને ઝાઝા જુહાર કે'જે, ઊડે આંહી મકાઈનો લોટ,
બેસવા પણ ઠેકાણું ના મળે, કૂબામાં તારે શી ખોટ ?
મુંબઈથી મેડીયું મોટી, પાયામાંથી સાવ છે ખોટી.

ભીંસ વધીને ઠેલંઠેલા, રોજ પડે હડતાળ,
શે'રના કરતા ગામડામાં, મને દેખાય ઝાઝો માલ,
નથી જાવું દાડિયે તારે, દિવાળીએ આવવું મારે.

કાગળનું તારે કામ શું માડી ! વાવાડ સાચા જાણ,
તારા અંધાપાની લાકડી થાવાના, મેં લીધા પચખાણ,
હવે નથી ગોઠતું માડી, વાંચી તારી આપદા કાળી.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

**એકમ 3**

# જે જાય છે તે

- વીનેશ અંતાણી

3.1 ઉદ્દેશો

3.2 પ્રસ્તાવના

3.3 કૃતિ

3.4 કૃતિનો સારાંશ

3.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

3.6 લેખન પ્રવૃત્તિ

3.7 સ્વ અધ્યયન

3.8 વિશેષ અધ્યયન

## 3.1 ઉદ્દેશો

આ વાર્તાના અભ્યાસ દ્વારા તમે

- આધુનિકતા પછીના સમયની વાર્તાનો અભ્યાસ કરી વીસમી સદીના અંતિમ દાયકાની વાર્તાઓ વિશે જિજ્ઞાસાપૂર્વક સક્રિય થશે.
- વીનેશ અંતાણીના સર્જક વ્યક્તિત્ત્વથી પરિચિત થશો.
- સંબંધ અને સંવેદનમૂલ્ય ધરાવતી વાર્તાના વિષયવસ્તુ અને ભાવજગતથી સમૃદ્ધ થશો.
- દિવંગત સંતાનની સ્મૃતિની અભિવ્યક્તિ તરીકે વાર્તાને અવલોકી શકશો.

## 3.2 પ્રસ્તાવના :

નવલકથા અને નવલિકાના સાહિત્ય સ્વરૂપમાં વીનેશ અંતાણીનું ઉલ્લેખનીય પ્રદાન છે. આપણા અભ્યાસક્રમમાં લેવામાં આવેલી વાર્તા 'જે જાય છે તે' તેમના 'રણઝણવું' વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવી છે. વીનેશ અંતાણીની વાર્તાઓનું વિષયવસ્તુ વૈવિધ્યમાં ભાવનાઓ કેન્દ્ર સ્થાને છે. માનવ સ્વભાવ અને માનવ સંબંધોનું ઊંડુ નિરીક્ષણ અને લાગણીઓનું નાજુક નકશીકામ તેમની વાર્તાઓને આગવો કલાઘાટ આપે છે. 'જે જાય છે તે' સંબંધની વાર્તા છે. બે બહેનપણીમાંથી એકનું અવસાન થઈ ગયા પછીના સંબંધની વાર્તા છે. સ્મૃતિ અને લાગણીના.

## 3.3 કૃતિ

સાંજે ઑફિસથી પાછો આવ્યો ત્યારે બેડ રૂમમાં પલંગ પર કંકોતરી પડી હતી. મેં કંકોતરી ઉપાડી, ગિરાનાં લગ્ન હતાં. તારીખ જોઈ. ચાર દિવસ પછી રવિવારની સાંજે. કંકોતરી પલંગ પર મૂકીને કોઈને શોધતો હોઉં તેવી રીતે આજુબાજુ જોવાઈ ગયું. કમરામાં કોઈ નહોતું, સરિતા પણ નહીં. કદાચ મારા માટે પાણી લેવા ગઈ હશે. મારી નજર પલંગ પર પડેલી કંકોતરી પર સ્થિર ગઈ. સરિતા કદાચ બાજુના કમરામાં ઊભી હશે અને મને કંકોતરી વાંચતો કલ્પી રહી હશે.

આખા દિવસના થાકનો હુમલો થયો હોય તેમ હું પલંગ પર જ ફસડાઈ પડ્યો. ઊતરતા ચોમાસાનું એક ઝાપટું થોડી વાર પહેલાં જ વરસી ગયું હતું. આકાશ હજી પણ ઘેરાયેલું હતું. સખત ગરમી થતી હતી. સરિતા પણ ઘરમાં ન હોય તેવી શાંતિ છવાયેલી હતી. એને બોલવવાની હિંમત ન ચાલી. હું બારી પાસે ગયો. બહાર છાંટા પડવા લાગ્યા

હતા. આગળના ઝાપટાથી ભીંજાઈ ચૂકેલાં વૃક્ષો અને અગાશી પરથી પાણી ટપકવા લાગ્યું હતું.

બારીના સળિયા પર કપાળ ટેકવી દીધું. જરા દૂર સામે રસ્તો હતો. ત્યાં એક સ્કૂટર ઊભું રહ્યું. વર્મા સ્કૂટર પર હતા. એમની પંદરેક વર્ષની દીકરી પિન્કી પણ સાથે હતી. પિન્કી સ્કૂટર પરથી ઊતરી. વર્મા સાથે કશીક વાત કરી અને દોડતી ચાલી ગઈ. સ્કૂટર પર બેઠેલા વર્મા મોઢા પર હાથ ફેરવતા હતા. થોડી વારે પિન્કી આવી. એ પોતે રેઈનકોટ પહેરી આવી હતી અને વર્મા માટે પણ રેઈનકોટ લાવી હતી. વર્માએ રેઈનકોટ પહેરી લીધો પણ કૅપ પહેરવી ભૂલી ગયા. પિન્કી હસવા લાગી. વર્માએ માથું નમાવ્યું. પિન્કીએ કૅપ પહેરાવી દીધી અને પપ્પાના ગાલ પર હળવી ટપલી મારી. પછી સ્કૂટર પર બેસી ગઈ. સ્કૂટર ચાલ્યું ગયું.

એક નાનકડી ઘટના બની જાણે ! હું મારા ગાલ પર હાથ ફેરવવા લાગ્યો અને બારી પાસેથી દૂર ખસી ગયો.

સરિતા ક્યાં ગઈ ? એ બાજુના કમરામાં પણ નહોતી. રસોડામાં પણ નહોતી. હું ઘરે પાછો આવ્યો ત્યાર પછી એ કશું બોલી પણ નથી. અત્યારે ઘરમાં નથી. મારી નજર વરંડામાં પડી, એ ત્યાં બદામના ઝાડ નીચે ઊભી છે. વરસાદને લીધે બદામ પરથી પાણી ટપકે છે છતાં પણ એ ત્યાં ઊભી છે અને ક્યાંક દૂર જોઈ રહી છે. આ બદામનું ઝાડ વાચાએ વાવ્યું હતું તે વાત એને અત્યારે યાદ આવતી હશે ?

'સરિતા...!' મેં હળવી બૂમ પાડી.

સરિતાએ મોઢું ફેરવ્યું. એના વાળ પર થઈને આખા મોઢા પર રેલા ઊતરતા હતા. એ ત્યાંથી ખસી નહીં.

'અંદર આવ. ત્યાં શા માટે ઊભી છે ?'

સરિતાએ સાડીના પાલવથી મોઢું લૂછ્યું. મેં બોલાવી તે પહેલાં કોઈક દૃશ્ય એની આંખ સામે હતું અને મારા અવાજથી જાણે ડહોળાઈ ગયું હતું. એ ધીરે ધીરે ઘરમાં આવી.

'ચા પીવી છે, સરિતા.' મેં કહ્યું.

'બનાવી લાવું.'

'ત્યાં સુધી હું નાહી આવું.'

સરિતા રસોડામાં ગઈ અને હું બાથરૂમમાં ચાલ્યો ગયો. શાવર નીચે ઊભા રહીને મેં શાંતિ મેળવવાનો પ્રયત્ન કર્યો. ચારે તરફ પાણી પાણી જેવું થઈ ગયું હતું. બહાર રસ્તા પર, બદામના ઝાડ નીચે, મારી અને સરિતાની અંદર પણ જાણે વરસાદ વરસતો હતો. હઠપૂર્વક બાંધી રાખેલું આકાશ ફરી એકવાર અચાનક છૂટી ગયું હતું અને -

બહાર આવ્યો ત્યારે સરિતા ટેબલ પર ચાની કીટલી મૂકતી હતી. એ નાસ્તો કાઢવા જતી હતી, પણ મેં ના પાડી.

'ભૂખ નથી.'

સરિતાએ મારી સામે જોયું. મારી વાત સાચી માનતી ન હોય કે મેં જે કહ્યું તે સાંભળ્યું જ ન હોય તેમ એણે પ્લૅટમાં નાસ્તો કાઢ્યો. અમે ચા પીવા લાગ્યા.

'શું કર્યું આખો દિવસ ?'

કશીક વાત કરવાના પ્રયત્નરૂપે જ હું બોલ્યો હતો. સરિતા પણ મારા એ પ્રયત્નને સમજતી હોય તેમ હસવાનો પ્રયત્ન કરવા લાગી. મારા નિરર્થક પ્રશ્નનો કશો જ પ્રત્યુત્તર એણે આપ્યો નહીં.

હું અને સરિતા કશાકની વચ્ચે ઘેરાઈ ગયાં. રવિવારે ગિરાનાં લગ્ન છે તે યાદ આવ્યું. અજાણતાં જ ઊંડો નિઃશ્વાસ છૂટી ગયો. સરિતાની સામે જોવાઈ ગયું. બદામના ઝાડ નીચે ઊભી રહીને સાડીના પાલવથી એણે મોઢું લૂછ્યું હતું તે રીતે અત્યારે પણ એ મોઢું લૂછી

રહી હતી. કદાચ એના ગાલ પરથી અને તેની આંખોમાંથી હજી પણ પાણી સરતું હતું અને એ મોઢું લૂછી રહી હતી. કદાચ સાડીના પાલવ પાછળ મોઢું છુપાવવાનો પ્રયત્ન કરી રહી હતી. કદાચ મોઢું ઢાંકીને એ ક્યાંક દૂર નીકળી જવા માગતી હતી. મારાથી અને પોતાની જાતથી પણ દૂર... કોઈ એકાન્ત જગ્યામાં... એવી કોઈ જગ્યામાં જ્યાં કોઈ જ હોય... ત્યાં કોઈ સ્મૃતિ ન હોય... કશું જ બન્યું ન હોય અને હવે કશું જ બનતું પણ ન હોય...

મારી નજરમાં પણ એવું જ કોઈ કાલ્પનિક એકાન્તથી ભરેલું, નિર્જન સ્થળ ઊપસવા લાગ્યું. આ ક્ષણે હું ઘરમાં નહોતો, સરિતા સાથે બેસીને ચા પીતો નહોતો. હું ત્યાં હતો - ત્યાં... પણ બિડાઈ રહેલી મારી આંખોમાં ઊપસતા એ સ્થળમાં હું એકલો નહોતો. ત્યાં પણ વરસાદ વરસતો હતો. હું સ્કૂટર પર બેઠો હતો અને મારા નમેલા માથા પર કૅપ પહેરાવીને વાચાએ મારા ગાલ પર ટપલી મારી હતી.

મેં આંખ ઉઘાડી નાખી.

સરિતાએ મોઢા પરથી પાલવ ખસેડી નાખ્યો.

અમે બંને ફરી એકવાર સામસામે થઈ ગયાં.

હું ઊભો થઈ ગયો. વરસાદ અટકી ગયો. બહાર નીકળીને હું પણ પેલા બદામના ઝાડ નીચે ઊભો રહ્યો. બદામડી વાચાએ વાવી હતી તે સ્મૃતિની સભાનતા સાથે જ ત્યાં ઊભો રહ્યો અને થોડીવાર પહેલાં સરિતા જે તરફ જોઈ રહી હતી તે તરફ જોવા લાગ્યો. દૂર સુધી ઘાસ ઊગી ગયું હતું. એ તરફ આકાશ વધારે ગોરંભાયેલું હતું. ખુલ્લા ખેતરમાં ઊગેલા ઘાસની વચ્ચે લાંબી પગદંડી દેખાતી હતી. એ પગદંડી પરથી બે છોકરીઓ ચાલતી આવતી હતી. વાચા અને ગિરાની સ્કૂલે જવા માટેનો એ રસ્તો હતો. અહીંથી ટૂંકે માર્ગે બંને સ્કૂલે જતી-આવતી. સ્કૂલના યુનિફૉર્મમાં દૂરથી કોણ વાચા છે અને કોણ ગિરા છે તે કદી પણ ઓળખી શકાતું નહીં. તે સિવાય પણ બંનેને એક સરખાં કાપડ લેવાનો અને એક સરખી રીતે જ વાળ કપાવવાનો શોખ હતો.

દૂર ઘાસની વચ્ચે દેખાતી પગદંડી પર ચાલતી આવતી બે છોકરીઓમાંથી એકે મારા સામે હાથ ઊંચો કર્યો. પણ હું નક્કી ન કરી શક્યો કે એ વાચા હતી કે ગિરા ? ત્યાં એકાએક એ છોકરી ઊભી રહી. એ પાછી વળી અને દૂર જવા લાગી. બંનેની દિશા બદલાઈ ગઈ. એક આ તરફ આવતી હતી અને બીજી ઊંધી દિશામાં ફરીને પાછી જઈ રહી હતી. દૂર ચાલી ગયેલી છોકરી કોણ હતી તે હું જાણું છું. નજીક આવીને મારા સામે પ્રશ્નભરેલી નજરે ઊભી રહેલી ગિરા અચાનક મોટી થઈ ગઈ હતી અને ચાર દિવસ પછી એનાં લગ્ન હતાં... રવિવારે સાંજે...

દસ વર્ષ થઈ ગયાં છતાં કશું જ બાદ થઈ શકતું નથી. એક સાંજે અમે વાચાને અહીંથી લઈ ગયા હતા ત્યારે એ બાર વર્ષની હતી. તે પછી એ કદી પણ પાછી ફરી નહોતી. રાતના અંધકારમાં મોટા મોટા તણખા ઊડી ગયા હતા. થોડો તડતડાટ સંભળાતો હતો. હવામાં આગની જ્વાળા અને સળગતા લાકડાની ગંધ... તે પછી તો નદીના પ્રવાહનો અવાજ પણ ભળ્યો હતો. છેવટે અંધકારની વચ્ચે બુઝાવા લાગેલી આગની થોડી થોડી જ્વાળાઓ...

અમારા નિઃસ્તબ્ધ ઘરમાં તે પછી બીજું કશું જ બન્યું નહોતું. માત્ર સમય વહેતો રહ્યો હતો, બદામનું ઝાડ ઊંચું વધ્યું હતું અને ગિરા વારંવાર આવતી. તે સરિતાની આસપાસ મોટી થઈ ગઈ હતી. મન થાય તો ઘણીવાર એ અમારા ઘરમાં જ સૂઈ જતી - સરિતાને વળગીને. કૉલેજમાં વૅકેશન હોય ત્યારે બપોરે એ રોટલી બનાવતી અને સરિતાને જમાડતી. એની કોઈ વસ્તુની પસંદગી કરવી હોય તો પોતાની મમ્મીની સાથે સરિતાને પણ લઈ જતી. ઘણા સમયથી ગિરાએ સરિતાને આન્ટી કહેવાનું છોડી દીધું હતું. શક્ય હોય તો સંબોધન જ

ન કરતી. જરૂર પડે તો એ સરિતાને મમ્મી પણ કહી દેતી...

'શું કરો છો ?' સરિતાનો અવાજ સંભળાયો અને મને યાદ આવ્યું. હું કેટલીયે વારથી બદામના ઝાડ નીચે ઊભો રહ્યો હતો. - સ્થિર અને ખોવાઈ ચૂકેલો. આ વચ્ચે પણ સમય તો પસાર થયો જ હતો. વાદળાંથી ઘેરાયેલા આકાશમાંથી સાંજ ઓસરી ગઈ હતી અને હવે રાતનો અંધકાર હતો.

હું ઘરમાં પાછો આવ્યો. મને અંદર બોલાવી લીધો તે પછી નિશ્ચિત થઈ ગઈ હોય તેમ સરિતા રસોઈમાં વ્યસ્ત થઈ ગઈ. હું ડાઈનિંગ ટેબલની ખુરશી પર બેસી રહ્યો. અચાનક ઊભો થયો. બેડ રૂમમાં પડેલી ગિરાનાં લગ્નની કંકોતરી લઈને સરિતા પાસે ગયો. સરિતાએ પાછળ જોયું. એણે મને જોયો અને મારા હાથમાં રહેલી કંકોતરી જોઈ. તે પછીથી તરત જ નજર ફેરવીને એ ગૅસ સળગાવવા લાગી.

'કોણ આપી ગયું આ ?' મેં પૂછ્યું.

'ગિરા બપોરે આવી હતી.'

'એનાં લગ્ન છે - આપણને વાત પણ ન કરી ગિરાએ ?'

'અઠવાડિયાથી એ દેખાઈ પણ નહોતી. આજે જ આવી.'

'આ કંકોતરી આપવા માટે ?'

સરિતાએ હા પાડી.

'કશું બોલી ?'

ના... સરિતાએ માથું ધુણાવ્યું.

'પણ એનાં લગ્ન તો આવતા વર્ષે થવાનાં હતાં ને ?' મેં પૂછ્યું.

'હં...'

'તો ?'

સરિતાએ મારી સામે જોયું.

'ગિરાના સાસરામાં સંજોગો એવા ઊભા થયા. એની સાસુને કૅન્સર છે એટલે એ લોકો ઈચ્છે છે કે એમની હાજરીમાં જ ગિરા એમના ઘરમાં આવી જાય.'

મને કદાચ કોઈ વાત પર ગુસ્સો આવી રહ્યો હતો. શું હતું એ ?

'તમને મળવા પણ આવવાની છે.' સરિતાએ ઉમેર્યું.

'કોણ ?' પ્રશ્ન પૂછી લીધા પછી મને પણ નવાઈ લાગી કે મેં એવું શા માટે પૂછ્યું!

ત્યાં જ ડૉરબેલ વાગ્યો.

'ગિરા - બીજું કોણ ?' સરિતાએ કહ્યું, સરિતાએ કહ્યું, 'જાઓ, દરવાજો ઉઘાડો.'

હું ખસ્યો નહીં. બીજી વાર ડૉરબેલ વાગ્યો. સરિતા મને જોઈ રહી. હું હજી પણ ત્યાંથી ખસ્યો નથી તે જોઈને એ બહાર ગઈ. થોડીવારે સરિતાના અવાજ સાથે ગિરાનો અવાજ પણ સંભળાયો.

'આવી ગયા ?' ગિરાએ પૂછ્યું.

'હા' સરિતાનો અવાજ.

'બોલ્યા કશું ?' ગિરાનો અવાજ દબાયેલો હતો.

સરિતા રસોડામાં આવી.

'ગિરા આવી છે... તમને મળવા...'

હું બહાર આવ્યો. ગિરા ડ્રાઈંગ રૂમમાં નહોતી. બેડરૂમમાં તો અંધારું હતું. તો ક્યાં ગઈ ?

'ગિરા...!'

'હં...'

બેડ રૂમના અંધકારમાંથી અવાજ આવ્યો. ત્યાં શું કરે છે એ ! હું અંદર ગયો. લાઈટ કરવા જતો હતો ત્યાં જ ગિરાનો અવાજ સંભળાયો.

'લાઈટ ન કરજો, પ્લીઝ !'

એ પલંગ પર ઊંધી સૂતી હતી. હું એની નજીક ગયો. સરિતા અંદર આવી ગઈ હતી. પલંગ પર બેસીને મેં ગિરાનાં માથે હાથ મૂક્યો. એ સ્થિર જ રહી. કશી જ પ્રતિક્રિયા ન થઈ.

'ગિ...રા...' સરિતા પણ નજીક આવી.

મેં ગિરાનો હાથ ખેંચ્યો ને પકડી રાખ્યો. એકાએક ગિરા ઊંચી થઈ અને મારા ખોળામાં માથું સંતાડીને ફરી સૂઈ ગઈ. હું પીઠ પર હાથ ફેરવવા લાગ્યો. બહારના કમરાનું આછું અજવાળું અંદર આવતું હતું. પલંગ પર ઊંધી પડેલી... મારા ખોળામાં માથું મૂકીને સૂતેલી છોકરીના શરીરને આછા અંધકારમાં જોતાં મને નિરર્થક પ્રશ્ન જન્મ્યો.

- આ કોણ સૂતું છે અહીં ?

ગિરા બેઠી થઈ. મારી સામે જોવા લાગી. કશું જ બોલ્યા વિના એ ઊભી થઈ. સરિતાનો હાથ પકડીને કહે :

'ચાલ, મમ્મી, રસોડામાં...'

'તું અહીં બેસ... હું રસોડામાં જાઉં છું. રોટલી જ ઉતારવાની છે. તું જમીને જ જજે.'

'હું આજે તમારી પાસે સૂવાની છું, મમ્મી...!' ગિરાનો અવાજ ધ્રૂજી ઊઠે તે પહેલાં તો બહાર ચાલી ગઈ. સરિતા પાછળ ગઈ, પણ એણે સરિતાને રોટલી બનાવવા ન આપી. મને અને સરિતાને જમવા બેસાડ્યાં અને રોટલી બનાવતાં અમને પીરસતી પણ રહી. હું એની સામે જોઈ શકતો નહોતો. ચાર દિવસ પછીના રવિવારની સાંજે -

મોડી રાત સુધી એ ઘરમાં ફરતી રહી. આડીઅવળી વાતો કરતી રહી. બારીમાંથી બહાર જોતી રહી. વચ્ચે વચ્ચે વરંડામાં જઈને બદામના ઝાડ નીચે પણ ઊભી રહી અને મેં અને સરિતાએ સાંજના અજવાળામાં જોયેલી તે પગદંડી સામે નજર ફેંકીને પાછી આવતી રહી.

છેવટે થાકી હોય તેમ ગિરાએ પૂછ્યું :

'સૂવું નથી હવે ?'

મેં કહ્યું : 'સરિતા, તું અને ગિરા આપણા પલંગ પર સૂઈ જાઓ. મારી પથારી બહાર કરી દે.'

'ના.' ગિરાએ કહ્યું, 'તમે પણ અંદર જ સૂઓ... હું તમારા બંનેની વચ્ચે સૂઈ જઈશ.' પછી સાવ ધીમા અવાજમાં પોતાને જ કહેતી હોય તેમ ઉમેર્યું, 'આજની તો રાત છે હવે...'

હું કશું જ બોલ્યો નહીં. એ એકાએક મારી તરફ ધસતી આવી. પૂછ્યું :

'કેમ કશું જ બોલતા નથી ?'

'બોલું તો છું ! આટલી બધી વાતો તો કરી !'

'લગ્ન છે મારાં ચાર દિવસ પછી ! એક શબ્દ બોલ્યા નથી એ વિશે !'

હું નીચે જોઈ ગયો. એનાથી ચહેરો છુપાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

'બપોરે આવી ત્યારે મમ્મી પણ બોલ્યાં નહીં.'

'ગિરા...' સરિતાનો નમેલો, ક્યાંક દૂર સમયમાં ખોવાયેલો અવાજ...

'ગુસ્સો આવ્યો છે મારા પર ?' ગિરાએ અમને બંનેને પૂછ્યું.

એના પ્રશ્નથી થોડી ક્ષણો માટે ક્ષુબ્ધતા જન્મી, મૌન સરિતાએ તોડ્યું.

'ગુસ્સો શા માટે આવે, ગિરા ?'

ગિરા કશો જવાબ આપે તે પહેલાં મેં કહ્યું :

'મને જરા ગુસ્સો આવ્યો છે...!'

સરિતાને નવાઈ લાગી, પણ ગિરા હસવા લાગી. બીજી જ ક્ષણે એ ગંભીર થઈ ગઈ. મારી સામે જોઈ રહી.

મેં કહ્યું :

'તારું લગ્ન નક્કી થઈ જાય, કંકોતરી છપાઈ જાય અને અમને કોઈએ પૂછ્યું પણ નહીં ? તે પણ કહ્યું નહીં અમને ?'

ગિરાની આંખમાં કશુંક ઝબૂક્યું અને કશું બુઝાયું. એ મારી ખૂબ નજીક આવી. મારો ઝભ્ભો પકડીને ઊભી રહી. જરા ઊંચી થઈ અને મારી આંખમાં તાકવા લાગી. પછી શ્વાસ ફૂલતો હોય તેમ બોલી :

'જે જાય છે તે તમને પૂછીને જાય છે, પપ્પા ?'

હું કશું જ અનુભવી શકું તે પહેલાં ગિરાએ મારા ગાલ પર હળવી ટપલી મારી અને બીજી જ ક્ષણે મને અને સરિતાને એકીસાથે બાથમાં લેતી જોરજોરથી રડી પડી.

**3.4 કૃતિ સારાંશ :**

'જે જાય છે તે' વાર્તાનો ટૂંકો - સારાંશ એટલે કે સાર આ પ્રમાણે છે :

ગિરા અને વાચા નામની બે સખી બન્ને સાથે સ્કૂલ જતી. વાચા અને ગિરાની દોસ્તી સઘન હતી. બાર વર્ષની વાચાનું મૃત્યુ થઈ ગયું હતું. વાચાના અવસાન પછી પણ ગિરા તેમાં મમ્મીને અવાર-નવાર મળવા આવતી.વાર્તા એવી રીતે માવજતપૂર્વક વહી રહે છે કે જાણે ગિરાએ કદી વાચાનો અભાવ સાલવા દીધો જ ન હોય. વાચાની મમ્મીને તે ક્યારેક મમ્મી જ કહી દેતી. દીકરીની જેમ જ તેનું વાચાનાં ઘરે જવું-આવવું અત્યંત સ્વાભાવિક હતું. દિવસો, મહિનાઓ અને વર્ષો પાર થતા જાય તેમ એક એવો પણ સમય આવી જાય કે ગિરાનાં લગ્નની કંકોતરી આવે. ગિરાની સાસુની તબિયતનાં કારણે, તેમની હયાતીમાં જ લગ્ન લઈ લેવાની ઇચ્છાથી ધારણા કરતાં એકાદ વર્ષ વહેલાં લગ્નનું નક્કી થાય. કંકોતરી આવ્યાના ચાર દિવસ પછી ગિરાનાં લગ્ન. વાચાના પપ્પા અને મમ્મી સરિતા, કંકોતરી આવ્યાના દિવસે સદ્‌ગત દીકરી વાચાની સ્મૃતિમાં ભીંજાઈ રહ્યા હોય. હૃદય-મન ભરાઈ ગયું હોય. ગિરા બન્નેને મળવા આવે. અચાનક આવી ગયેલાં લગ્ન અને ગિરાની વિદાયને જીરવવાનું સહજ ન હોય એ રીતે ઉદાસી અનુભવતા વાચાનાં મમ્મી-પપ્પા પાસે, લગ્નના ચાર દિવસ પહેલાં મળવા આવેલી ગિરા બન્નેને રસોઈ કરી જમાડે, રાત્રે રોકાઈ જવાનું કહે. રાત્રે રોકાય. અચાનક લગ્ન ગોઠવાયાની વાતો થાય. અને ચાર દિવસ પછી લગ્ન થવાના હોવાથી, સુનિશ્ચિત થઈ ચૂકેલી વિદાયને અને વાચાની સ્મૃતિને જીરવી ન શકતી હોય એ રીતે ગિરા વાચાનાં મમ્મી-પપ્પાને બાથ ભીડી રડી પડે અને એ રીતે ભાવાત્મક વાતાવરણમાં વાર્તાનો અંત આવે. 'જે જાય છે તે તમને પૂછીને જાય છે, પપ્પા ? એવા અંતિમ સંવાદ સાથે હૃદયના બંધ છૂટી જાય અને રડી પડતી ગિરાના રુદન સાથે વાર્તા પૂરી થાય છે.

**3.5 કૃતિલક્ષી સઘન અધ્યયન :**

'જે જાય છે તે' વાર્તાના મુખ્ય પાત્રો ત્રણ છે નાયક, નાયકની પત્ની સરિતા અને તેમની દીકરીની સહેલી ગિરા. ચોથું પાત્ર વાચા જેનું અવસાન થઈ ચૂક્યું છે છતાં વાર્તામાં તેની સ્મૃતિનો અહેસાસ તર્યા કરે છે. વાર્તામાં બે-પાંચ ક્ષણ માટે આવતા વર્મા અને તેમની

દીકરી પિન્કીના પાત્રો નાયકના ચિત્તમાં ઉપસતી પોતાની દીકરીની સ્મૃતિના સહાયક તરીકે સહજ રીતે નિરૂપણ પામ્યા છે.

વાર્તાની શરૂઆત એ રીતે થાય છે કે વાર્તાનો નાયક એટલે કે સરિતાનો પતિ જે વાચાના પિતા છે; તે ઑફિસેથી સાંજે ઘરે પાછા આવે છે ત્યારે બેડ રૂમમાં પલંગ પર પડેલી ગિરાનાં લગ્નની કંકોતરી જુએ છે. પત્ની સરિતા ઘરમાં જ ક્યાંક છે. ઘરમાં ઉદાસી છવાયેલી છે. ઉદાસીને પ્રત્યક્ષ કરતું વાતાવરણ છે. ઊતરતા ચોમસાનું ઝાપટું પડી ગયા પછી ભીંજાઈ ચૂકેલાં વૃક્ષો પરથી ટપકતું પાણી અને મનમાં પણ સ્મૃતિનો ભેજ અનુભવતો વાર્તાનો નાયક બારીના સળિયા પર માથું ટેકવીને ઊભો છે. બારીમાંથી જરા દૂર નજર જાય છે તો સ્કૂટર પર વર્મા અને તેમની દીકરી પિન્કીને જુએ છે. પિતા માટે રેઈનકોટ લેવા ગયેલી અને પોતે રેઈનકોટ પહેરીને આવેલી દીકરીનું સ્કૂટર પર ચાલ્યા જવાની થોડીક વહાલ જન્માવે તેવી નાનકડી ઘટનાનો સાક્ષી બનતો વાર્તાનો નાયક એ દૃશ્યને માણીને, અહેસાસ કરીને બારી પાસેથી ખસી ઘરમાં આવે છે પણ સરિતા ઘરમાં નથી. વરંડામાં બદામના ઝાડ નીચે છે. બદામનું એ ઝાડ વાચાએ વાળ્યું હતું તેની સ્મૃતિ નાયકના મનમાં ઊગી નીકળે છે. વાચાએ વાવેલા વૃક્ષ નીચે તેની મમ્મી ઊભી છે એ વાત સહજ રીતે નાયકના સ્મૃતિપ્રદેશમાં જાણે નાજુક નકશીકામ કરે છે.

નાયક, 'સરિતા' એમ હળવી બૂમ પાડીને તેને બોલાવે છે. સરિતા ચા બનાવવા જાય છે. નાયક નાહવા માટે બાથરૂમમાં જાય છે. અંદર-બહાર વરસાદ ચાલુ છે. મનમાં દીકરીની યાદો વરસી રહી છે અને બહાર પણ વરસાદ. વાતો કરવાનો ઔપચારિક કહો કે નિરર્થક એવો પ્રયાસ. 'હું અને સરિતા કશાકની વચ્ચે ઘેરાઈ ગયાં. રવિવારે ગિરાનાં લગ્ન છે તે યાદ આવ્યું' - નાયકના આત્મકથનથી આખી વાર્તા કહેવાઈ છે. આત્મકથનાત્મક કથન પદ્ધતિ એટલે કે પ્રથમ પુરુષ એકવચન પદ્ધતિ. પતિ-પત્ની બન્ને ગિરાનાં લગ્નની કંકોતરી જોઈને પોતાની દીકરીની યાદમાં ખોવાઈ ગયા છે. દીકરીની સ્મૃતિની તીવ્રતામાં બન્ને વચ્ચે મૌન છવાઈ જાય છે. થોડી વાર પહેલાં સ્કૂટર પર બેઠેલા વર્માને તેમની દીકરી પિન્કીએ માથા પર કેપ પહેરાવી હતી તે દૃશ્યમાં નાયક પોતે સ્કૂટર પર પોતાની જાતને કલ્પે છે અને દીકરી વાચાએ જાણે તેને ગાલ પર ટપલી મારી હોય તેવું અનુભવે છે. સ્મૃતિ અને કલ્પનાનું ભાવવિભોર કરતું નિરૂપણ સહજ રીતે, સંયત રીતે વાર્તામાં ઝરણાંની જેમ વહ્યા કરે છે.

બહાર વરસાદ અટકી ગયો છે. બહાર નીકળીને નાયક પણ વાચાએ વાવેલી બદામડી નીચે ઊભો રહી જાય છે. વાચાની સ્મૃતિની સભાનતા સાથે બદામની નીચે ઊભા રહેવાની ઈચ્છાને ભૂતકાળ થઈ ચૂકેલી વાચાની સ્મૃતિમાં ભાવપૂર્ણ નિકટતાનો અહેસાસ હૃદયસ્પર્શી આલેખન પામે છે. ઘરની સાથે આવેલા ખુલ્લા ખેતરમાં ઊગેલા ઘાસની વચ્ચે આવેલી લાંબી પગદંડી પરથી બે છોકરીઓ ચાલી આવતી હોય એવો આભાસ નાયકને થાય છે. એ આભાસ કહો કે ભૂતકાલીન ક્ષણોને વાગોળવાની સ્થિતિ જેમાં બે છોકરીઓ એટલે વાચા અને ગિરા. પોતાની દીકરી વાચા અને તેની સહેલી ગિરાનો સ્કૂલો જવાનો રસ્તો એ પગદંડી. સ્કૂલ યુનિફોર્મમાં દૂરથી કોણ વાચા અને કોણ ગિરા એ ઓળખી ન શકાય તેવી એકરૂપતા અહીં વાર્તામાં સહજ રીતે ઉપસાવવામાં આવી છે. નાયક અને નાયિકાના ભાવજગતમાં કે સંબંધમાં ગિરા-વાચા વચ્ચે કોઈ ભેદ નથી એવું પગદંડી પરથી સ્કૂલ યુનિફોર્મમાં એક જેવા દેખાવાના ભાવપ્રતીકથી લેખકે અહીં દર્શાવ્યું છે.

નાયકની મનોસ્થિતિને અનુરૂપ વાર્તા માવજત પામે છે. ઘર સામે આવેલી પગદંડી પર ચાલી આવતી બન્ને છોકરીઓમાંથી એકનું દૂર ચાલ્યા જવું એટલે કે પ્રતીકાત્મકરીતે જોઈએ તો જીવનની પગદંડી પરથી એકનું દૂર ચાલ્યા જવું કે પાછા ફરવું અહીં ભાવકને નાયકની ભાવનાશીલતા સાથે તદ્રૂપ કરે છે.

દસ વર્ષ પૂર્વે; બાર વર્ષની વાચા આ રીતે જ અચાનક જીવનની પગદંડી પરથી ક્યાંક દૂર ચાલી ગઈ હતી. વાચાના મૃત્યુની ઘટનાનો ઉલ્લેખ ભાવાત્મક ગદ્યમાં થયો છે, જુઓ :

'દસ વર્ષ થઈ ગયાં છતાં કશું જ બાદ થઈ શકતું નથી. એક સાંજે અમે વાચાને અહીંથી લઈ ગયા હતા ત્યારે એ બાર વર્ષની હતી. તે પછી એ કદી પણ પાછી ફરી નહોતી. રાતના અંધકારમાં મોટા મોટા તણખા ઊડી ગયા હતા. થોડો તડતડાટ સંભળાતો હતો. હવામાં આગની જવાળા અને સળગતા લાકડાની ગંધ... તે પછી તો નદીના પ્રવાહનો અવાજ પણ ભળ્યો હતો. છેવટે અંધકારની વચ્ચે બુઝાવા લાગેલી આગની થોડી થોડી જ્વાળાઓ...'

આમ, બાર વર્ષની વયે દીકરી વાચાનું અવસાન થયું હતું તેનું ભાવાત્મક ગદ્યમાં વર્ણન કરી વાચા-ગિરાની મૈત્રીના કારણે ગિરાને જ વાચાની જેમ ઉછરતા જોઈ વાચાનો ખાલીપો જીરવતા હોય તેવી સ્થિતિનું નાયક બયાન કરે છે. વાચાએ વાવેલું બદામનું વૃક્ષ અને વાચાએ વાવેલા ગિરાના સંબંધનો છોડ નાયક - નાયિકાના જીવનબાગમાં ઉછરે છે. વિકસે છે. અને આજે દસ વર્ષ પછી, બાવીસ વર્ષની થઈ ચૂકેલી ગિરાનાં લગ્નની કંકોતરી એક જીરવી ન શકાય તેવી ઘટનાની જેમ સામે આવે છે. વાચાના અવસાન બાદ વારંવાર ઘરે આવતી ગિરા, સરિતાની આસપાસ મોટી થતી જાય છે. સરિતાને આન્ટીને બદલે મમ્મી કહેવા લાગે છે. બદામના ઝાડ નીચે ઊભા ઊભા પસાર થયેલા દસ વર્ષની સ્મૃતિને નાયક વાગોળી રહ્યો હોય એ રીતે વાર્તા ભાવક સમક્ષ ખુલતી જાય છે. વિસ્તરતી જાય છે.

ગિરાએ બપોરે આવીને કંકોતરી આપી છે. તેના સાસુને કેન્સર હોવાથી, તેમની હાજરીમાં જ લગ્ન થઈ જાય તેવી સૌની ઇચ્છાના કારણે એકાદ વર્ષ વહેલા આવી ગયેલાં લગ્નની વાતમાં આયોજનની રીતે કશું અસ્વભાવિક નથી પણ પોતાની દીકરી જેવી ગિરાનાં લગ્ન હોય અને તેની કંકોતરી આવે એ સ્થિતિ અને તેના સંજોગોની જાણ ન હોય ત્યારે ગિરાના લગ્નની કંકોતરી મેળવવાની સાધારણ કે સ્વાભાવિક જણાતી ઘટના કેટલી અસ્વાભાવિક લાગે છે કે આંગણે મંગલ પ્રસંગ છતાં કશુંક છીનવાઈ ગયું હોય છે. પરાયાપણાની લાગણી અનુભવતો હોય એમ નાયક અસહજ થઈ જાય છે. ગિરા પ્રત્યે કે ગિરા દ્વારા પરાયાપણાની લાગણી નથી થઈ પણ સમય - સંજોગોએ તેને સાવ અપ્રસ્તુત બનાવી દીધો હોય એવો ભાવ લાગણીસહજ નારાજગી જન્માવે છે. નાયકની નારાજગીમાં લાગણી છે.

બપોરે કંકોતરી આપી ગયેલી ગિરા સાંજે મળવા આવે છે. સરિતાને તો બપોરે કંકોતરી આપવા આવી ત્યારે જ મળી લીધું હતું. સાંજે નાયકને મળવા આવેલી ગિરા સાથે જમવા અને રાત્રિ રોકાવા આવી છે. સરિતાને અને નાયકને રસોઈ કરીને જમાડતી ગિરાના વાત્સલ્યમાં દીકરીનાં સ્નેહનો અહેસાસ સ્વાભાવિક રીતે વ્યક્ત થયો છે. ગિરા રોકાઈ જઈને તેની સખી વાચાની સ્મૃતિને વાગોળે છે અને બદામના વૃક્ષથી લઈ એ દરેક જગ્યાએ ફરી વળે છે જ્યાં તેની સદગત સખી વાચાની સ્મૃતિનો સ્પર્શ થાય.

નાયક ગિરા પ્રત્યે નારાજગી ઠાલવતા કહે છે, 'તારું લગ્ન નક્કી થઈ જાય, કંકોતરી છપાઈ જાય. અને અમને કોઈએ પૂછ્યું પણ નહીં ? તેં પણ કહ્યું નહીં અમને ?' - એવો નાયકનો પ્રશ્ન ગિરાની આંખમાં આંસુ લાવી દે છે. અને સહજ રીતે બોલી ઊઠે છે :

'જે જાય છે તે તમને પૂછીને જાય છે, પપ્પા ?

વાર્તાના અંતે આ રીતે વ્યક્ત થતી ગિરાના પ્રશ્ન સંવાદમાં દિવંગત સખી વાચાનો સ્મૃતિ સંદર્ભ ત્રણેયને રડાવી દે છે. ગિરાનો હયાતીમાં, ગિરાની હાજરીમાં, ગિરાના વર્તન-વ્યવહાર અને વાણીમાં વાચાની ઉપસ્થિતિનો અહેસાસ વાર્તાનું પ્રાણતત્ત્વ છે.

આમ, 'જે જાય છે તે' અનોખી, સંવેદનમૂલ્ય ધરાવતી સંબંધ કથા છે. મૃત દીકરીની હાજરીનો અહેસાસ કરાવતી અને પતિ-પત્નીને દિવંગત દીકરીની સહેજ પણ ખોટ ના પડે તે રીતે જીવતી ધબકતી ગિરાનું પાત્ર વાર્તા અંતર્ગત પરિસ્થિતિઓમાં સફળતાથી ઉપસી આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. 'જે જાય છે તે' વાર્તામાં બદામનું વૃક્ષ કોણે વાવ્યું છે ?
2. 'જે જાય છે તે' વાર્તામાં કયો સંવાદ વાર્તાના શીર્ષકને સંવેદનપૂર્વક વ્યક્ત કરે છે?
3. 'જે જાય છે તે' વાર્તાના ગૌણ પાત્રોના નામ લખો.

### 3.6 લેખન પ્રવૃત્તિ :

- વીનેશ અંતાણીની બીજી કોઈ પણ એક વાર્તા વાંચો અને તેના વિશે તમારા શબ્દોમાં લખો.
- શાળાજીવનના કોઈ મિત્ર કે સખી સાથેનાં તમારા સંસ્મરણને સ્મૃતિ નિબંધ તરીકે લખો.
- પિતા-પુત્રીના સ્નેહસંબંધ વિશે તમારા શબ્દોમાં લખો.

### 3.7 સ્વઅધ્યયન

(1) 'જે જાય છે તે' વાર્તાનું એક સંવેદનકથા તરીકે મૂલ્યાંકન કરો.

(2) 'જે જાય છે તે' વાર્તાની ગિરા વિશે ટૂંકનોંધ લખો.

(3) જે જાય છે તે 'વાર્તામાં વાચાનું પાત્ર પ્રત્યક્ષ, હયાત નથી છતાં સમગ્ર વાર્તામાં છવાઈ જાય છે તે વિષય પર તમારી સમજ અને અવલોકન મુજબ લખો.

### 3.8 વિશેષ અધ્યયન

**કર્તા પરિચય :**

વીનેશ દિનકરરાય અંતાણીનો જન્મ કચ્છ જિલ્લાના માંડવી નજીક આવેલા દુર્ગાપુર ગામમાં 27 જૂન 1946ના રોજ થયો હતો. નખત્રાણા-ભૂજ જેવા નગરમાં તેમણે શિક્ષણ પ્રાપ્ત કર્યું. એમ.એ. સુધીની પદવી મેળવ્યા પછી ભૂજની કૉમર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે પાંચેક વર્ષ સેવાઓ આપી આકાશવાણીમાં પ્રોગ્રામ ડાયરેક્ટર તરીકે જોડાયા અને જીવનપર્યંત જુદા જુદા શહેરોમાં આવેલા આકાશવાણી મથકોમાં ફરજ બજાવી.

વીનેશ અંતાણીએ ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા અને નિબંધ ક્ષેત્રે માતબર સાહિત્ય સર્જન કર્યું છે. તેમની ઉલ્લેખનીય નવલકથાઓ : 'નગરવાસી', 'પલાશવન' 'પ્રિયજન' 'આસોપાલવ' બીજું કોઈ નથી', 'સૂરજની પાર દરિયો', 'કાફલો', 'ધાડ', 'અમે અજાણ્યાં' 'બીજે ક્યાંક' 'જિંદગી આખી' 'મારી સુલભા' વગેરે ચોવીસ જેટલી નવલકથાઓ દ્વારા તેમણે ગુજરાતી નવલકથા સાહિત્યને ઘણું સમૃદ્ધ કર્યું છે. વીનેશ અંતાણીએ 'હોલારવ', 'રણઝણવું' 'અહીં કોઈ રહેતું નથી' 'તને ખબર નથી નિરુ' 'પાછા વળવું' 'દીપશિખા' જેવા વાર્તાસંગ્રહો દ્વારા ટૂંકીવાર્તા ક્ષેત્રે પણ યશસ્વી પ્રદાન કર્યું છે. 'પોતપોતાનો વરસાદ', 'ધુમાડાની જેમ', 'આત્માની નદીને કાંઠે, 'ત્યાં મારું ઘર હતું જેવા નિબંધ સંગ્રહો સર્જક તરીકેની તેમની વિશિષ્ટ મુદ્રા ઉપસાવે છે. 'એક હતો વીનેશ' તેમની સ્મૃતિકથા છે. તેમની

વાર્તાઓ વિવિધ સંપાદનોમાં સ્થાન પામી ચુકી છે. નિર્મલ વર્માની રચનાઓના અનુવાદ પણ તેમણે આપ્યા છે.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તેમની નવલકથા 'ધૂંધભરી ખીણ' સાહિત્ય અકાદમી એવોર્ડથી પુરસ્કૃત થઈ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર ઉપરાંત દર્શક એવોર્ડ, કનૈયાલાલ મુનશી સુવર્ણચન્દ્રક, ગોવર્ધનરામ ત્રિપાઠી એવોર્ડ, જયંત ખત્રી એવોર્ડ, ધનજી કાનજી સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક જેવા મોટાભાગના પ્રતિષ્ઠિત પુરસ્કારોથી તેમની સર્જકતાનું અવારનવાર બહુમાન થયું છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમના પાંચ પુસ્તકો તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેમના બે પુસ્તકો પુરસ્કૃત થયા છે.

વીનેશ અંતાણીનું ગુજરાતી ગદ્ય સાહિત્યમાં પ્રદાન ઘણું મૂલ્યવાન છે. નવલકથા અને નવલિકા ક્ષેત્રે અવિરત સાહિત્ય સર્જન દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પોતાનું સ્થાન અંકિત કર્યું છે.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

એકમ 4

# સોયનું નાકું

- જયંતિ દલાલ

**રૂપરેખા**

**4.1** ઉદ્દેશો
**4.2** પ્રસ્તાવના
**4.3** કૃતિ
**4.4** કૃતિનો સારાંશ
**4.5** કૃતિલક્ષી અધ્યયન
**4.6** વસ્તુલક્ષી કસોટી
**4.7** લેખન-પ્રવૃત્તિ
**4.8** તમારી પ્રગતિ ચકાસો
**4.9** વિશેષ અધ્યયન
**4.10** ટિપ્પણ
**4.11** સંદર્ભ સૂચિ

## 4.1 ઉદ્દેશો

'સોયનું નાકું' એકાંકીના અભ્યાસ દ્વારા તમે-

- એકાંકીનો આસ્વાદ કરશો.
- એકાંકીના સ્વરૂપની જાણકારી મેળવશો.
- એકાંકીમાં દર્શાવેલી સામાજિક પરિસ્થિતિનો ચિતાર મેળવશો.
- એકાંકીમાં રહેલી તપ્તાલાયકી સમજી શકશો.
- એકાંકીકાર જયંતિ દલાલની નાટ્યશૈલીથી પરિચિત થશો.

## 4.2 પ્રસ્તાવના

ગુજરાતી રંગભૂમિનું સિંચન પારસીઓ દ્વારા થયું છે. આ પછી તે બટુભાઈ ઉમરવાડિયાથી આકાર પામી યશવંત પંડ્યાની કલમે પરખાયું અને ઉમાશંકર જોશીથી સાહિત્યિક સ્વરૂપમાં સ્થિર થઈ ગુજરાતી એકાંકી તરીકેની ઓળખ પામ્યું; પરંતુ, આ એકાંકીઓને તખ્તાપરખ નાટ્યરૂપ આપવામાં જયંતિ દલાલનો મોટો ફાળો છે. પ્રથમ તો 'દેશી નાટકસમાજ'ના સંચાલકને ત્યાં જન્મ થયો અને બીજું જન્મ સ્થળ પણ નાગોરી શાળામાં આવેલી નાટક કંપનીનું મકાન. આમ, રંગભૂમિ પર જન્મ પામેલા જયંતિ દલાલ નાનપણથી નાટ્યપ્રવૃતિના સંસ્કારો પામ્યા, જેના ફળ સ્વરૂપે તેમનો નાટ્યસર્જક અને નટ તરીકેના વ્યક્તિત્વનો વિકાસ થયો. જયંતિ દલાલે નાટ્યપ્રવૃત્તિ પ્રત્યેની વિશેષ પ્રતિબદ્ધતા દાખવીને સુગ્રથિત અને સ્વીકારવા યોગ્ય નાટ્યપ્રવૃતિની સાથે વૈચારિક અને રંગભૂમિજન્ય ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કર્યું. નગરજીવનનું સંતાન હોવાથી શહેરી માનવજીવનની વિસંવાદિતતાઓ તેમના એકાંકીમાં ઊતરી અને આધુનિક રંગભૂમિ તરફના પ્રયોગો કરી તેમણે આગળ પ્રણાય કર્યું. 'સોયનું નાકું' એકાંકી તેમના 'પ્રવેશ બીજો' એકાંકીસંગ્રહ, જે ઈ.સ. ૧૯૫૦માં પ્રગટ થયો તેમાંથી લેવામાં આવ્યું છે. 'સોયનું નાકું' એકાંકી એ રંગભૂમિની દૃષ્ટિએ પ્રયોગશીલ એકાંકી

છે, જેમાં સમાજમાં કહેવાતા ભ્રષ્ટાચારી, શોષણખોર, દંભી, જૂઠાબોલા અને અપ્રમાણિક માણસોના દંભી વલણનો કલાત્મક રીતે ચિતાર આપ્યો છે. એકાંકીને સમાનાંતર રીતે શોકસભા અને સ્વર્ગમાં ચિત્રગુપ્તના દરબારના દૃશ્યો દ્વારા પ્રયોગશીલતા દાખવી છે. આ એકાંકી અભિનયક્ષમતા અને પ્રકાશયોજનાની વિશેષ સૂઝ માંગે તેવું એકાંકી છે.

## 4.3 કૃતિ (સોયનું નાકું)

**પાત્રો**

| | |
|---|---|
| **પાર્ષદ** | **કાર્યકર્તા** |
| **શ્રી ભાઈસાહેબ** | **શેઠ નંદનંદન** |
| **નાગરદાસ** | **અગ્નિકુમાર** |
| **ઉત્તમચંદ** | **મૂળી ડોશી** |
| **શક્તિશરણ** | **ચિત્રગુપ્ત** |
| **ચેતન** | **ભોગીલાલ** |
| **પ્રેક્ષકો...** | |

(**સ્થળ :** નાટકના પ્રેક્ષકો રંગમંચ સમીપે જગ્યા લેતા જાય છે ત્યારે એમને પહેલો ખ્યાલ એ આવે છે કે સામાન્ય રંગભૂમિ કરતાં આ કાંક જૂદું જ છે. અહીં પ્રેક્ષક અને નટને અલગ પાડતો પડદો નથી. જેમ પ્રેક્ષકગૃહમાં ખુરશીઓ છે તેવી જ રીતે રંગમંચ પર પણ અર્ધચંદ્રાકારે ગોઠવેલી ખુરશીઓ છે. રંગમંચ પર વચ્ચોવચ એક મોટું મેજ છે. મેજ પર બિછાવેલી ચાદર એ જ એકમાત્ર જવનિકા છે.)

થોડોક સમય વીતે છે, પ્રેક્ષકો આવતા જાય છે અને ઘણા તો સીધા રંગમંચ ઉપરની ખુરશીઓમાં ગોઠવાય છે. સહુના ચહેરા ગંભીર છે. કોઈ આપસઆપસમાં વાત પણ નથી કરતું. એક વધુ ગંભીર દેખાતા કાર્યકર્તા ટેબલ પાસે હાથમાં એક પત્રિકા લઈને બેઠા છે.

સહુનું ધ્યાન દરવાજામાં દાખલ થતા એક પીઢ ગૃહસ્થ પર કેન્દ્રિત થાય છે. ગાંધીટોપી, પહેરણ, પહેરણની બાંય ઉપર બાંધેલી ઘડિયાળ અને એની સોનેરી સાંકળી, હાથમાં લાકડી અને એ સર્વ સાથે બંને હાથ જોડી કરેલા નમસ્કાર : આ નમસ્કાર એક રીતે નાટકની નાન્દીની ગરજ સારે છે.

નાટક શરૂ થાય છે અને પેલા કાર્યકર્તા ભાઈ એક પત્રિકા વાંચે છે :

'આપણા શહેરના અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવીર અને આપબળે આગળ આવેલા શેઠ નંદનંદનના શોકજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા શહેરીજનોની એક જાહેર સભા ગુરુવારે સાંજના છ વાગતાં સભાગૃહમાં મળશે.'(કાગળને વાળતાં) આજની આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ભાઈસાહેબને લેવાની હું વિનંતી કરું છું. શ્રી ભાઈસાહેબની ઓળખ શહેરને આપવાની જરૂર હું જોતો નથી. છેલ્લાં ત્રીસ વર્ષની શહેરની કોઈપણ કલ્યાણકારી પ્રવૃત્તિનાં પ્રેરણા અને સંચાલન શ્રી ભાઈસાહેબે જ કર્યાં છે અને શેઠ નંદનંદન સાથે પણ એમને અત્યંત નિકટનો સંબંધ હતો.

[પોતાનું સ્થાન લે છે : શ્રોતાગણમાંથી એકાદ તાળી પડી જાય છે.]

**નાગરદાસ :** પ્રમુખસ્થાન માટે શ્રી ભાઈસાહેબની જે દરખાસ્ત મૂકવામાં આવી છે તેને હું ટેકો આપું છું.

[શ્રી ભાઈસાહેબ અધ્યક્ષસ્થાન લે છે. ખિસ્સામાંથી કાગળિયાં તથા ચશ્માનું ઘર કાઢે છે. વ્યવસ્થિત રીતે ચશ્માં પહેરી કાગળ તરફ નજર નાખે છે; પડખે બેઠેલા કાર્યકર્તા સાથે કંઈક મસલત કરી લે છે; ત્યાર બાદ પોતાનું વકતવ્ય શરૂ કરે છે.]

**ભાઈસાહેબ :** ભાઈઓ તથા બહેનો, સ્વર્ગસ્થ શેઠ નંદનંદનભાઈ સાથેનો મારો સંબંધ જોતાં, આજની સભામાં એમને વિશે કાંઈ બોલવું એ મારે માટે અઘરું કામ છે. દુનિયામાં જન્મેલાં સહુ કોઈ જીવતાં નથી. સહુને મૃત્યુને ભેટવાનું છે જ, પાછળ તો વ્યક્તિએ જીવનની જે સુવાસ મૂકી હોય તે જ જીવે છે. અને ખરી રીતે જીવવાનો અધિકાર પણ એને જ છે. શેઠ નંદનંદનભાઈએ પોતાના પુરુષાર્થથી એ અધિકાર મેળવ્યો હતો. એમના પુરુષાર્થનો હું સાક્ષી રહ્યો છું. મારો અને એમનો સંબંધ આજકાલ કરતાં ત્રણ દાયકા થયા ખૂબ ગાઢો અને નિકટનો રહ્યો છે. અને મારી એ દૃઢ માન્યતા છે કે નંદનંદનભાઈના જીવનની સુવાસ એવી છે કે નંદનંદનભાઈની સ્મૃતિ ગુજરાત અને એમાં પણ ખાસ કરીને આપણા શહેરમાં તો હરેક શહેરીના હૈયામાં કોતરાયેલી રહેશે. ઘણી નીચી કક્ષામાંથી એમણે શરૂઆત કરી અને પોતાના જ પુરુષાર્થથી એ પ્રથમ હરોળમાં પહોંચ્યા. એમને એમની સફળતા વિશે ગુમાન ન હતું, પણ પ્રયત્ન...

[અચાનક રંગમંચ પર અંધારું થઈ જાય છે. પ્રેક્ષકોમાં થોડી ચણભણ થાય છે. પણ પ્રસંગની ગંભીરતાનો ભાર એમને વર્તનની મર્યાદામાં જકડી રાખે છે. રંગમંચ પર પ્રકાશ પડે છે ત્યારે પહેલાં તો આંખ અંજાઈ જાય છે, અને ત્યાર બાદ વિસ્મયના ઉદ્‌ગાર નીકળી પડે છે, કારણ કે રંગમંચ પર હવે પેલું સભાગૃહ દેખાતું નથી, ત્યાં તો એક વિશાળ રાજમાર્ગ નજરે ચઢે છે. સ્ફટિકના સ્તંભોની વૈવિધ્યભરી હાર વચ્ચેથી લંબાતો રાજમાર્ગ ખૂબ જ સ્વચ્છ છે.]

[પ્રેક્ષકોનો વિસ્મય જરા કોઠે પડે એટલામાં શેઠ નંદનંદન દાખલ થાય છે.]

**નંદનંદન** : આ તે કાંઈ રીત છે ? કયા માણસ જોડે કેવી રીતે વાત કરવી એનો વિવેક પણ છે કે નહિ ?

[નંદનની પાછળ આવતો - એટલે કે નંદનંદનને આગળ કરતો એક પડછંદ પાર્ષદ જવાબ આપે છે.]

**પાર્ષદ** : માણસ કેવો છે એની ખબર તો હમણાં જ પડી જશે.

**નંદનંદન** : એટલે ? વાત કરતાં આવડે છે કે નહિ ? કોણ છે તારો સાહેબ ?

**પાર્ષદ** : સાહેબ અને એવું બધું તો રહ્યું, તમે જ્યાંથી આવ્યા ત્યાં.

**નંદનંદન** : ત્યારે અહીંયાં શું છે ?

**પાર્ષદ** : મામાનું ઘર કાંઈ છેટું નથી.

**નંદનંદન** : મારે ત્યાં કોઈ માણસ આમ બોલે તો ચાર તમાચા મારીને કાઢી મૂકું.

**પાર્ષદ** : એ બધું તમને હમણાં જ યાદ આવી જશે.

**નંદનંદન** : બેવકૂફ ! પણ હજુ કોઈને મને લેવા પણ નથી મોકલ્યો ?

**પાર્ષદ** : કેમ, હું આવ્યો છું ને ?

[પાસેથી એક પાલખી પસાર થાય છે.]

**નંદનંદન** : અરે અહીં કોણ બેવકૂફ કામ કરે છે ? પેલાને પાલખી અને હું પગપાળો ? એને ઓળખે છે ? નોકર હતો નોકર, મારે ત્યાં !

**પાર્ષદ** : જેને તમે ચાર તમાચા માર્યા હતા તે જ ને ?

**નંદનંદન** : ના, ના એ નહિ; આ તો મારી મિલમાં કામ કરતો હતો. હમણાં ત્રણ દિવસ પર જ પટો ચડાવતાં પટામાં આવી ગયો હતો; એને પાલખી ?

**પાર્ષદ** : હાસ્તો; એને બિચારાને પગ જ ક્યાં છે ?

**નંદનંદન** : એમાં પગનો નહિ, પ્રતિષ્ઠાનો સવાલ હોવો જોઈએ.

**પાર્ષદ** : કઈ પ્રતિષ્ઠા ?

**નંદનંદન** : ક્યાંનો ઓડું મળ્યો છે ! કજાત, માણસને ઓળખતો જ નથી !

**પાર્ષદ** : જાત-કજાતની કસોટી માટે જ તમે જઈ રહ્યા છો !

**નંદનંદન** : જઈ રહ્યા છો ? એટલે ? તમે મને ક્યાં લઈ જઈ રહ્યા છો ?

**પાર્ષદ** : કોઈ કોઈને લઈ જઈ નથી રહ્યું. માણસ મરે એટલે એને એના જીવનમાં પાપપુણ્યનો સરવાળો સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

**નંદનંદન** : ચિત્રગુપ્ત ? કોણ છે ચિત્રગુપ્ત ?

**પાર્ષદ** : હમણાં ખબર પડી જશે.

**નંદનંદન** : તેં કહ્યું કે પાપપુણ્યનો સરવાળો થાય; પછી શું થાય ?

**પાર્ષદ** : બાદબાકી અને પછી ગુણાકાર; પણ એની તો તમને હમણાં જ ખબર પડી જશે. એટલે ઝાઝું કહેવાની જરૂર નથી.

**નંદનંદન** : ચિત્રગુપ્તના દરબારમાં વિવેક તો નથી જ. માણસની આમન્યા કેમ રાખવી એ પણ કોઈ જાણતું નથી લાગતું. અને વર્તનમાં અન્યાય પણ ભારે છે.

**પાર્ષદ** : કેમ વારુ ?

**નંદનંદન** : જોને, પેલાને પાલખી અને હું પગપાળો ! ખબર છે તને હું કોણ છું એ ?

**પાર્ષદ** : એ મારે જાણવું નથી, પણ તમારું શું થશે એ હું જાણું છું.

**નંદનંદન** : શું થશે ?

**પાર્ષદ** : દેવાધિદેવને મોંએથી જ સાંભળજો ને !

[રંગમંચ ઉપર અંધકાર છવાય છે. ફરીથી પ્રકાશ થાય છે ત્યારે સભાગૃહ નજરે પડે છે. વક્તા તરીકે શ્રી ઉત્તમચંદ ભાષણ કરતા હોય છે.]

**ઉત્તમચંદ** : હું આપને સ્વર્ગવાસી શેઠ નંદનંદને પોતાના જીવનની કારકિર્દી કેવા કપરા સંજોગોમાં શરૂ કરી હતી અને આપબળે, ખંત અને પ્રામાણિકતાથી એ કેવી રીતે આગળ વધ્યા તે કહેવા માગું છું. આ શહેરનાં વૃદ્ધ સ્ત્રીપુરુષોને હજુય એક જુવાનનો ચહેરો યાદ હશે. એ જુવાન ફેરી કરતો હતો; જે મળી શકે તેની ફેરી કરતો. પોતાના હસમુખા ચહેરાથી એણે લોકોનાં મન હરી લીધાં હતાં. એની વેપારી કુનેહ અને વહેવારુ બુદ્ધિથી એણે અનેક વેપારીઓની પ્રીતિ સંપાદન

કરી હતી. અને ફેરીનાં બેત્રણ વર્ષ બાદ એણે નાનકડી દુકાન ખોલી. એ હતી સ્વર્ગસ્થ શેઠ નંદનંદનના વેપારી જીવનની શરૂઆત...

**[અંધારું]**

[પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તના દરબારમાં શેઠ નંદનંદન ઊભેલા છે.]

**નંદનંદન** : એ વાતો કરવાનો તમને હક શો છે ? હું જે કમાયો છું તે મારાં કાંડાંબાવડાંના જોરે, બુદ્ધિના જોરે કમાયો છું.

**ચિત્રગુપ્ત** : માત્ર તમારી પોતાની શક્તિથી જ ?

**નંદનંદન** : હા હા, મારી પોતાની શક્તિથી જ.

**ચિત્રગુપ્ત** : જુઓ, આવી બાબતોમાં સ્પષ્ટ રીતે જે બન્યું હોય તે કહી દેવું, એ તમારા પોતાના હિતની વાત છે.

**નંદનંદન** : એટલે તમે એમ કહેવા માગો છો કે હું જૂઠું બોલું છું ?

**ચિત્રગુપ્ત** : કદાચ તમારી આખી જિંદગીમાં તમે આ પહેલી જ વાર સાચું બોલ્યા.

**નંદનંદન** : આ અપમાન હું નહિ સહન કરી શકું.

**ચિત્રગુપ્ત** : અપમાનની વાત ન કરો. નંદનંદન ! તમારા જીવનની, તમારા મનની એક એક ઝીણામાં ઝીણી અને ખાનગીમાં ખાનગી વિગતની અહીં અમને જાણ છે. તમે પોતે એ કહી દો અને કબૂલ કરી દો એ તમારા પોતાના ફાયદાની વાત છે એ હું તમને ફરીથી કહું છું.

**નંદનંદન** : મારે કાંઈ કહેવું નથી અને કશું સાંભળવું પણ નથી.

**ચિત્રગુપ્ત** : ભલે, જેવી તમારી ઇચ્છા. (પાર્ષદને) જા, પેલા ભોગીલાલને બોલાવી લાવ જોઉં.

[પાર્ષદ જાય છે.]

**નંદનંદન** : ભોગીલાલ ?

**ચિત્રગુપ્ત** : એમ ? ત્યારે હજુ તમને એની યાદ છે ખરી ?

**નંદનંદન** : ભોગીલાલ ! ભોગીલાલ ? અહીં ક્યાંથી ? કેમ કરીને અહીં આવ્યો ?

**ચિત્રગુપ્ત** : તમે અહીં આવવાના છો એ સમાચાર મળ્યા એટલે એને તુરત જ હાજર રાખ્યો. આ આવી પહોંચ્યા ભોગીલાલ.

**નંદનંદન** : (ભોગીલાલને જોઈ રહેતાં) ભોગીલાલ, ભોગીભાઈ !

**ભોગીલાલ** : હા, નંદનંદન શેઠ, ઓળખાણ પડી ખરી !

**નંદનંદન** : ભાઈ, તમે અહીંયાં ?

**ભોગીલાલ** : શું કરીએ, ભાઈ ? આ એક એવી જગ્યા છે જ્યાં નાના-મોટા, ગરીબ-તાલેવાન સહુને આવવાનું હોય છે.

**નંદનંદન** : ભોગીલાલ, શું કહેવું એ જ મને સમજાતું નથી.

**ચિત્રગુપ્ત** : લ્યોને, હું સમજણ પાડું.

**નંદનંદન** : બેની વાતમાં તમે નાહકના શું કામ માથું મારો છો ?

**પાર્ષદ** : કેમ, દુનિયાની ખુમારી હજુ ઊતરી નથી ?

**ચિત્રગુપ્ત** : નંદનંદન, તમે કહ્યું હતું કે તમે જિંદગીમાં આપબળે આગળ આવેલા, ખરું ?

**નંદનંદન** : હા, તદ્દન ખરું.

**ચિત્રગુપ્ત** : આ ભોગીલાલના દેખતાં પણ તમે એમ જ કહેશો ?

**નંદનંદન** : એ અમારે બેએ જોવાનું છે.

**પાર્ષદ** : અહીંયાં કોઈ 'અમે' નથી. અહીં છીએ માત્ર 'હું' અને 'તું' !

**નંદનંદન** : કેવો નાલાયક છે ! સ્વાર્થી !

**ચિત્રગુપ્ત** : નંદનંદન, તમારા સિવાય એ શબ્દો બોલવાનું બીજા કોઈનું ગજું નથી, કારણ કે સ્વાર્થને સારુ મિત્રને ગરદન મારનાર...

**નંદનંદન** : એ ખોટી વાત છે. મેં ....

**ભોગીલાલ :** મેં પણ એમ ક્યાં કહ્યું છે ? મેં તો એટલું જ કહ્યું કે તમે જેને આપબળ કહો છો તેની પાછળ બેત્રણ વરસના સંબંધમાં તમે ઉચાપત કરેલા મારા દશ હજાર રૂપિયા હતા.

**નંદનંદન** : પણ... પણ...

**ચિત્રગુપ્ત** : હજુય હું તમને કબૂલ કરી દેવા કહું છું. અંતે તો તમારે કબૂલ કરવાનું જ છે.

**નંદનંદન** : પણ એમાં મારી દાનત ખોટી ન હતી. મારી પાસે પૈસા થાય એટલે તુરત જ એ ભોગીલાલને પાછા આપવા માગતો હતો, પણ ત્યાં તો ભોગીલાલ ગુજરી ગયા.

**ચિત્રગુપ્ત** : એટલે પછી તો તમને અવકાશ જ ન મળ્યો, પૈસા પાછા આપવાનો, ખરું ને ?

**નંદનંદન** : હા...ના...

**[અંધારું]**

[પ્રકાશ થાય છે. સભાગૃહ દેખાય છે. વક્તા તરીકે રાજેશ્રી અગ્નિકુમાર ભાષણ કરતા હોય છે.]

**અગ્નિકુમાર** : સજ્જનો, સહુ કોઈને મોંએ આપણે સાંભળીએ છીએ કે પ્રામાણિકતા એ જ જીવનવહેવારનો પાયો હોવો જોઈએ. પ્રામાણિકતાનો અર્થ માત્ર રૂપિયા આના પાઈની લેવડદેવડ એટલો જ ન કરવો જોઈએ. કૈલાસવાસી નંદનંદન શેઠે આ વસ્તુને જીવનમાં આચરી બતાવી હતી. કેટલાક પ્રસંગોનો તો હું સાક્ષી રહ્યો છું. કોઈની પણ ખોટી પાઈ પોતાને ત્યાં રહી જાય એનું એમને ભારે દુઃખ હતું. અને એના ખરા હકદાર માલિકને શોધી કાઢીને એને એ રકમ ન પહોંચાડે ત્યાં લગી એમને ચેન ન'તું પડતું. કેટલાંય અનાથ બાળકોની મિલકત કે વિધવાઓની પૂંજી એમને ત્યાં અનામતરૂપે રહેતી અને એમાંના એકેએકની એ અંતરની દુવા પામતા. ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો...

**[અંધારું]**

[પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તનો દરબાર દષ્ટિસંમુખ આવે છે. ]

**નંદનંદન** : જૂઠી વાત, સાવ જૂઠી વાત.

**મૂળી ડોશી** : આખી જિંદગી એને જૂઠી વાત મનાવી, પણ અહીં તો કબૂલ કર્યે જ છૂટકો છે.

**નંદનંદન** : પણ શું કબૂલ કરું ? તમારું કપાળ ?

**ચિત્રગુપ્ત** : નંદનંદન, તમારે ત્યાં અનેક જણ અનામત મૂકવા આવતા એ તો ખરું ને ?

**નંદનંદન** : હાસ્તો, એ તો શાખ વધારે એટલે સહુ કોઈ મૂકી જાય; મારે તો ઉપરથી નાગની જેમ એની ચોકી કરવાની. મળતરમાં આવી બદનામી.

**મૂળી ડોશી** : નંદુભાઈ, તમને મેં આવા નો'તા ધાર્યા.

**નંદનંદન** : મૂળીબાઈ, તમે મને શું ધાર્યો'તો એ સાથે હું કેટલી નિસ્બત ધરાવી શકું? મારે બીજું પણ કામ કરવાનું છે કે નહિ ?

**ચિત્રગુપ્ત** : બીજાં કામ એટલે તો ધનપ્રાપ્તિનું ને ? અર્થોપાર્જનનું જ ને ?

**નંદનંદન** : હાસ્તો, જે જવાબદારી હોય તે તો અદા કરવાની જ ને ?

**ચિત્રગુપ્ત** : હું એ જ કહેતો હતો ! અહીં, એ ખુશાલ થતું હતું. આ અનામત રાખવી એ પણ એક અર્થોપાર્જન જ હતું ને ? કેટલાને તમે મૂડી પાછી આપી ? કેટલાને ખરો અવેજ પાછો આપ્યો ? કેટલાના ડબ્બા તમે ઓળવ્યા ?

**નંદનંદન** : આ ખોટી વાત છે.

**ચિત્રગુપ્ત** : આ મૂળીબાઈનાં નાણાં તમે પાછાં આપેલાં ?

**નંદનંદન** : ના, કારણ કે એ નાણાં એમનાં હતાં જ નહિ !

**મૂળી ડોશી** : ત્યારે કોનાં હતાં ?

**નંદનંદન** : ધર્માદાનાં; મૂળી ડોશીએ એમ કહીને જ મૂક્યાં હતાં.

**મૂળી ડોશી** : નરદમ જૂઠાણું છે; એવું મેં કહ્યું જ નથી.

**નંદનંદન** : એમાં કહેવાની જરૂર શી ? કોઈનો વંશવારસ હોય નહિ તો એનું ધન તો ધર્માદાનું જકહેવાય ને ?

**ચિત્રગુપ્ત** : એટલે કે એના વારસ અને ઉપભોગ કરનાર તમે, ખરું ને ?

**નંદનંદન** : તમે લોક માત્ર એક જ વિચાર કરો છો; એની જવાબદારી પણ સમજી લેવી જોઈએ.

**ચિત્રગુપ્ત** : કોઈની આખી જિંદગીની કમાણી તમે ઓળવી લો અને એને ભૂખે મરવાનો વારો આવે એવોવિશ્વાસઘાત કરો, એ જ તમારી જવાબદારીને ?

**નંદનંદન** : મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી.

**ચિત્રગુપ્ત** : કારણ કે તમે સાચો ન્યાય શો છે એ સમજતા નથી.

[અંધારું]

[પ્રકાશ. સભાગૃહ, શ્રી ચેતન વ્યાખ્યાન આપતા હોય છે.]

**ચેતન** : આપણા મનમાં એક માન્યતા એવી દઢ થઈ છે કે દુનિયામાં માણસ જ્યારે કશું સત્કાર્ય કરે છે ત્યારે એની પાછળ એના મનમાં કીર્તિનો કે એવા કશાનો મોહ કામ કરતો હોય છે. નિર્ભેળ સેવા જાણે આ દુનિયાની નહિ, પણ અન્ય કોઈ દુનિયાની વસ્તુ હોય એવી જ માન્યતા બંધાઈ ગઈ છે. સ્વર્ગસ્થ શેઠ નંદનંદન આમાં અપવાદરૂપ હતા એમ મારી જાતમાહિતી ઉપરથી હું કહી શકું એમ છું. કીર્તિની લાલસા કે દુનિયાની વાહવાહ એ એમની સખાવતોનું કારણ ન હતું. નંદનંદનભાઈએ દુનિયાની લીલી અને સૂકી બંને જોઈ હતી, જીવનમાં ટાઢ અને તાપ બંને એમણે વેઠ્યાં હતાં, વસંત અને પાનખર બંને એમણે અનુભવ્યાં હતાં. એ અનુભવે એમનામાં સહાનુભૂતિ પ્રેરી હતી. કોઈના દુઃખ પર પોતાનો કીર્તિમિનાર રચવાની આકાંક્ષા એમણે રાખી ન હતી. એ કહેતા : કોઈનુંય દુઃખ તલભાર પણ હું ઓછું કરી શકું, એના જેટલો લાભ મને આ જિંદગીમાં બીજો શો મળવાનો છે ? મળી છે તે સંપત્તિનો ઉપયોગ જો એ માટે થઈ શકે તો એના જેવું બીજું કયું સાર્થક હોઈ શકે ? અને એટલે જ એમણે ખુલ્લે હાથે, ઉદાર દિલે,

વ્યક્તિ કે સંસ્થા, સહુને નભાવ્યાં છે. આજે જો નંદનંદન શેઠની હૂંફાળી છાંય ગુમાવી હોય તો એ પેલાં સમાજે તિરસ્કારેલાં અનાથોએ ગુમાવી છે.

**[અંધારું]**

[પ્રકાશ, ચિત્રગુપ્તનો દરબાર]

**ચિત્રગુપ્ત** : ત્યારે તમારું દાન કીર્તિદાન ન હતું, એમ ?

**નંદનંદન** : કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું ન'તું પડતું.

**ચિત્રગુપ્ત** : ત્યારે તમારા દાન પાછળનો હેતુ શો હતો ?

**નંદનંદન** : તમેય કેવો સવાલ કરો છો ? દાન પાછળ શો હેતુ હોતો હશે ? દુઃખ દેખી ન ખમાય ત્યારે એને ઓછું કરવા કોશિશ કરીએ; બે પૈસા આપી છૂટીએ.

**ચિત્રગુપ્ત** : પણ દુઃખ દેખી ન ખમાય એ સ્થિતિ ક્યારે આવે ?

**નંદનંદન** : માણસ હોય અને એને દિલ હોય તો એ સ્થિતિ આવવાની રાહ જ જોવી ન પડે.

**ચિત્રગુપ્ત** : એમ ને ? (વાત બદલતાં) તમે માલતીને તો ઓળખતા જ હશો ?

**નંદનંદન** : માલતી ? તમે શું બોલો છો ?

**ચિત્રગુપ્ત** : સ્મૃતિને તાજી કરી જુઓ : તમારા બંગલાની પડોશમાં જ એક કુટુંબ રહેતું હતું, ત્યાં વિધવા પુત્રવધૂ હતી. (થોડી વાર અટકી જઈ) હજુ વધારે કહું ? સ્મૃતિ તાજી કરવા ?

**નંદનંદન** : તાજી થઈ હવે. એનું શું છે ?

**ચિત્રગુપ્ત** : મારે એટલું જ કહેવું છે કે અનાથાશ્રમ સાથેનો તમારો સંબંધ માલતી સાથેના તમારા સંબંધને લઈને હતો. ત્યાર બાદ તો તમે વિધવાશ્રમનેય સહાય કરી - આવા જ કારણે.

**નંદનંદન** : તમે તો જાણે એવું દેખાડવા મથો છો કે મેં દુનિયામાં મોટું પાપ આચર્યું છે !

**ચિત્રગુપ્ત** : પાપની તમારી વ્યાખ્યા શી હશે એ હું નથી જાણતો; બાકી આ માલતીની વારંવાર થતી કફોડી દશામાં તમારા હિસ્સાનો જ્યારે તમને ખ્યાલ આવ્યો ત્યારે તમે અનાથાશ્રમને સહાય કરવા માંડી, એટલી તો સાચી હકીકત છે ને ?

**નંદનંદન** : આ બદલ તો ઊલટો માણસને સરપાવ આપવો જોઈએ.

**ચિત્રગુપ્ત** : સરપાવ તો તમને મળ્યો જ છે ! જીવતા અને મૂઆ બાદ પણ દુનિયા તમને દાનવીર કહે છે એટલો સરપાવ ઓછો છે ?

**નંદનંદન** : વ્યંગ અને કટાક્ષ બંને સમજાય એવી ચીજો છે, પણ એને હું પાપ માનતો નથી. ઊલટું, ગીતાનો સારબોધ જીવનમાં ઉતાર્યાનું વાજબી અભિમાન...

**પાર્ષદ** : કર્મયોગીનો આદર્શ !

**[અંધારું]**

[પ્રકાશ, સભાગૃહ]

[દેશપ્રિય શક્તિશરણ વ્યાખ્યાન કરે છે.]

**શક્તિશરણ** : આપણા દેશમાં પૈસાદારોનું રાજકારણ એક જુદી જ વસ્તુ છે. એમનો પરમમાં પરમ સિદ્ધાન્ત, સ્વાર્થસાધનાનો હોય છે. ધણીને ધા કહેવી અને ચોરને નાસી જવાની સહુલિયત કરી આપવી એવું એમનું વર્તન હોય છે. લોકલાગણીનો લાભ ઉઠાવવો એને જ એમણે દેશસેવા માની હોય છે. આવા સંજોગોમાં સદ્‌ગત નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, એમની જ્વલંત દેશભક્તિ, એમની સિદ્ધાન્તનિષ્ઠા અને

દાનશૂરતા એ સાચે જ અપ્રતિમ હતાં. ભોગ આપવાની વાતથી એ કદી પણ ડગ્યા નથી. અપમાન વેઠીને ટુકડો સ્વાર્થ સાધવાને એ ક્યારેય તૈયાર ન'તા. માથામાં વાગે એવો જવાબ એ આપતા. રાષ્ટ્રપ્રેમનાં જ્વલંત ઉદાહરણ એમના વ્યવહારમાં આપણને ઠામ ઠામ નજરે મળી આવશે.

**[અંધારું]**

[પ્રકાશ,ચિત્રગુપ્તનો દરબાર]

**ચિત્રગુપ્ત** : નંદનંદનભાઈ, હવે આપણે તમારી દેશસેવાની વાત કરીએ.

**નંદનંદન** : એમાં વાત કરવા જેવું શું છે ? મારી ફરજ હતી અને એ મેં બજાવી.

**ચિત્રગુપ્ત** : બરાબર છે, તમારી અને સહુની ફરજ હતી. માત્ર શું બજાવ્યું એ જ સવાલ છે.

**નંદનંદન** : દેશસેવકોએ શરૂ કરેલા ફંડફાળામાં પૈસા આપવામાં મેં ક્યારે પણ આનાકાની કરી નથી. અરે, એના વહીવટ વિશે પણ મેં એક સખુન નથી કાઢ્યો ! મેં તો પૈસા આપી દીધા, પછી એમને કરવું હોય તે કરે !

**ચિત્રગુપ્ત** : પણ તમે કાંઈ એકલા દેશસેવકોને જ પૈસા ન'તા આપતા, સરકારી અમલદારોને પણ સારી પેઠે પૈસા આપતા હતા.

**નંદનંદન** : ખરી વાત છે. તમારા જેવાઓને આ અજુગતું લાગે છે, કારણ કે તમે લોકવહેવારુ નથી, દુનિયામાં રહેતાં તમને આવડતું નથી. દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે. અને ખપ પડે એ બધી વસ્તુને એની કિંમત હોય છે. મફત મળે એ હવાપાણીથી પેટ ઓછું ભરાય છે ?

**ચિત્રગુપ્ત** : ત્યારે આ ફંડફાળા તો જીવતરની કિંમત ચૂકવવાના સવાલ જેવા જ ને ?

**નંદનંદન** : એમાં ખોટું શું ? અને એ બહાને મારા થોડાઘણા દેશવાસીઓને સહાયભૂત પણ થતો.

**ચિત્રગુપ્ત** : પેલી સ્વદેશીની ચળવળનું શું ?

**નંદનંદન** : એના પ્રચાર પાછળ મેં લાખો રૂપિયા ખર્ચ્યા છે. દેશ જો બધું સ્વદેશી વાપરતો થાય તો પરદેશી સત્તાની પકડ આપોઆપ તૂટી જાય !

**ચિત્રગુપ્ત** : આમાં સરવાળે કેટલો નફો થયો ? સ્વદેશીની ભાવના અંગે તમારાં કારખાનાંને કેવુંક ઉત્તેજન મળ્યું ?

**નંદનંદન** : એ તો સાદા અર્થશાસ્ત્રનો સવાલ છે. માંગ જાગે એટલે પુરવઠો મળી રહે.

**ચિત્રગુપ્ત** : અને ક્યારેક માગને ઊંઘમાંથી ઢંઢોળીને જગાડવી પડે !

**નંદનંદન** : હા, એમ પણ બને !

**ચિત્રગુપ્ત** : સ્વદેશીને નામે તમે બધું સ્વદેશી જ આપેલું ?

**નંદનંદન** : સ્વદેશીની તમે કેટલી સાંકડી-સંકુચિત વ્યાખ્યા કરો છો !

**ચિત્રગુપ્ત** : તો, તમે વેચો તે બધું સ્વદેશી, એવી વ્યાખ્યા તમને માફક આવશે ?

**નંદનંદન** : એ તો ઠીક છે; બાકી પ્રજાની જરૂરિયાત પૂરી પાડવી એ મારી કાયમની નેમ રહી છે.

**ચિત્રગુપ્ત** : તો પછી તમે કાળાબજાર કેમ કર્યાં ?

**નંદનંદન** : સાચે જ તમારા જેવા સમજુ માણસ આમ બોલે છે ત્યારે મને કાળ વ્યાપે છે, પહેલી વાત તો એ છે કે બજાર માત્ર કાળું છે. ધોળાં બજાર તો હૈયાફૂટાઓની

કલ્પનાનો વિષય છે. બીજી વાત એમ છે કે એમ કરીને દેશની વસ્તુ દેશમાં જ રહેવા દીધી એનો ગુણ તમારા હૈયામાં વસતો નથી. અને ત્રીજી વસ્તુ એ છે કે તમને પડેલા પડદા ઊંચકવાનો નકામનો શોખ ભારે લાગે છે; હું તો હંમેશાં કહેતો કે ભાઈઓ, થઈ ગયું તે થઈ ગયું, હવે પછીની વાત કરો.

**ચિત્રગુપ્ત** : તમે તો કાળાબજારસંહારક સમિતિમાં હતા, ખરું ને ?

**નંદનંદન** : એનો પ્રમુખ હતો.

**ચિત્રગુપ્ત** : એ વધુ સારું. અને તમે તો વહેવારુ રહ્યા. તમારી સમિતિએ કામ કરવું હોય તો કાળાબજાર હોવાં જ જોઈએ. નહિ તો તમે સંહાર શેનો કરો ?

**નંદનંદન** : સાચું કહ્યું. ખરું પૂછો તો હવે મને તમારા વિશે કાં'ક શ્રદ્ધા બંધાતી જાય છે. મારો સહવાસ મળશે તો તમને હું વહેવારુ તો બનાવી શકીશ.

**ચિત્રગુપ્ત** : હું દિલગીર છું, પણ મને એ લાભ નહિ મળી શકે.

**નંદનંદન** : કારણ ?

**ચિત્રગુપ્ત** : કારણ કે તમારો મુકદ્દમો પૂરો થયો. હવે ફેંસલાનો વારો આવ્યો.

**નંદનંદન** : શેનો ફેંસલો ?

**પાર્ષદ** : પેલી મેં કહી હતી એ બાદબાકી. તે પતી, હવે આવ્યો ગુણાકારનો વારો.

**[અંધારું]**

[પ્રકાશ, સભાગૃહ. ભાઈસાહેબ ઉપસંહાર કરતા હોય છે.]

**ભાઈસાહેબ** : આવા એક વીર પુરુષને ગુમાવ્યાથી શહેર આજે જાણે ભાંગેલું જણાય છે. જાય છે તેની જગ્યા પૂરવા માટે નાખી નજરે પણ માણસ મળતા નથી, એટલું જ માત્ર દુઃખ નથી, દુઃખ તો એ છે કે માણસનું મન સાંકડું થતું જાય છે. સમષ્ટિના કલ્યાણની ભાવના આજે પુસ્તકો પર જ રહી છે. પણ મને એનુંય દુઃખ નથી. એક રીતે હું કહું તો ઉપનિષદના પરમ આદર્શ **तेन त्यक्तेन मुञ्जीथाः**નો એક નમૂનો આપણા જીવનમાં આપણને વૈકુંઠવાસી નંદનંદનમાં જીવતો જોવા મળ્યો, એને આપણું પરમ સૌભાગ્ય સમજવું જોઈએ. સ્મારકનોવિચાર અહીં સભામાં થયો. અને જે ભાઈઓએ ઉત્સાહભેર એ કામ ઉપાડ્યું છે તે જોતાં એ સુયોગ્ય રીતે પાર પડશે એ વિશે પણ મને જરાકે શંકા નથી. અંતમાં મને બાઇબલનું પેલું વાક્ય : સોયના નાકામાંથી ઊંટ પસાર થાય, પણ સ્વર્ગના દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહિ,એ યાદ આવે છે; પણ સદ્‌ગત નંદનંદને એ ખોટું પાડી બતાવ્યું. જીવીને જીવનને સાંકડી ઘાંટીમાંથી, કાજળની કોટડીમાંથી એ જાત બચાવીને બહાર નીકળી ગયા. સોયના નાકાના એક અપવાદને પરમાત્મા અમર અને ચિરશાંતિ આપો.

**[અંધારું]**

[પ્રકાશ થાય છે ત્યારે રંગમંચનું સભાગૃહ ખાલી છે, પ્રેક્ષકગૃહમાંથી બહાર નીકળતા તમાશબીનો ખાલી ખુરશીઓ પાસે અટવાતા પેલા શોકસભાના નિમંત્રણને કશીય લાગણી વિના જોઈ રહે છે.]

[પડદો પડે છે.]

**જયંતિ દલાલ**

## 4.4 કૃતિનો સારાંશ

**ખંડ ૧ :**

'સોયનું નાકું' જયંતિ દલાલનું ખ્યાત એકાંકી છે. આ એકાંકીની શરૂઆતમાં સ્થળની વિશેષતા એ છે કે પ્રેક્ષક અને રંગભૂમિને અલગ કરતો કોઇ પડદો જ નથી. જેમ પ્રેક્ષકગૃહમાં ખુરશીઓ છે તેમ રંગમંચ પર પણ અર્ધચંદ્રાકારે ગોઠવેલી ખુરશીઓ છે.વચ્ચે એક મોટું મેજ છે, મેજ પર બિછાવેલી ચાદર એ એક જ માત્ર જવનિકા છે.

ધીમેથી દરવાજામાંથી એક પીઢ ગૃહસ્થ, ગાંધીટોપી-પહેરણ-ઘડિયાળ અને સોનેરી સાંકળી, હાથમાં લાકડી અને બંને હાથ જોડી નમસ્કાર કરતો પ્રવેશે, ત્યાં નાટક શરૂ થાય.એક કાર્યકર્તા ભાઈ પત્રિકા વાંચવાની શરૂઆત કરે અને તેમાં શહેરના અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવીર અને આપબળે આગળ આવેલા શેઠ નંદનંદનના અવસાન બદલ સભાગૃહમાં શોકસભા મળશે, એમ કહી પોતાનું સ્થાન લઈ લે. શ્રીભાઈસાહેબને અધ્યક્ષસ્થાન લેવા માટે નાગરદાસ ટેકો જાહેર કરે. ભાઈસાહેબ સ્વર્ગસ્થ શેઠ નંદનંદનભાઈ વ્યક્તિત્વની સુવાસ, પુરુષાર્થ અને સફળતા માટે અહોભાવ વ્યક્ત કરતા હોય ત્યાં અચાનક રંગમંચ પર અંધારું થઈ જાય. પછી રંગમંચ પર પ્રકાશ પડે તો પેલું સભાગૃહ દેખાતું નથી અને વિશાળ રાજમાર્ગ નજરે ચડે.

નંદનંદન શેઠ ચાલતા એ રાજમાર્ગ પર જઈ રહ્યા છે, પાર્ષદ તેમની પાછળ છે.નંદનંદન શેઠ પોતાની સાથે અહીં સારું વર્તન થઈ રહ્યું નથી, પોતાનો વિવેક જળવાતો નથી એમ ફરિયાદ કરતો રહે.પાર્ષદ નંદનંદનની સાથે એક સામાન્ય માણસની જેમ વ્યવહાર કરતો રહે, નંદનંદનની મિલમાં કામ કરતો એક માણસ આ રાજમાર્ગ પરથી પાલખીમાં જાય છે તેથી નંદનંદન પ્રતિષ્ઠાનો રોફ જમાવવા પાલખી માંગે. ત્યારે પાર્ષદ કહે કે,તમારી મિલમાં કામ કરતા ગરીબ માણસના જ પગ જતા રહ્યાં તેથી પાલખીમાં છે તેમ પાર્ષદ જણાવી નંદનંદનને સવાલોના જવાબ ચિત્રગુપ્તના દરબારમાં મળશે. પાર્ષદ ચિત્રગુપ્તના દરબારમાં પાપપુણ્યનો સરવાળો સમજવા માટે નંદનંદનને ત્યાં લઈ જઈ રહ્યો છે.અહી પાપપુણ્યનો સરવાળો થયા પછી બાદબાકી અને ગુણાકાર થાય, એમ પાર્ષદ જણાવે તો નંદનંદન ફરી વિવેક ન હોવાની ફરિયાદ કરે, બંને પગપાળા ચિત્રગુપ્તના દરબારમાં પહોચે.

ચિત્રગુપ્ત સ્વર્ગવાસી શેઠ નંદનંદનને જીવનની કારકિર્દી, કપરા સંજોગો, તેમની ખંત-પ્રામાણિકતા તથા વેપારી કુનેહ અને વહેવારુ બુદ્ધિ વિશે સ્મરણ કરાવતા હોય ત્યાં નંદનંદન ચિત્રગુપ્તને લલકારે કે, 'આ વાતો કરવાનો તમને શો હક છે ? હું આ બધું મારી પોતાની શક્તિથી કમાયો છું.'- ચિત્રગુપ્ત, નંદનંદનને સત્ય જણાવવા આગ્રહ કરે છે. ચિત્રગુપ્ત આ સાંભળી ભોગીલાલને બોલાવે. નંદનંદન શેઠ ભોગીલાલને ઓળખે. નંદનંદન શેઠે કારકિર્દીના શરૂઆતના સમયમાં ભોગીલાલના દશ હજારની ઉચાપત કરી હતી અને પરત પણ કર્યા ન હતા, એમ કહે ત્યારે નંદનંદન દલીલ કરે છે કે, તે પહેલાં તો ભોગીલાલ ગુજરી ગયા હતા. આ સંવાદ પછી ફરી રંગમંચ પર અંધારૂ થાય.

**ખંડ : ૨**

પ્રકાશ થતાં સભાગૃહ દેખાય અને રાજેશ્રી અગ્નિકુમાર ભાષણ કરતા હોય. તે નંદનંદન શેઠની પ્રામાણિકતા, કુશળ જીવનવ્યવહાર અને આચરણ વિશે વખાણ કરે તથા નંદનંદન શેઠે કોઈના પૈસા ઉધાર રાખ્યા નથી, તેને બદલે તો અનાથ બાળકોની મિલકત અને વિધવાઓની પૂંજી તેમને ત્યાં અનામતરૂપે રાખી દુવાઓ મેળવી છે, એમ ભાષણ કરતા હતાં ત્યાં ફરી અંધારું થાય.

હવે ફરી પ્રકાશ થતા નંદનંદન 'ભોગીલાલ'વાળી વાતનો વિરોધ કરતા હોય ત્યાં ચિત્રગુપ્ત હવે મૂળી ડોશીને હાજર કરે. જેમણે પોતાના પૈસા નંદનંદન શેઠને ત્યાં અનામત પૈસા મૂક્યા હતાં અને મૂળી ડોશીને વારસ ન હોવાથી તે બધા પૈસા ધર્માદાના નામે નંદનંદન શેઠે પડાવી લીધા હતા.આ એક પછી એક સત્ય ઉજાગર થતા નંદનંદન શેઠ ચિત્રગુપ્ત સાથે દલીલ કરતા હોય ત્યાં ફરી અંધારું થાય.

પ્રકાશ થતા સભાગૃહમાં શ્રી ચેતન નંદનંદનની શોકસભામાં બોલતા હોય છે. તેઓ શેઠ નંદનંદને કરેલી નિર્ભેળ સેવા, કીર્તિ-લાલસા વગરની ઉદાર દિલે, વ્યક્તિ કે સંસ્થા માટે જે તેમણે કર્યું તે વિશે સુવચન ઉચ્ચારે છે અને અંધારું થાય.

પ્રકાશ થતા ચિત્રગુપ્તનો દરબાર રંગમંચ પર દેખાય કીર્તિદાનના મુદ્દા પર ન્યાય કરવા ચિત્રગુપ્ત માલતીની સ્મૃતિ તાજી કરાવે. વિધવા પુત્રવધૂ સાથેના પોતાના સંબંધને કારણે જ કફોડી પરિસ્થિતિથી બચવા નંદનંદન શેઠે વિધવાઆશ્રમ અને અનાથઆશ્રમને સહાય કરતા હતા, ને સત્ય છતું થાય. નંદનંદન શેઠ આ કૃત્યને પાપ માનવા તૈયાર નથી અને ગીતાના સારબોધને જીવનમાં ઉતાર્યાની વાત કરે, ત્યાં સભાગૃહમાં અંધારું થાય.

**ખંડ : ૩**

પ્રકાશ થયા બાદ દેશપ્રિય શક્તિશરણ વ્યાખ્યાન કરે છે. તે નંદનંદન શેઠના રાષ્ટ્રપ્રેમ, જવલંત દેશભક્તિ, સિદ્ધાંત નિષ્ઠા અને દાનશૂરતાની અપ્રતિમતા વિશે ઉદાહરણો આપે. ત્યાં ફરી અંધારું થઈ પ્રકાશ થાય ત્યારે ચિત્રગુપ્ત દેશસેવાનો ન્યાય તોલવા નંદનંદન શેઠે કરેલી દેશસેવા વિશે વાત કરે. જેમાં નંદનંદન શેઠે દેશસેવકોને પણ પૈસા આપ્યા હતા તો બીજી બાજુ કામ પાર પાડવા સરકારી અમલદારોને પણ પૈસા આપ્યા હતા તેનો ખુલાસો થાય.સ્વદેશી ભાવના પાછળનો નફો કમાવવાનો ઉદ્દેશ્ય ઉજાગર થાય. કાળાબજાર સંહારક સમિતિના પ્રમુખરૂપે કાળાબજાર કરવાનો આક્ષેપ પણ છતો થાય- આ પછી ચિત્રગુપ્ત મુકદમો પૂરો થયાનું જાહેર કરે. પાર્ષદ હવે બાદબાકી પત્યા બાદ ગુણાકારના વારાની જાહેરાત કરે ત્યાં સભાગૃહમાં અંધારું થઈ જાય.

છેલ્લે, સભાગૃહમાં પ્રકાશ થતા ભાઈસાહેબ ઉપસંહાર કરતા નંદનંદન જેવાં એક વીર પુરુષને ગુમાવ્યાનો અફસોસ વ્યક્ત કરતા વૈકુંઠવાસી નંદનંદનના ગુણગાન ગાઈ છેલ્લે બાઈબલનું વાક્ય ઉચ્ચારે : સોયના નાકામાંથી ઊંટ પસાર થાય, પણ સ્વર્ગના દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહીં, એ યાદ આવે છે; પણ સદ્‌ગત નંદનંદને એ ખોટું પાડી બતાવ્યું. જીવનની સાંકળી ઘાંટીમાંથી, કાજળની કોટડીમાંથી એ જાત બચાવીને બહાર નીકળી ગયા. સોયના નાકાના એક અપવાદને પરમાત્મા અમર અને ચિરશાંતિ આપો.- આ અંતિમ વાક્ય સાથે સભાગૃહમાં અંધકાર છવાઈ જાય અને પ્રકાશ થાય ત્યારે રંગમંચનું સભાગૃહ ખાલી હોય અને

પ્રેક્ષકો બહાર નીકળતા તમાશબીનો ખાલી ખુરશીઓ પાસે અટવાતા પેલા શોકસભાના નિમંત્રણને કશીય લાગણી વિના જોઈ રહે છે, ત્યાં પડદો પડે અને એકાંકી પૂર્ણ થાય.

### 4.5 કૃતિલક્ષી ક્રિયાત્મક સઘન અધ્યયન

'સોયનું નાકું' પ્રયોગશીલ એકાંકીમાં જયંતિ દલાલનો મુખ્ય હેતુ સમાજસુધારણાનો રહ્યો છે. અપ્રમાણિકતા દાખવ્યા વિના ધનવાન બની શકાય નહીં, તેવી વૈચારિક પૃષ્ઠભૂમિ પર આ કૃતિ રચાઈ હોવાનું સહજ અનુભવાય છે. આ વિચારના સમર્થનમાં જ જયંતિ દલાલે બાઈબલના વાક્યને અહીં મૂક્યું છે કે, 'સોયના નાકામાંથી ઊંટ પસાર થાય પણ સ્વર્ગ દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહીં' અને અહીં તમે એકાંકીનો અભ્યાસ કર્યા બાદ જોશો તો એકાંકીકાર નંદનંદન શેઠ જેવા ધનવાન વ્યક્તિને સ્વર્ગની સોયમાંથી પસાર થવા દેતા નથી. પોતાને સ્વર્ગના અધિકારી માનતા નંદનંદન સામે ચિત્રગુપ્તનો ચોપડો ખૂલતા, પૃથ્વી અને સ્વર્ગ પર વિરોધાભાસી પરિસ્થિતિ સર્જાય પણ તે એકબીજાની સમાનાંતરે નંદનંદન શેઠનું વ્યક્તિત્વ ઉઘડતું જાય. બંને સ્થળના સમાનાન્તર ચાલતા દશ્યોમાંથી નિપજતું વ્યંગ-કટાક્ષનું ચિત્ર એકાંકીને બળ આપે. સિનેમેટિક તકનીકના પ્રયોગની દશ્યપલટાઓથી પૃથ્વી અને સ્વર્ગ દર્શાવાય અને તખ્તાનું બે ભાગમાં થયેલાં વિભાજનને બખૂબીથી નિભાવવાનો યશસ્વી પ્રયોગ અહી જયંતિ દલાલ દ્વારા કરવામાં આવ્યો છે.

દશ્યના પલટા અને પ્રકાશ આયોજનથી આંખુ એકાંકી ધીમેધીમે પ્રેક્ષકોની સામે ઉઘડતું જાય, સમજાતું જાય. અહીં આ જયંતિ દલાલના એકાંકી વિશે ગુજરાતી ગ્રંથકાર શ્રેણીમાં-28માં રઘુવીર ચૌધરી યોગ્ય જ કહે છે કે, 'આ નાટકનું નાટકત્વ જ એમાં પ્રયોજાયેલી રંગમંચને બે ભાગમાં વહેંચવાની યુક્તિમાં રહેલું છે. આ યુક્તિ એટલી સાદી નથી. પ્રકાશયોજના દ્વારા દશ્ય-પરિવર્તનના સૂચન ઉપરાંત લેખકે વાસ્તવિક, આભાસ અને ચિત્રગુપ્તના પુરાકલ્પનનો એક સાથે ઉપયોગ કર્યો છે, નાટકનો વિષય સુધારક જયંતિભાઈને સૂઝે એવો છે, પણ એ નોંધપાત્ર લાગે છે નાટકકાર જયંતિભાઈની પ્રયોગશીલતાને કારણે. તખ્તા પરનો પ્રયોગ ગંભીર અને વિષયવસ્તુ પ્રહ્સનનું ! પ્રહસનોને જયંતિભાઈ જ આવી કલાત્મક માવજત આપી શકે'. આપણી આસપાસ દેખાતા સમાજમાં આપણી કહેવાતી શોકસભાઓના દંભને સફળતાપૂર્વક દર્શાવે છે. એક તરફ શોકસભામાં વક્તાજન્ય સંવાદો, કટાક્ષચિત્રો અને ઠાલા કર્મકાંડ છે, તો બીજી તરફ સ્વર્ગના દશ્યમાં રમૂજપ્રેરક સંવાદો છે, આમ બેવડી ધરી પર એકાંકીકારે પોતાની કળાનો પરિચય આપ્યો છે.

એકાંકીની ભાષા અભિનયક્ષમ અને પાત્રોચિત્ત પણ છે. વસ્તુ અને ભાવને અનુરૂપ ભાષા પ્રયોજીને સંવાદોને બળ પૂરું પાડવામાં આવ્યું છે. શોકસભાની કૃતક અંજલિઓ એના કાકુમાં રજૂઆત પણ ધ્યાન ખેંચે એવી છે.

'સોયનું નાકું'માં બે સ્થળકાળને તખ્તાને બે ભાગમાં સમાવીને પાત્રના ચારિત્ર્યની તેજછાયાનું એક સાથે દર્શન કરાવતા જોવા મળે છે, અહીં પડદા અને પ્રકાશની તરકીબ દ્વારા એકાંકીની સ્વરૂપગત શક્યતાને જયંતિ દલાલે ખીલવી બતાવી છે. અત્યંત સહજતાથી કરેલું દશ્યનિર્માણ અને દ્વિદશ્યાત્મક રંગમંચસજ્જાની રચના આ એકાંકીને વિશિષ્ટતા અને લોકપ્રિયતા બક્ષે છે.

આ એકાંકીમાં શરૂઆતમાં આવતી બે દશ્યોની પ્રયુક્તિ એકાંકીના મધ્યાંતર સુધીમાં પોતાનું કુતૂહલ ગુમાવી દે છે. મધ્યથી અંત તરફ જતા એકાંકી કૈંક અંશે સ્થગિત થાય અને ત્યાં

પ્રેક્ષકો પર પકડ ગુમાવતું જાય સાથે આ ચમત્કૃતિ અંત સુધી જતાં બાઇબલમાં વાક્યથી મુખર બનતી પણ અનુભવાય છે. આ મુખરતાથી કૃતિની કલાત્મકતાને ક્ષતિ પહોચતું લાગે. સતીશ વ્યાસ 'આદર્શ એકાંકી'ની પ્રસ્તાવનામાં કહે છે તેમ, 'એક સમયે અત્યંત પ્રભાવક બનેલું આ એકાંકી સમયના આટલા અંતરે શિથિલ લાગે છે.'

જયંતિ દલાલના આ એકાંકીમાં વાસ્તવદર્શી નિરૂપણ સાથે સમાજમાં ડગલેપગલે દેખાયેલી – અનુભવાયેલી અસંગતિ, વિષમતા, અર્ધદગ્ધતા અને દંભી આચરણે જન્માવેલી અકળામણ તેમના નાટ્યસાહિત્યમાં એક વ્યાપક જીવનઅભિગમરૂપે લક્ષિત થાય છે. તેથી જ તેમનું એકાંકી તીખા વ્યંગ-કટાક્ષનું અહીં વાહન બને છે. 'સોયનું નાકું' એકાંકીમાં ફિલ્મનિર્માણનો અનુભવ તેમને ત્વરિત દશ્યપલટો અને ઉત્કટ કાર્યવેગમાં ખપ લાગ્યો છે.

## 4.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેના વાક્યો કોણ બોલે છે તે જણાવો.**

1. કયા માણસ જોડે કેવી રીતે વાત કરવી એનો વિવેક પણ છે કે નહિ! (પાર્ષદ/નંદનંદન/ભાઈસાહેબ)
2. મામાનું ઘર કાંઈ છેટું નથી. (નંદનંદન/ચિત્રગુપ્ત/પાર્ષદ)
3. કદાચ તમારી આખી જિંદગીમાં તમે આ પહેલી જ વાર સાચું બોલ્યા.(ચિત્રગુપ્ત/નંદનંદન/ઉત્તમચંદ)
4. નંદુભાઈ, તમને મેં આવા નો'તા ધાર્યા. (ચિત્રગુપ્ત/ઉત્તમચંદ/મૂળીડોશી)
5. સદ્‌ગત નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, એમની જવલંત દેશભક્તિ, એમની સિદ્ધાંતનિષ્ઠા અને દાનશૂરતા એ સાચે જ અપ્રતિમ હતા. (ઉત્તમચંદ/ભાઈસાહેબ/શક્તિશરણ)

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. ____________શેઠની શોકસભા યોજાઈ છે.
2. નંદનંદન શેઠને ચિત્રગુપ્ત પાસે _____________લઈ જાય છે.
3. ચિત્રગુપ્તના દરબારમાં ___________ વિવેક જણાતો નથી.
4. નંદનંદને ____________ના દશ હજાર રૂપિયાની ઉચાપત કરી હતી.
5. અનાથાશ્રમ સાથે નંદનંદનનો સંબંધ ____________ના લીધે હતો.

**ઉત્તર :**

(ક) 1. નંદનંદન 2. પાર્ષદ 3. ચિત્રગુપ્ત 4. મૂળી ડોશી 5.શક્તિશરણ

(ખ) 1. નંદનંદન 2. પાર્ષદ 3. નંદનંદન 4. ભોગીલાલ 5.માલતી

## 4.7 લેખન-પ્રવૃત્તિ

- સામાજિક દંભને ઉજાગર કરતાં એકાંકીઓની યાદી બનાવો.
- ગાંધીયુગના એકાંકીકારોની વિગતો મેળવો.
- જયંતિ દલાલના એકાંકીસંગ્રહોનું વાચન કરો.
- 'સોયનું નાકું' એકાંકીનું વાચિકમ્ કરો.
- જયંતિ દલાલે નાટ્યક્ષેત્રે કરેલા પ્રદાનની નોંધ તૈયાર કરો.
- નાટકમાં દશ્યનિર્માણકળા વિશે જાણકારી મેળવો.

### 4.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. શેઠ નંદનંદન વિશેના ભાઈસાહેબના વિચારો ટૂંકમાં જણાવો.
2. ચિત્રગુપ્ત સાક્ષી તરીકે નંદનંદન સામે કોને રજૂ કરે છે ?
3. ચિત્રગુપ્ત દરબારમાં ન્યાય માટેના માપદંડ જણાવો.
4. નંદનંદન શેઠની ધર્માદા પદ્ધતિ વિશે ટૂંકમાં જણાવો.
5. કાળાબજાર સંહારક સમિતિની પાછળનો નંદનંદનનો ઉદ્દેશ જણાવો.

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'સોયનું નાકું' એકાંકીનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.
2. 'સોયનું નાકું' એકાંકીમાં થયેલા સામાજિક કટાક્ષને તમારા શબ્દોમાં વર્ણવો.
3. શેઠ નંદનંદનનું ચરિત્રચિત્રણ કરો.
4. ચિત્રગુપ્તના દરબારમાં બનેલી ઘટનાનું હાર્દ રજૂ કરો.
5. 'સોયનું નાકામાંથી ઊંટ પસાર થાય'- આ વિધાન એકાંકી આધારે સમજાવો.
6. 'સોયનું નાકું' એકાંકીમાંથી નિપજતો વિરોધાભાસ ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો.
7. 'સોયનું નાકું'માં જયંતિ દલાલ દ્વારા દ્વિદશ્યાત્મક પ્રસ્તુતિ વિશે નોંધ કરો.

**(ગ) ટૂંકનોંધ લખો.**

1. 'સોયનું નાકું' એકાંકીનું શીર્ષક
2. 'સોયનું નાકું' એકાંકીનો આરંભ
3. સોયનું નાકું' એકાંકીમાં પાત્રનિરૂપણકળા
4. સોયનું નાકું' એકાંકીની શૈલી
5. સભાગૃહમાં નંદનંદન શેઠનું ઊભરતું વ્યક્તિત્વ

### 4.9 વિશેષ અધ્યયન

**કર્તા પરિચય : (જયંતિ દલાલ)**

**(જ. 18-11-1909 - અવ. 24-8-1970)**

જયંતિ ઘેલાભાઈ દલાલનો જન્મ અમદાવાદની જૈન જ્ઞાતિમાં સને 1909માં થયો હતો. પિતાશ્રી ઘેલાભાઈ દલાલ નાટકના જીવ હતા. દેશી નાટક સમાજવાળા ડાહ્યાભાઈ ધોળશાજીના તેઓ મિત્ર અને નાટક કંપનીના મૅનેજર હતા. આમ, જયંતિભાઈમાં રંગભૂમિ તરફનું આકર્ષણ નાનપણથી જ પડેલું હતું. પ્રાથમિક કેળવણી અમદાવાદમાં લીધા બાદ બી.એ.ના છેલ્લા વર્ષમાં 1930ના સત્યાગ્રહમાં જોડાયા અને અભ્યાસ અધૂરો રહ્યો. નાટ્યકાર, વાર્તાકાર અને અનુવાદક તરીકે વિશેષ જાણીતા જયંતિ દલાલ સતત રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા હતા. મહાગુજરાતની લડતમાં પણ તેમણે ભાગ લીધો હતો. સમાજવાદી વિચારક તરીકેનું તેમનું આગવું વ્યક્તિત્વ તેમના લેખનમાં પ્રતિબિંબ થાય છે. પત્રકાર તરીકે 'રેખા' માસિક શરૂ કર્યું અને 'ગતિ' ગ્રંથમાળા દ્વારા પુસ્તકો પ્રકાશિત કર્યા.

વર્તમાન રંગભૂમિના વિકાસમાં તેમનો ફાળો સ્મરણીય રહ્યો છે. 1934ના અરસામાં નાટકો તેમજ ચલચિત્રની દુનિયામાં તેમણે ઝંપલાવ્યું. તેઓ કલાના ચાહક હતા અને કલાની ઉત્તમતા માટે કશાની બાંધછોડ કરતા નહિ. 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'પ્રવેશ ત્રીજો', 'ચોથો પ્રવેશ' ઇત્યાદિ એકાંકીસંગ્રહોથી દાયકા-દોઢ દાયકા સુધી એકાંકીક્ષેત્રે એમનું નેતૃત્વ મહત્ત્વનું રહ્યું. તેમની પાસે સારાં અભિનેય એકાંકી ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થયા. મોટેભાગે વ્યંગલક્ષી એકાંકીમાં ગદ્યની ઇંબારત અને એની વૈવિધ્યપૂર્ણ સંવાદછટાથી એકાંકીઓમાં ઓછામાં ઓછાં પાત્રો, વિનોદલહરો દર્શાવતી સંવાદછટા,વ્યંગપ્રધાન ચમત્કૃત શૈલી, રંગભૂમિક્ષમતા, મનોવિશ્લેષણાત્મક સંઘર્ષ તથા ચોટદાર અંત, વાસ્તવદર્શી અભિગમ અને બુદ્ધિ-તર્કને સાથે રાખી શબ્દ અને અર્થની ચમત્કૃતિ ભાવકને રસથી તરબોળ કરવામાં મદદરૂપ સાબિત થાય, આ તેમની એકાંકીઓની લાક્ષણિકતા પણ બનતી. આ ઉપરાંત 'જૂજવાં', 'મૂકમ્ કરોતિ', 'આ ઘેરે પેલે ઘેર', 'ઈષત્' વગેરે વાર્તાસંગ્રહો; 'ધીમુ અને વિભા', 'પાદરનાં તીરથ' નવલકથાઓ; 'પગદીવાની પછીતેથી', 'શહેરની શેરી' એ રેખાચિત્રસંગ્રહો ઉપરાંત નાટક વિશે વિવેચન, ડાહ્યાભાઈ ધોળશાજીનાં નાટકોનું સંપાદન; 'યુદ્ધ અને શાંતિ' ભાગ ૧ થી ૪, 'હેલન કેલરની આત્મકથા', 'ખભે પિછોડીને દીઠો ચાંદ', 'એગમેમ્નોન', 'ફોન્તામારા' વગેરે ચાળીસ ઉપરાંત પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ જાણીતા છે.

1934માં 'બિખરે મોતી' ફિલ્મનું દિગ્દર્શન પણ કર્યું. તેમના સાહિત્યિક પ્રદાન માટે તેમને 1959માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને પછીથી નર્મદચંદ્રક એનાયત થયા હતા. વિવિધ જૂથના બાળકો-કિશોરો માટે તેમણે 'રંગતોરણ', 'રંગદ્વાર', 'રંગપગલી' અને 'રંગપોથી' નામક બાળનાટકો આપ્યાં, જ્યારે ડાહ્યાભાઈ ધોળશાજીના 'વીણાવેલી'ના એક પાત્રને કેન્દ્રમાં રાખી તેમણે 'ધમલો માળી' (1962) નામે રેડિયો સંકલન કર્યું તથા 'અવિરામ' જેવી કેટલીક એકોક્તિઓ પણ આપી છે.

**સ્વરૂપ પરિચય :**

'સોયનું નાકું' કૃતિ એકાંકી સાહિત્યપ્રકારની છે. ગુજરાતી સાહિત્યમાં નાટક જેમ સંસ્કૃત અને પાશ્ચાત્ય નાટકના સમન્વયમાંથી જન્મ્યું છે, તેમ આધુનિક એકાંકીના મૂળ પણ પૌરાણિક લઘુનાટકો અને પાશ્ચાત્ય નાટ્ય એકાંકીમાં મળે છે. સંસ્કૃતનાં સમૃદ્ધ નાટ્યસાહિત્યમાં રૂપક-ઉપરૂપક પ્રકાર એક અંકી નાટકનાં છે.પાશ્ચાત્ય સાહિત્યમાં મુખ્ય કાર્યક્રમના પ્રારંભમાં ટૂંકું નાટક ભજવાતું તે 'કર્ટેનરેઈઝર' તરીકે ઓળખાયું, અહીં એકાંકીનું ઉદ્ગમસ્થાન ગણાય છે. ઇ.સ.1903માં ઑક્ટોબરની છઠ્ઠી તારીખે લંડનમાં ડબલ્યુ જેકબની વાર્તા 'મંકીઝ પો' (Monkey's Pow) પરથી લૂઈ પાર્કરે કરેલી લઘુનાટિકા કર્ટેનરેઈઝર તરીકે રજૂ થઈ. પ્રેક્ષકોએ મુખ્ય નાટક જોયા વિના ચાલવા માંડ્યું. જનતાએ ઉમળકાભેર કર્ટેનરેઈઝરનું સ્વાગત કર્યુ અને એકાંકીના મૂળ સાહિત્યમાં નંખાય.

અંગ્રેજીમાં 'One act play', 'One Act or', 'Short Play' વગેરે શબ્દો દ્વારા ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે એકાંકી એક અંકનું હોય; પરંતુ, તેમાં એકાધિક દશ્યો કે પ્રવેશો હોઈ શકે. માર્જોરી વોલ્ટન એકાંકીની વ્યાખ્યા આપતા બે મુદ્દાઓ પર વધુ પ્રકાશ પાડે છે;

1. એકાંકી લગભગ અર્ધા, પોણા કલાકમાં ભજવી શકાય તેટલી સમયમર્યાદામાં ભજવાવું જોઈએ.

2. એકાંકીનો કાવ્યવ્યાપાર ચુસ્ત અને સઘન હોય છે.

સમયાંતરે ગુજરાતી સાહિત્યના સર્જક-વિવેચકો દ્વારા એકાંકી વિશેની ઘણી નોંધ મળતી રહી છે; તેમાં જયંતિ દલાલ 'જવનિકા'માં એકાંકીની વ્યાખ્યા આપતા કહે છે કે, 'કોઈ એક ઘટના, પરિસ્થિતિ કે વિષય (Theme)ને ઉત્કૃષ્ટ સંવાદિતા (Unity) તેમજ મિતવ્યયિતાથી (economy) નિરૂપતી અને સસ્ફોટપૂર્ણ થતી, એકીકૃત અને સમવેત પ્રભાવ ઉત્પન્ન કરતી સમગ્રતામાં આસ્વાદ્યતી, એક યા અનેક દશ્યો-પ્રવેશોમાં વિભાજિત અલ્પ સમયઅવધિમાં ભજવાતી નાટ્યકૃતિ તે એકાંકી'.

**વિશેષ વાચન :**

1. તમારે જયંતિ દલાલના 'અંધાર પટ', 'બસ-કંડક્ટર' અને 'અવતરણ' નાટ્યરચનાઓનું વાંચન કરવું જોઈએ, જેથી તપ્નાની દૃષ્ટિએ તેમણે અજમાવેલા નવીન પ્રયોગોનો તમને પરિચય મળી શકે.
2. જયંતિ દલાલની સર્જનાત્મક શૈલીના અભ્યાસ માટે 'જયંતિ દલાલનાં પ્રતિનિધિ એકાંકીઓ' તેમજ 'જયંતિ દલાલની શ્રેષ્ઠ વાર્તાઓ' સંચયોનું વાંચન કરો.
3. ભાનુપ્રસાદ ચોકસીના પુસ્તક 'મારાં પ્રિય એકાંકી'નું વાંચન કરવું જોઈએ.

**4.10 ટિપ્પણ**

**પ્રેક્ષક :**જોનાર; **પ્રેક્ષાગૃહ :**નાટકશાળા, થિયેટર; **રંગમંચ :**રંગભૂમિ; **અર્ધચંદ્રાકાર :**અડધા ચંદ્ર જેવો આકાર; **ગૃહસ્થ :**ખાનદાન માણસ, સજ્જન; **કેન્દ્રિત :**કેન્દ્રમાં સ્થિત કરેલું; **અગ્રગણ્ય :** મુખ્ય, ગણતરીમાં પહેલું; **સુપ્રસિદ્ધ :**ખૂબ જાણીતું; **પ્રદર્શિત :**બતાવેલું; **શોકજનક :**શોક ઉત્પન્ન કરનારું; **કલ્યાણકારી :**કલ્યાણ કરનાર પુરુષ; **શ્રોતાગણ :**સાંભળનારો સમુદાય; **અધ્યક્ષ :**પ્રમુખ; **સ્વર્ગસ્થ :**સ્વર્ગવાસી, મૃત; **પુરુષાર્થ :**મહેનત; **નિકટ :**નજીક, પાસે; **બેવકૂફ :** મૂર્ખ; **પ્રતિષ્ઠા :**આબરૂ; **અઘરું :**મુશ્કેલ; **અન્યાય :**ન્યાયનો અભાવ; **તિરસ્કાર :**અનાદર, ધિક્કાર; **કીર્તિ :** ખ્યાતિ, નામના; **પાલખી :** માણસો ઊંચકીને ચાલે તેવું સાધન; **કારકિર્દી :**કૅરિયર, કારભાર દરમ્યાનનો સમયગાળો; **પ્રામાણિકતા :**વિશ્વસનીયતા; **કુનેહ :**યુક્તિ, ચતુરાઈ; **સંપાદન :**મેળવવું તે, કોઈ પુસ્તક કે પત્ર પ્રસિદ્ધ કરવા તૈયાર કરવું તે; **દૃઢ :**સ્થિર, મજબૂત; **અવકાશ :**ખાલી જગ્યા; **સજ્જન :**સભ્ય, **ખાનદાની :**સદાચારી માણસ; **કૈલાસવાસી :**મૃત્યુ પામેલું; **પૂંજી :**દોલત; **અનામત :**થાપણ, સાચવી રાખેલું; **આદર્શ :** નમૂનેદાર; **દૃષ્ટિ સંમુખ :**દૃષ્ટિસમક્ષ, નજર સમક્ષ; **નિસબત :**સંબંધ, નાતો; **અર્થોપાર્જન :**પૈસા કમાવવા તે; **ખુશાલ :**સુખી; **વંશવારસ :**સંતતિ; **ઉપભોગ :**ભોગવટો, મજા લેવી તે; **વિશ્વાસઘાત :**દગાખોરી; **સત્કાર્ય :**સારું કાર્ય; **કોશિશ :**પ્રયત્ન; **અનાથાશ્રમ :**નિરાધારોને રહેવાનું સ્થાન; **કટાક્ષ :** વક્રોક્તિ, વ્યંગ; **સહાનુભૂતિ :**સમભાવ, દિલસોજી; **કર્મયોગી :**કર્મયોગનો સાધક; **સિદ્ધાંત :**નિયમ, પૂરી તપાસ કે વિચારણા પછી સાચો સાબિત થયેલો નિશ્ચિત મત કે નિર્ણય; **સ્વાર્થસાધુ :**પોતાનું સ્વાર્થ સાધનાર; **જ્વલંત :**પ્રકાશમાન, ઝળહળતું; **નિષ્ઠા :**શ્રદ્ધા, ભક્તિ, વફાદારી; **સુયોગ્ય :**સારી રીતે યોગ્ય કે લાયક; **સદ્‌ગત :**સારી ગતિ પામેલું, મૃત; **સમષ્ટિ :**સમગ્રતા; **ફાળો :**હિસ્સો, ફંડ, ઉઘરાણું; **દેશસેવા :**દેશની સેવા, રાષ્ટ્રસેવા; **અમલદાર :**અધિકારી; **અજુગતું :**અયોગ્ય, અઘટિત; **ઢંઢોળવું :**ખૂબ હાલવવું; **સંકુચિત :**સંકોચ પામેલું, સાંકડું; **હૈયાફાટ :**છાતી ફાટી જાય તેમ રડવું; **કાળાબજાર :**ગેરકાયદે છાનુંમાનું ચાલતું નફાખોરીનું બજાર, ઊંચી કિંમતે વસ્તુ વેચવામાં આવતી હોય તેવું

બજાર; **ચિરશાંતિ :**અપાર શાંતિ; **આકાંક્ષા :**ઇચ્છા, અપેક્ષા; **સૌભાગ્ય :**સારું ભાગ્ય, કલ્યાણ; **સ્મારક :**સંભારણારૂપે બનાવેલું બાવલું કે ઇમારત વગેરે.

**4.11 સંદર્ભસૂચિ**


- આદર્શ એકાંકી - સંપા. સતીશ વ્યાસ
- ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ - 6, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
- ગુજરાતી નાટ્ય સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ – મહેશ ચોકસી
- જયંતિ દલાલ અધ્યનગ્રંથ – સંપા, રઘુવીર ચૌધરી તથા અન્ય
- પ્રવેશ બીજો – જયંતિ દલાલ
- સર્જક દલાલ – ચંદ્રકાન્ત જોષી
- જયંતિ દલાલના પ્રતિનિધિ એકાંકીઓ – સંપા, વિનોદ અધ્વર્યુ સાથે અન્ય
- જયંતિ દલાલ ગુજરાતી ગ્રંથકાર શ્રેણી 28 – રઘુવીર ચૌધરી
- ત્રણ એકાંકીકારો(કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉમાશંકર જોષી, જયંતિ દલાલ) – ડૉ. વિષ્ણુભાઈ બી. પટેલ


---


**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ


---

# એકમ 5

## ચોરોના બચાવમાં

- જ્યોતીન્દ્ર દવે

રૂપરેખા

5.1 ઉદ્દેશો

5.2 પ્રસ્તાવના

5.3 કૃતિ

5.4 કૃતિનો સારાંશ

5.5 કૃતિલક્ષી અધ્યયન

ખંડ-૧

ખંડ-૨

ખંડ-૩

5.6 વસ્તુલક્ષી કસોટી

5.7 લેખન-પ્રવૃત્તિ

5.8 તમારી પ્રગતિ ચકાસો

5.9 વિશેષ અધ્યયન

- સર્જક પરિચય
- સ્વરૂપ પરિચય
- વિશેષ વાચન

5.10 ટિપ્પણ

5.11 સંદર્ભસૂચિ

### 5.1 ઉદ્દેશો

- 'ચોરોના બચાવમાં' હાસ્યરચનાનું વાચન કરવાથી આજના તનાવયુક્ત સમયમાં તમને આનંદ મળશે. તમે હળવાશ અનુભવશો.
- લેખકે વિનોદીશૈલીમાં ચોરોના જીવનને હળવા દૃષ્ટિકોણથી રજૂ કરેલ છે તે તમે જોઈ શકશો.
- વાચકોને હસતા રાખવા માટે ગંભીર વિચારની અભિવ્યક્તિ કેવી રીતે કરવામાં આવે તેનો અનુભવ થશે.
- આ નિબંધ દ્વારા હાસ્યશૈલીએ સર્જાતા નિબંધનો અનુભવ તમે કરી શકો છો.
- તમને જ્યોતીન્દ્ર દવેની અન્ય હાસ્ય રચનાઓને વાંચવાની જિજ્ઞાસા થશે.
- હાસ્ય તંદુરસ્ત જીવન માટે રામબાણ ઔષધ છે. જે હસી શકે તે જગતને હસાવી શકે છે એવી સમજ સહજ રીતે કેળવાશે.

### 5.2 પ્રસ્તાવના

આ એકમમાં જ્યોતીન્દ્ર દવે રચિત 'ચોરોના બચાવમાં' હાસ્યનિબંધમાં ચોરોની તરફેણમાં અનેક તર્કબદ્ધ દલિલો રજૂ કરી વાચકને હસતા રાખે છે. લેખક જ્યોતીન્દ્ર દવે

ચોરોના બચાવમાં આપણને અનેક સૂક્ષ્મ અવલોકનો રજૂ કરી ચહેરા ઉપર હાસ્ય અને હૃદયને તૃપ્તિ આપે છે. જેનો અનુભવ તમને મૂળ કૃતિના વાચનથી થશે.

આ નિબંધ દ્વારા જ્યોતીન્દ્ર દવે ચોરોના ચોરી કરવાની કુશળતાને હાસ્યરસની નિષ્પત્તિ માટે માર્મિક દાખલાઓ દ્વારા ચોરોને પડતી મુશ્કેલીઓને હળવા ઉદાહરણ સાથે રજૂ કરેલ છે. ચોર કેવા કેવા પડકારોનો સામનો કરીને ધન મેળવે તેની વિગતે વાત વાંચી વાચકને આનંદ મળશે. કોઈપણ ભાવક આ નિબંધનું વાચન કરી મરક મરક હસવા લાગશે. દરેક માણસ પોતાના જીવનમાં ક્યાંકને ક્યાંક ચોરી કરે તેના ઉદાહરણો વાચતા જ વાચક પણ ખડખડાટ હસી પડશે. ચોરોને કારણે વકીલોને ખૂબ ફાયદો થાય આ કેટલો મોટો ઉપકાર કહેવાય ? તંત્રીઓને દૈનિકોમાં લખવાનો વિષય મળી જાય અને એમને બીજા વિષયો શોધવાની મથામણ કરવી પડે નહીં. પોલીસખાતુ ચોરોને લીધે જ પ્રવૃત્તિમય રહે છે. લેખકે પોતાની આગવી છટાથી આ નિબંધમાં ચોરો વિશેના માર્મિક વિશ્લેષણો તારવી આપી, દાખલાઓ રજૂ કરી વિષયને પ્રગટ કરે છે. સમાજમાં પ્રવર્તતી 'ચોરી' શબ્દને નોખા જ દૃષ્ટિકોણથી આપણી સમક્ષ મૂકી આપે છે, દા.ત. કેટલા પ્રકારની ચોરી હોય છે ? તો સર્જક કહે : હૃદયની ચોરી, લગ્નની ચોરી, સાહિત્યની ચોરી, ને ભગવાન કૃષ્ણને માખણચોર કહે છે. આમ ચોર અને ચોરી વિશે લેખકે સઘળી વાતો સવિગત રજૂ કરી આપેલ છે. 'ચોરો' જેવા વિષયને કેન્દ્રમાં રાખી લેખકે આપણને હળવા કરે એવો અનુભવ થશે.

## 5.3 કૃતિ

સમાજે અનેકને અન્યાય કર્યા છે. તે સર્વેમાં ચોરને તેણે કરેલો અન્યાય કદી પણ ન ભૂંસાય એવો છે. ચૌર્યના કાર્યમાં તે કોઈ પણ પ્રકારની મદદ કરતી નથી, તેને માટે શાળાઓ સ્થપાતી નથી, ચૌર્યના શાસ્ત્રીય ગ્રંથો રચતી નથી, કલાવિદોને ઈનામ આપતી નથી, એટલું જ નહીં, પણ અંતરાયો છતાં પણ જે નરશાર્દૂલો એ કલામાં પારંગત થાય છે તેમને એ સરકારી મદદથી કેવા ક્ષુદ્ર ઉપાયો વડે કાર્ય કરતાં અટકાવે છે એ સર્વવિદિત છે.

આમ છતાં પણ ચોરો તો સમાજ પર ઉપકાર કર્યે જાય છે. शठं प्रत्यपि सत्यम् નહીં તો સુંદરમ્ તો તેઓ આચરે જ છે. ધારાસભામાં દરેક જાતિ ને પ્રાંતના આપણે પ્રતિનિધિઓ મોકલીએ છીએ, પણ ચોરના તરફથી પ્રતિનિધિ મોકલવાની કોઈને કેમ સૂઝ નથી પડતી ? હા, ધારાસભામાં બેસનારાઓમાંથી ઘણાને એ કલા તરફ પક્ષપાત હશે; પણ સત્તાવાર રીતે ચોરો તરફથી મોકલાયેલો પ્રતિનિધિ તો ત્યાં એકે હોતો નથી! આથી કલાના વિરોધીઓ ફાવી જાય છે. અને ચોરોની વિરુદ્ધ પોતાને ફાવતા કાયદા ઘડ્યે જાય છે, પરંતુ ઈશ્વરના રચેલા આ જગતમાં અસત્ય કદી સત્યથી દબાતું નથી, અન્યાય કદી ન્યાયથી હારતો નથી અને શાઠ્ય સૌજન્યથી કદી પરાસ્ત થતું નથી, એટલું શ્રદ્ધાળુ અને આસ્થાશીલ મનુષ્યને આશ્વાસનનું કારણ છે.

સામાન્ય રીતે આપણે ચોરો તરફ તિરસ્કાર કે ભયની વૃત્તિથી જોઈએ છીએ, પરંતુ જે વીરતા, ધૈર્ય, બુદ્ધિચાપલ્ય. સમયસૂચકતા, કાર્યતત્પરતા, ઉદ્યોગપરાયણતા અને ખાસ કરીને મતાંતરસહિષ્ણુતા ચોરો દાખવે છે. તે જાણ્યા પછી તેમના તરફ માન સિવાય બીજી કોઈ પણ દૃષ્ટિથી જોવું અશક્ય છે. મારા એક વિદ્વાન મિત્ર કહે છે :

'નાનપણથી જ ચોરની અનેકાનેક પરાક્રમકથાઓ આપણા હૃદયમાં કોતરાઈ ગયેલી હોય છે. જે ભયમિશ્રિત પૂજ્યભાવથી પાપભીરુ ધર્મપરાયણ પુરુષો ઈશ્વર તરફ જુએ છે, તેવા જ ભાવથી બાળકો ચોર તરફ જુએ છે. જેના આગમનના અણસાર માત્રથી બા મૂંગી બની જતી, અને ભાઈ (બાપ) માથેમોંએ ગોદડું ઓઢી લેતા તે અદ્ભુત વ્યક્તિ તરફ તિરસ્કારની વૃત્તિ કેમ સંભવે ?'

ચોરો સમાજ પર એટએટલા ઉપકાર કરી રહ્યા છે કે તેની ગણના કરવા બેસીએ તો ફરીથી ઊભા થવા પામીએ નહીં. એમણે રિસાયેલીનાં રિસામણાં છોડાવ્યાં છે, માનિનીના કંઠમાં મૃદુતા મૂકી છે, ઉન્નિદ્રોને નિદ્રિસ્થ બનાવ્યા છે, વકીલોનાં ગજવાં ભર્યાં છે, ભૈયા, પોલીસ વગેરે રક્ષકો સાથે મળી સહકારી મંડળો યોજ્યાં છે. અને વર્તમાનપત્રોના અધિપતિઓને લખવાની મૂંઝવણમાંથી મુક્ત કર્યા છે.

Distributon of wealth (દ્રવ્યની વહેંચણી) એટલે શું તે ચોરો જ સમાજને સક્રિય રીતે સમજાવે છે. મારા એક મિત્રે અર્થશાસ્ત્રનાં અનેકાનેક પુસ્તકો વાંચ્યાં છતાં જે સિદ્ધાંત સમજાતો નહોતો તે, જ્યારે એમને ઘેર ચોરી થઈ ને એમનું દ્રવ્ય વિભક્ત થઈ થોડું એમને ત્યાં રહ્યું ને થોડું ચોરને ત્યાં ગયું, ત્યારે એક રાતની અંદર સમજાઈ ગયો.

જેની પાસે અધિક દ્રવ્ય હોય છે તે ઓછા ધનવાળા પુરુષો તરફ તિરસ્કારથી જોતાં શીખે છે, અને ધનના મદમાં ભાન ભૂલી જાય છે. ચોરો આવા પુરુષોનું ધન હરી લઈ તેમને નમ્ર બનતાં શીખવે છે અને તેમના મદનું મર્દન કરી, તેમની આધ્યાત્મિક ઉન્નતિ કરવામાં સાધનભૂત થાય છે.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અર્થ એ અનર્થનું મૂળ છે, ધનની માયામાં મુગ્ધ થઈ મનુષ્યો સંસારની જાળમાં ફસાતા જાય છે; અર્થોપાર્જન ને તેનાં સાધનોમાં રચ્યાપચ્યા રહી ઈશ્વરોપાસનાથી વિમુખ થતા જાય છે. આવા અનર્થાવહ ધનની પીડામાંથી મનુષ્યને મુક્ત કરનારા જગતમાં બે જ છે- એક સદ્ગુરુ અને બીજો સચ્ચોર, ને છતાં મનુષ્ય બન્નેને અન્યાય કર્યે જાય છે.

મહાત્મા ગાંધીએ કાયદાનો સવિનય ભંગ કરવાનો ઉપદેશ હજી હમણાં જ આપણને આપ્યો છે. પરંતુ ચોરો નિરંતર કાયદાનો સવિનય ભંગ કરતા જ આવ્યા છે. શસ્ત્ર રાખવાનો પરવાનો ન આપવાનો સરકારે કાયદો કર્યો છે, તે સૌ જાણે છે. ચોરોએ એ કાયદાનો સવિનય ભંગ કરી આપણી નષ્ટ થતી વીરશ્રીને બચાવી રાખી છે. અમુક સ્થળમાં રજા વગર પ્રવેશ ન થાય એવો કૃત્રિમ કાયદો કરી સમાજે सबही भूमि गोपालकी वामें अटक कहां । એ પુરાતન પવિત્ર નિયમનું ઉલ્લંઘન કર્યું છે. ચોરોએ કાયદાનો પણ, સામા મનુષ્યની લાગણી ઉશ્કેરવાનો પ્રસંગ ન આવે તેની પૂરેપૂરી કાળજી રાખી ભંગ કર્યો છે. 'આ વસ્તુ મારી, બીજાથી એ ન લેવાય' એવા તુચ્છ મમતાદર્શક નિયમનો ભંગ પણ ચોરોએ, તમારી વસ્તુ બીજાથી લઈ શકાય છે એમ દર્શાવી કર્યો છે.

ચોરો સમાજ પર આવા ઉપકારો કરી શકે, કારણ કે તેમનામાં સામાન્ય જનસમૂહ કરતાં માનસિક, હાર્દિક તેમ જ આત્મિક ગુણસંપત્તિ ઘણા વિશેષ પ્રમાણમાં હોય છે. અનેકની સામે એકલે હાથે ઝઝૂમતો વીર ચોર આપણને પ્રાચીન કાળના રજપૂતોની વીરતાનું સ્મરણ કરાવે છે. આપણા કરતાં તેઓ કેટલા વધારે બહાદુર છે તેનો ખ્યાલ, પચાસ આદમીઓ, ચાલીસ પોલીસો ને દોઢ હજાર સ્ત્રીઓ મળીને જ્યારે એક ચોરને

નથી પકડી શકતાં, ત્યારે આવે છે. આપણી આધુનિક નિષ્પ્રાણ શારીરિક અવસ્થામાં જગત સમક્ષ આપણે ગૌરવપૂર્વક કોઈનો પણ નિર્દેશ કરી શકીએ એમ હોય તો તે ચોરોનો જ છે. અંગકૂદકો, હનુમાનકૂદકો, ત્વરિત ગતિની હરીફાઈ, સંતાકૂકડી વગેરે રમતોમાં આપણી પ્રજાનું ઊજળું મોં રાખનારા આપણા ચોરો જ છે. क्षमा वीरस्य भूषणम्! એ ન્યાયે આવી અદ્‌ભુત વીરતા સાથે તેમનામાં ક્ષમાનો ગુણ પણ અતિ વિરલ પ્રમાણમાં જોવામાં આવે છે. અંધારી રાતે સુખ-વિલાસનો પરિત્યાગ કરી, માથે કંઈ કંઈ ચિંતાઓ વહોરી, પારકા ઘરમાં પ્રવેશ કરી, અનેક અપરિચિત વસ્તુઓ સાથે અથડાઈકુટાઈ જ્યારે એ તિજોરીનું તળિયું ખાલી જોતો હશે ત્યારે એની વૃત્તિ કેવી થતી હશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. કોઈ પણ મનુષ્યને ક્રોધ ચડે તેવી અવસ્થામાં આવ્યા છતાં ખીજવાટની બૂમ સરખી પણ એ પાડતો નથી. ઘરનો માલિક નિઃસહાય, નિર્બળ છે, એમ જાણ્યા છતાં પણ તેનો અયોગ્ય લાભ લેતો નથી; એટલું જ નહીં, પણ સૂતો હોય તો તેની ઊંઘમાં ખલેલ પણ પહોંચાડતો નથી ! એ બંધાયો હોય, આસપાસ હજારો આદમી ઊભા હોય ત્યારે કેટલાયે પુરુષોની વીરતા જાગ્રત થાય છે. તેઓ એની નિઃસહાય, નિઃશસ્ત્ર અવસ્થાનો લાભ લઈ એના પર પ્રહારો કરે છે. કોઈક તો મોંમાં પાણી ભરી લાવી દૂર ઊભા રહી એના પર કોગળો કરી જાય છે ! છતાં મુખમાંથી કટુ વેણ સરખું તે કાઢતો નથી. નિસ્ત્રૈગુણ્યના પંથમાં વિચારતા, ઉદાસીન, સ્થિતપ્રજ્ઞ યોગી સમો એ સર્વ લીલા જોયા કરે છે. મુખ પર કોઈ પણ પ્રકારનો વિકાર એ દાખવતો નથી. કેવી અપૂર્વ ક્ષમાવૃત્તિ ને કેવો અદ્‌ભુત સંયમ !

બુદ્ધિવૈભવમાં તેમની તુલનામાં આવે એવા પુરુષો વિરલ જ હશે. વકીલોની તકરાર સાંભળી, પુરાવાઓ તપાસી જ્યુરીની મદદથી અમુક મનુષ્ય ગુનેગાર છે કે નહીં તેનો નિર્ણય કરવામાં જેટલી બુદ્ધિની જરૂર પડે છે, તેના કરતાં કેટલી વધારે બુદ્ધિની આવશ્યકતા, પરાયા મનુષ્યના ઘરની આંતરવ્યવસ્થા જોયા વગર તેની તિજોરી ક્યાં રહેતી હશે તે શોધી કાઢવામાં, તે શોધી કાઢ્યા પછી પણ તેમાંથી ગ્રાહ્ય વસ્તુનું ગ્રહણ કરવામાં, અને ગ્રહણ કરેલી વસ્તુનું સંગોપન કરી તેનું રક્ષણ કરવામાં-ટૂંકામાં યોગ અને ક્ષેમની સિદ્ધિ કરવામાં છે, તે જો ન્યાયાધીશ જાણે તો પોતે ન્યાયાસન પરથી ઊતરી પાંજરામાં ઊભેલા ચોરસિંહને એ આસન પર સ્થાપિત કરે, આપણા અનેક કેળવાયેલા પુરુષો કરતાં તેમનું જ્ઞાન ઘણું વધારે સંગીન, ઊંડું અને અનેકદેશી હોય છે. તાળાં તથા તિજોરીઓનાં રચનાત્મક કાર્ય તેમ જ ધ્વંસાત્મક પ્રતિકાર્યનું તેમને અદ્‌ભુત જ્ઞાન હોય છે. કઈ ભીંત પોલી છે તે કડિયાની મદદ વગર માત્ર આપણા જ ઘરમાં પ્રવેશ કરવાના બેત્રણથી વધારે રસ્તાનું જ્ઞાન હોતું નથી. મોડી રાતે આપણા અવાજથી આખા જગતને ગજાવી મૂકવાનો ઠરાવ કરીને ઘરવાળાંઓ નિદ્રાવશ થઈ ગયાં હોય, ને બની શકે તેટલો મોટો અવાજ કાઢ્યા છતાં પણ તેમને ઉઠાડી શકવાને આપણે અશક્ત થઈએ, ત્યારે ‘ઓટલા પર જ રાત ગાળવી પડશે કે શું ?’ એવા વિચારથી આપણી સ્થિતિ કેવી કરુણ થઈ જાય છે, તે ઘણાની અનુભવસિદ્ધ વાત હશે. પરંતુ ચોરો તો ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કોઈને જગાડ્યા વિના તમારા ઘરના ત્રીજા માળની બંધ ઓરડીમાં પ્રવેશ કરવાનો માર્ગ શોધી કાઢે છે ! આપણે હાથે મૂકેલી વસ્તુ ઘણી વખત આપણને જડતી નથી. એ લોકો ગમે તેણે ગમે ત્યાં સંતાડેલી વસ્તુ ખોળી કાઢે છે. ઊંઘ ન આવી હોય ને વાંચવા માટે આપણે ચોપડી લેવા જઈએ તે વેળા દીવો ઝાંખો થઈ

ગયો હોય તો આપણે ખુરસી કે ટેબલ સાથે સત્તર વાર અફળાઈએ અથવા એકાદ ગોળ ટેબલની આસપાસ ભમ્યા જ કરીએ, પરંતુ ચોરોનાં નયનો અંધારામાં વિશેષ સતેજ થાય છે. આપણા ભરેલા ઘરમાં એકાદ પારકો માણસ આવ્યો છે એટલું જ જાણતાંમાં જ આપણે બેભાન થઈ જઈએ. એ પોતે પારકા ઘરમાં જાણીબૂજીને એકલો આવ્યા છતાં ગભરાતો નથી, પણ હિંમતથી, દૃઢતાથી પોતાનું કાર્ય આટોપી લે છે.

Plain living and high thinking (સાદું જીવન અને ઉચ્ચ વિચારો)માં જ એ જીવન વ્યતીત કરે છે. આપણા વૈભવવિલાસાદિથી એ કેવળ અજાણ્યો હોય છે. મહાત્મા ગાંધીએ માત્ર કચ્છ પહેરવા માંડ્યો ત્યારે આપણે ચકિત થયા હતા. એ તો હંમેશ કચ્છ જ પહેરે છે. એટલું જ નહિ, પણ ક્વચિત્ અન્ય મનુષ્યને પણ કચ્છ જેટલું રાખી બીજાં વસ્ત્રો કઢાવી નાંખી મહાત્મા ગાંધીની કોટિએ પહોંચાડે છે ! સત્સંગ એનો જીવનમંત્ર છે. પ્રતિષ્ઠિત પુરુષના ઘરમાં જવાની એને હમેશ ઉત્કંઠા હોય છે. 'એકાદશી ઓચ્છવનાં જાગરણ અતિ કઠણ તને લાગે' એ દયારામનો આક્ષેપ એને લાગુ પડી શકતો નથી. એકાદશી જ નહીં, પણ બીજાં અનેક પર્વના પ્રસંગે એ જાગરણ કરે છે. या निशा स्सर्वभूतानां तस्यां ज्जागर्ति संयमी । એ ગીતાવાક્ય એને જ માટે લખાયું હોય એમ લાગે છે. આપણા કરતાં જીવનનો મોહ પણ એને ઓછો હોય છે. આપણા કરતાં સાહસવૃત્તિ એનામાં ઘણી વધારે હોય છે. કોલમ્બસે એક ખંડ શોધ્યો એમાં એ પ્રખ્યાત થઈ ગયો. એ તો હંમેશ નવનવા ભૌગોલિક ખંડો શોધ્યા જ કરે છે, પરંતુ કીર્તિનો એને લોભ નથી. કીર્તિથી તો ઊલટો એ દૂર નાસે છે. અણધારી કીર્તિ એને આવી મળે, લોકોમાં પોતાનું નામ પ્રસરી જાય તો એ પોતાનો ચહેરો ને નામ પણ ફેરવી નાખે છે! લોકો મળવા આવે એવા ભયથી જ્યાં કોઈ ન આવે એવા સ્થળમાં નિવાસ કરે છે અને સાધુજનોચિત એકાંત જીવન ગુજારે છે. વર્તમાનપત્રમાં પોતાની છબી કે નામ આવે તેમાં એને જરા પણ ખુશાલી થતી નથી. લોકોમાં એ ભળે છે, પણ તે માત્ર કાર્ય પૂરતો જ. લોકોથી એ અલિપ્ત રહે છે. ઘેર ઘેર ફરીને એ લોકોની ખબર રાખે છે; એની ખબર કોઈ ન રાખે તેની એને પરવા હોતી નથી, પ્રારબ્ધ પર એને પૂરેપૂરી શ્રદ્ધા હોય છે, પણ પુરુષાર્થનો એ ત્યાગ કરતો નથી. બંધન ને મુક્તિનો આ ભવમાં સદેહે એ અનેક વાર અનુભવ કરે છે. પરમહંસ સંન્યાસીની પેઠે બંધનોથી છૂટા મુક્તિ મેળવવા, એ ભયંકર તપશ્ચર્યા કરે છે. બદ્ધ દશામાં પણ એ વૈભવવિલાસની માયામાં ન ફસાતાં, દેહદમન કરી નિયમિત જીવન ગાળી મુક્તિ મેળવવા તલસે છે; ને માયા કરતાં મજબૂત એવા ભીંતના આવરણને જ્ઞાન ને ઓજારની સહાયતાથી ભેદે છે. જગતના વિધિનિષેધથી એ પર હોય છે. वेदास्तस्य अवेदा भवन्ति । એ ન્યાયે વેદ કે શાસ્ત્રોની આજ્ઞાનું પરિપાલન કરવાને એ બંધાયેલો નથી, બ્રહ્મજ્ઞાની પેઠે એ હંમેશ સર્વતંત્રસ્વતંત્ર હોય છે; ને છતાં બ્રહ્મજ્ઞાની પેઠે એ જાણતો નથી કે 'મને બ્રહ્મજ્ઞાન થયું છે.'

આ દ્રવ્યચોરોને જ આપણે અન્યાય કરી રહ્યા છીએ. બીજા અનેક પ્રકારના ચોરો આપણી વચ્ચે બેસે છે. તેમની કાં તો આપણે ખુશામત કરીએ કાં તો તેમનું અનુકરણ છીએ. જેને વિજેતા પ્રજા 'Right of conquest' (વિજયાધિકાર) માનીને પારકાની ભૂમિ પોતાના કબજામાં લે છે તે એક પ્રકારની ચોરી નહીં તો બીજું શું ? પણ એ ચોરીને આપણે વિજયના મહા નામે ઓળખીએ છીએ. મોટી મોટી લિમિટેડ કંપનીઓના ડિરેક્ટરો આ કળાનો કેટલી વાર અમલ કરે છે તે ક્યાં અજાણ્યું છે ? પ્રખર સનાતન

ધર્માવલંબી ધારી ને ચોટલી સમેત ભૈયાની દુકાનના ખૂણામાં ભરાઈ 'લેમન' પીતો હોય તો તે ચોરી ન કહેવાય ? ક્લબમાં પાનાં રમવા જવું હોય ને ત્યાં મોડું થવાનો સંભવ હોય ત્યારે પોતાની સ્ત્રીને 'મારે આજે ઑફિસમાંથી આવતાં મોડું થશે' એમ કહેનાર મનુષ્યો ઓછા છે ? ખરું જોતાં તો મનુષ્ય જન્મથી જ ચોર હોય છે. નકલ એક પ્રકારની ચોરી જ છે. બાળક નાનપણથી પોતાના સમાગમમાં આવનાર મનુષ્યોની ભાષા, ચાલ વગેરે ચોરવાનો પ્રયત્ન કરે છે. આપણાં રીતરિવાજ, રૂઢિપ્રણાલિકાઓ એ સર્વ આપણા પૂર્વજોની આપણે સગર્વ ચોરેલી મિલકત સિવાય બીજું શું છે ? આપણા રસરાજ કૃષ્ણ ભગવાન પણ 'માખણચોર' નહોતા ?

ચોરી ચાર પ્રકારની છે. હૃદયની ચોરી, લગ્નની ચોરી, સાહિત્યની ચોરી ને દ્રવ્યાદિની ચોરી. હૃદયની ચોરી કરનારને કોઈ સજા કરતું નથી. ઊલટું હૃદયચોરને ચરણે ચોરાયેલા હૃદયવાળી વ્યક્તિ પ્રાણ પાથરવા તત્પર બને છે ! લગ્નની ચોરી હૃદયમાં અવનવા ભાવો પ્રગટાવે છે, અપૂર્વ આહ્લાદજનક લાગે છે, ને તેની રક્ષા કરવા માટે જેને ઘેર ચોરી બંધાઈ હોય છે તે કેટલો શ્રમ લે છે ? 'સાહિત્યમાં તો ચોરી ચાલે' એ સિદ્ધાંત સર્વવ્યાપી થઈ ગયો છે. સાહિત્યકાર તો ડગલે ને પગલે ચોરી કરતાં અચકાતો નથી. જીવનમાંથી કે સમાજમાંથી એ પોતાનાં પાત્રો ચોરી લે છે. અરે, એ ચોરી સફળ થાય છે તો એની કૃતિ ઘણી realistic (વાસ્તવિક) ગણાઈને સર્વત્ર પ્રશંસા પામે છે. આ સિવાય વેપારની ચોરી, કિસબની ચોરી, કલાની ચોરી વગેરે લોકમાં આદર પામે છે.

આમ હૃદયની ચોરીનાં કવિઓ યશોગાન ગાય, લગ્નની ચોરી જીવનની અનન્ય લહાણ લેખાય, સાહિત્યમાં ચોરી પ્રશસ્ય ગણાય, કિસબચોરી ઉત્તેજનપાત્ર મનાય તો દ્રવ્યચોરીને આપણાથી શિક્ષા યોગ્ય શી રીતે ઠેરવાય ? ઇતર સર્વ ચોરીની પેઠે એ પણ શ્લાઘ્ય ને અનુકરણીય જ છે.

## 5.4 કૃતિનો સારાંશ

'ચોરોના બચાવમાં' હાસ્યનિબંધમાં જ્યોતીન્દ્ર દવેએ હળવી શૈલીમાં સ્થૂળ અને સૂક્ષ્મ અર્થમાં ચોરોનો બચાવ રજૂ કર્યો છે : ચોરોની શાળાઓ નથી, એ વિશેના શાસ્ત્રીય ગ્રંથો રચવામાં નથી આવતા છતાં ચોર પોતાના કામમાં કૌશલ દાખવે છે. વિધાનસભામાં લોકો પ્રતિનિધિને ચૂંટી મોકલે પણ સત્તાવાર રીતે ચોરનો પ્રતિનિધિ કેમ નહીં ? ચોરોમાં રહેલાં ગુણો જેવા કે : ધૈર્ય, બુદ્ધિચાતુર્ય, સમયચૂકતા, શીઘ્રકર્મઠતા, ઉદ્યોગપરાયણતા તેમજ મતમતાંતરસહિષ્ણુતા રહેલા હોય તે બધું જાણીને આપણને એમના તરફ માન જાગે એવી રમૂજ પણ લેખક કરી લે છે. ચોરોને લીધે વકીલોનાં ગજવાં ભરાય, પોલીસોને કામ મળી રહે કે વર્તમાનપત્રોના તંત્રીઓને લખવાની મૂંઝવણ રહે નહીં. નાણાની વહેંચણીમાં ચોરોનો જે સંપ હોય કે ગાંધીજીએ કાયદાનો સવિનય ભંગ કરવાનું કહ્યું તેને ચોરોએ કેવી રીતે પચાવ્યો એ કહી વાચકને હસાવી દે છે. અંગદકૂદકો, હનુમાનકૂદકો, ત્વરિત ગતિની હરીફાઈ, સંતાકૂકડી ઈત્યાદી રમતોમાં ચોરોએ જ આપણને ગૌરવ અપાવ્યું છે. આખરે લેખક ચોરોના બચાવમાં હૃદયની ચોરી, લગ્નની ચોરી, સાહિત્યમાં ચોરી અને આપણાં રીતરિવાજ, રૂઢિપ્રણાલિકાઓ એ આપણા પૂર્વજોની આપણે ચોરેલી મિલકત જ

છે ને ? રસરૂપ ભગવાન કૃષ્ણને પણ માખણચોર કહીએ છીએ ને ? આ બધી હાસ્યપ્રયુક્તિઓ દ્વારા લેખ આપણને હસાવી જાય છે.

## 5.5 કૃતિલક્ષી અધ્યયન

'ચોરોના બચાવમાં' - જ્યોતીન્દ્ર દવેના નિબંધનો હવે આપણે વિગતે અભ્યાસ કરવાનો છે. તમને સરળતા રહે એટલે હાસ્યનિબંધને ત્રણ ખંડમાં વિભાજિત કરીને સમજીશું. તમે જેમ વાચન કરતા જશો એમ નિબંધ સમજાતો જશે અને પરિણામે તમારા ચહેરા ઉપરનું સ્મિત વધતું જશે.

નિબંધકાર કૃતિનો આરંભ જ ચોરોના બચાવથી કરે છે. સમાજે અનેક લોકોને અન્યાય કર્યો તેમાં ચોરને કરેલો અન્યાય વિસરાય તેમ નથી કારણ કે કોઈની પણ મદદ લીધા વિના, ચૌર્યના ગ્રંથોની ગેરહાજરી હોવા છતાં કે કોઈ ઈનામ આપતું નથી કે સરકારી સહાય નથી મળતી તોયે ચોરો પોતાની કલામાં કુશળ હોય છે. ચોરોના કાર્યને કોઈ વખાણે નહીં છતાં, પ્રસિદ્ધિ તરફ બેપરવા રહી ચોર લોકો સમાજ પર ઉપકાર કર્યે જાય છે. આરંભમાં જ વાચકને માર્મિક હાસ્ય માણવા મળે, લેખક ચોરોનો પક્ષપાત લેતા કહે કે :

'ધારાસભામાં દરેક જાતિને પ્રાંતના આપણે પ્રતિનિધિઓ મોકલીએ છીએ, પણ ચોરો તરફથી પ્રતિનિધિ મોકલવાની કોઈને કેમ સૂઝ નથી પડતી ? હા, ધારાસભામાં બેસનારાઓમાંથી ઘણાને એ કલા તરફ પક્ષપાત હશે; પણ સત્તાવાર રીતે ચોરો તરફથી મોકલાયેલો પ્રતિનિધિ તો ત્યાં એકે હોતો નથી આથી કલાના વિરોધીઓ ફાવી જાય છે અને ચોરોની વિરુદ્ધ પોતાને ફાવતા કાયદા ઘડ્યે જાય છે.' - અહીં ચૌર્યકલા વિશે ધારાસભ્યોને પક્ષપાત હોવાનો કટાક્ષ કેવી સહજ રીતે વ્યક્ત થયો છે.

ચોરોની સામે અનેક પડકાર આવે તોયે તે અડગ રહી પોતાનું કામ તન્મય બની કર્યે જાય છે. જેમ જેમ વાચક નિબંધ વાચતો જાય એમ લેખક ચોરાના બચાવમાં અનેક વિચારો રજૂ કરી આપણને હાસ્યરસ પીરસી ન્યાલ કરે ને હજુ તો આપણું હાસ્ય વિરમે ત્યાં જ નવી વાતની કડી જોડી આપતા ચોરોના વખાણ આદરે; ચોરની વીરતા, બુદ્ધિ, સમયપાલન, કાર્ય તરફની તત્પરતા, મતમતાંતર સહિષ્ણુતા, ધૈર્ય કેવા હોય છે ? એની પરાક્રમગાથાઓ સાંભળી બાળક ભયમિશ્રિત ભાવથી ચોરને જુએ, એના આવવાથી બા મૂંગી બને, ભાઈ (બાપ) માથે ગોદડું ઓઢી જાય આવો તિરસ્કાર ચોરને આપવો જોઈએ નહીં. નિબંધસર્જક અહીં જાણે કે અવળવાણી દ્વારા આપણને આનંદ પીરસે જાય છે.

ચોરોએ આપણા સમાજ ઉપર ઘણા ઉપકાર કર્યા તેની યાદી આપણી સમક્ષ પ્રસ્તુત કરી લેખક કમાલ કરે છે; ચોરોએ રિસાયેલી સ્ત્રીના રિસામણાં છોડાવ્યા, વકીલોના ખિસ્સા ભર્યા, ભાઈલોગ, પોલીસ સાથે મળી સહકારી મંડળો યોજાયાને વર્તમાનપત્રોના તંત્રીઓને રોજેરોજ શું લખવું એની સમસ્યા હલ કરી આપી. જેમની પાસે વધારે ધન હોય એનું ધન હરી લઈ એવા અહંકારીઓને વિનમ્ર બનતાં શીખવી તેમને આધ્યાત્મિક મારગે વાળી શકતાં ચોરો સદ્‌ગુરુ સમાન હોવા છતાં આપણે એમને અન્યાય કરીએ છીએ. મહાત્મા ગાંધીએ આપેલ 'કાયદાનો સવિનય ભંગ' ઉપદેશ તો ચોરો જ પાળે છે. શસ્ત્ર રાખવાની મનાઈના કાયદાનો સવિનય ભંગ કરી આપણી નાશ પામતી વીરશ્રીને બચાવી લીધી છે. અનેકની સામે એકલે હાથે સામનો કરતો વીર ચોર પ્રાચીન કાળના

ક્ષત્રિયોની બહાદુરીની યાદ અપાવે છે. એ એટલો તો બહાદુર છે કે પચાસ આદમીઓ, ચાલીસ પોલીસો ને દોઢ હજાર સ્ત્રીઓ ભેગા થઈને એક ચોરને પકડી શકતાં નથી. આવા ચોરો પાછા આપણી કેટલી રમતોનું પ્રતિનિધિત્વ કરે જેવી કે : અંગકૂદકો, હનુમાનકૂદકો, ત્વરિત ગતિની હરીફાઈ, સંતાકૂકડીમાં આપણું ગૌરવ વધારતાં ચોરો જ છે. આમ પ્રથમ ખંડમાં લેખેકે ચોરોના બચાવમાં રમૂજપ્રેરક દલિલોનું વર્ણન કરી નર્મ-મર્મયુક્ત હાસ્યકલાનો પરિચય કરાવ્યો છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

૧. 'ચોરોના બચાવ'માં લેખક આરંભના ફકરામાં શું કહે છે ?

૨. સમાજે ચોરોને કેવી રીતે અન્યાય કર્યો છે ?

૩. ચોરો મહાત્મા ગાંધીના કાયદાનો સવિનય ભંગ કેવી રીતે કરે છે ?

૪. ચોરો કઈ કઈ રમતોમાં પારંગત છે ?

૫. ચોરો વકીલો અને વર્તમાનપત્રોના તંત્રીઓને કેવી રીતે મદદ કરે છે ?

૬. ધારાસભામાં બેસનારાઓ પ્રત્યે લેખકે વ્યક્ત કરેલો કટાક્ષ સમજાવો.

**ખંડ-૨**

ચોરોમાં ક્ષમાનો ગુણ ભરેલો હોય છે. અંધારી રાતે સુખને છોડી અગવડો વેઠતો ચોર પારકા ઘરમાં તિજોરીનું ખાલી તળિયું જોતો હશે ત્યારે જે ક્રોધ ચડે એવા સમયે પણ તે મૌન ધારણ કરે છે. ઘરમાં કોઈની ઊંઘમાં ખલેલ નથી પહોંચાડતો, એ પકડાયો ને બંધાયો હોય ત્યારે કોઈ પ્રહાર કરે કે કોઈક તો મોંમા પાણી ભરી લાવી દૂરથી એના પર કોગળો કરી જાય છતાં તે કડવું વેણ કાઢતો નથી. ચોર તો ઉદાસીન, સ્થિતપ્રજ્ઞ યોગીની જેમ સંસારની લીલા જોયા કરે છે. જાણે કે સંયમ અને ક્ષમાની બેમિસાલ મૂર્તિ ! આ આખુંય વર્ણન ચોરોના બચામાં રમૂજભર્યું, લેખકની આગવી છાપ વાચક પર અંકિત કરનારું છે. આ ચોરપુરાણ આગળ ધસે ત્યારે રમૂજના ઝરણાં વહે છે. બુદ્ધિવૈભવ તો ચોરોનો જ. પરાયા ઘરમાં તેની આંતરવ્યવસ્થા જોયા વગર ઘરની તિજોરી કે નાણું ક્યાં હશે તે શોધી કાઢવામાં, શોધ્યા પછી તેમાંથી કિંમતી જોઈતું લેવામાં, ગ્રહણ કરેલી વસ્તુ જાળવીને તેનું સંગોપન કરવામાં કેટલી બધી હોશિયારી જોઈએ ? તિજોરીઓનાં રચનાત્મક કાર્ય તેમ જ પારકા ઘરની કઈ ભીત પોલી હશે તે કડિયાની મદદ વિના અંધારામાં કોઠાસૂઝથી ચોર શોધી કાઢે, કોઈ જાગે નહીં એવા પરોપકારી વિચાર સાથે ઘરમાં પ્રવેશવાનો માર્ગ શોધી કાઢવા કેટલી બધું ચિંતન જોઈએ ? એ પછી ઘરના અંધારામાં સંતાડેલી વસ્તુ ખોળતા ક્યાંય અફળાઈ જવાય નહી એવી સભાનતા સાથે દઢતાથી પોતાનું કાર્ય આટોપે છે. ચોરો સાદું જીવન અને શ્રેષ્ઠ વિચારમાં જ જીવન પસાર કરે, સમાજના વૈભવવિલાસ એને ચલિત કરતા નથી, મહાત્મા ગાંધીએ જ્યારે કચ્છ (લંગોટ) જ પહેરે છે. એ જે ઘરમાં હાથ નાખે ત્યાં પણ કચ્છ જેટલું જ રાખી બીજા વસ્ત્રો ઉસેડી લઈ પરાયા લોકોને ગાંધીના સ્તરે પહોંચાડી આપે છે. સત્સંગ જ એમનો જીવનમંત્ર, પરોપકાર એમનો સ્વભાવ. ચોરને કીર્તિનો કદી મોહ નથી, એની પાસે સાહસવૃત્તિ વધારે, કોલંબસ એક ખંડ શોધી પ્રસિદ્ધ થયો, નામના કમાયો ચોર તો લોકપ્રિયતાનો મોહ રાખ્યા વિના નિર્મોહી બની અનેક ભૌગોલિક ખંડો શોધ્યા જ કરે ને છતાં ક્યારેક અણધારી કીર્તિ પ્રસરી જાય તો ચોર પોતાનું નામ, ચહેરો ફેરવી નાખે છે. લોકો મળવા આવે નહી

એવી જગ્યાએ રહેવાનું પસંદ કરે છે. દૈનિકોમાં પોતાનું નામ ના છપાય એવી કાળજી તો ચોર જ રાખે છે ! લોકોમાં તે ભળે પરંતુ એમના કાર્યો માટે જ, બંધન એને ફાવતા નથી પરમહંસ સંન્યાસીની જેમ ચોર મુક્તિ મેળવવા આકરી સાધના કરે છે. બ્રહ્મજ્ઞાની જેમ જ તે સદા સ્વતંત્ર રહી, નિરાભિમાની બની રહે છે.

આમ, અહીં લેખક ચોરોના ઉમદા ગુણોને પોતાની આગવી લેખનશૈલીથી અભિવ્યક્ત કરી, ચોરોના બચાવકાર બની રહી આપણને અમૂલ્ય હાસ્યરસનો અનુભવ કરાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

૧. ચોરો કેવા સમયે મૌન ધારણ કરી શકે છે ?

૨. ચોરો કોની જેમ સંસારની લીલા જોયા કરે છે ?

૩. ચોરો શા માટે પ્રસિદ્ધિનો મોહ રાખતાં નથી ?

૪. પરમહંસ સંન્યાસીની જેમ ચોરો મુક્તિ મેળવવા શું કરે છે ?

૫. બ્રહ્મજ્ઞાનીના કયા લક્ષણો ચોરો ધારણ કરે છે ?

**ખંડ-૩**

નિબંધના અંતિમ ચરણમાં ચોરોની જમાતને સમાજ જાણીજોઈને અન્યાય કરી રહ્યો હોય તેવા નિરીક્ષણો રજૂ કરી વાચકને હાસ્યમાં પકડી રાખવાનો કસબ અજમાવે છે. બીજા અનેક ચોરો આપણી વચ્ચે બેસે છે. તેવા સૌની આપણે ખુશામત કરી એનું અનુકરણ કરીએ છે. મોટી લિમિટેડ કંપનીઓના ડિરેક્ટરો આ કળાનો ઘણી વાર અમલ કરે, પ્રખર સનાતન ધર્માવલંબી, તીલક, ચોટલી સાથે ભૈયાની દુકાનના ખૂણામાં બેસી લેમન પીતો હોય તો તે ચોરી જ છે ને ? કલબમાં પાના રમવા જતા પુરુષો ઘરે સ્ત્રીને ઑફિસે મોડું થશે એમ બહાનુ બતાવે તે પણ ચોરી જ કહેવાય, બાળવયેથી સંપર્કમાં આવનાર મનુષ્યોની ભાષા, ચાલ, રીતરિવાજ, રૂઢપ્રણાલિકાઓ એ સર્વ આપણા પૂર્વજોની ચોરેલી મિલકત જ છે. ચોરી ચાર પ્રકારની ગણાવી શકાય : હૃદયની ચોરી, લગ્નની ચોરી, સાહિત્યની ચોરી ને દ્રવ્યાદિની ચોરી. આપણા રસરાજ કૃષ્ણ ભગવાન માખણચોર જ હતા એમ કહી હાસ્યનું મોજું ફેરવે છે. આમ આ નિબંધમાં જ્યોતીન્દ્ર દવે આરંભથી અંત સુધી ચોરોના બચાવમાં અનેક રજૂઆત કરી વ્યંગપ્રધાન વક્રોક્તિયુક્ત હળવી ભાષાશૈલીના માધ્યમથી વિનોદને પ્રગટ કરી શક્યા છે. 'ચોરો', 'ચોરી' જેવા વિષયને પસંદ કરી વાચકના ચહેરા ઉપર તાજગીવાળું હાસ્ય લાવી આપવામાં જ્યોતીન્દ્ર દવે પ્રથમ હરોળમાં બસે છે. હાસ્યસર્જક જ્યોતીન્દ્ર દવેનો 'ચોરોના બચાવમાં' હાસ્યનિબંધ ગુજરાતી સાહિત્યમાં યાદગાર રહેશે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

૧. લેખક ચોરીના કેટલા પ્રકાર ગણાવે છે ?

૨. આપણે પૂર્વજો પાસેથી શું શું ચોરીએ છે ?

૩. રસરાજ કૃષ્ણની કેવા ચોર તરીકેની ઓળખ છે ?

૪. પ્રખર સનાતન ધર્માવલંબી તિલકને ચોટલી સાથે ભૈયાની દુકાનમાં શું કરે છે ?

૫. 'ચોરોના બચાવમાં' કેવા પ્રકારનો નિબંધ છે ?

## 5.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

'ચોરોના બચાવમાં' હાસ્યનિબંધને આધારે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવશો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાને અંતે આપેલ ખાનામાં (√)ની નિશાની કરો અને જે વિધાન ખોટું હોય તેને માટે (×)ની નિશાની કરશો.

૧. દ્રવ્યની વહેંચણી એટલે શું તે ચોરો જ સમાજને સમજાવે છે. ()

૨. ધારાસભામાં દરેક જાતિને પ્રાંતના પ્રતિનિધિની જેમ આપણે ચોરોના પ્રતિનિધિ મોકલીએ છીએ. ()

૩. અધિક દ્રવ્યવાળા લોકો ઓછા ધનવાળા પુરુષો તરફ તિરસ્કારથી જોતાં શીખે છે, અને ધનના મદમાં ભાન ભૂલી જાય છે. ()

૪. ધનની માયામાં મુગ્ધ થઈ મનુષ્યો સંસારની જાળમાં ફસાતા જાય છે. ()

૫. આપણા રસરાજ કૃષ્ણ પણ માખણચોર હતા. ()

૬. ચોર પોતાની કુશળતાને જગજાહેર કરે છે. ()

**જવાબ :** ૧. (√) ૨. (×) ૩. (√) ૪. (√) ૫. (√) ૬. (×)

**તમારી પ્રગતિ ચકાસો (ચ)**

ચોરોના બચાવમાં હાસ્યનિબંધને આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. નાનપણથી જ ચોરની ........... કથાઓ આપણા હૃદયમાં કોતરાઈ જાય છે.

૨. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ........... એ અનર્થનું મૂળ છે એમ ચોરો જ સમજાવે છે.

૩. મહાત્મા ગાંધીએ કાયદાનો .......... ભંગ કરવાનું કહેલ છે.

૪. અંગદકૂદકો, હનુમાનકૂદકો, સંતાકૂકડી ........... છે.

**ઉત્તર :** (૧) પરાક્રમ (૨) અર્થ (૩) સવિનય (૪) રમતો

## 5.7 લેખન-પ્રવૃત્તિ

કૃતિનું વાચન કરીને નીચેના પ્રશ્નોના ચાર-પાંચ લીટીમાં જવાબ આપો :

૧. સમાજમાં ચોરોના માન વિશે લેખકનો વ્યંગ જણાવો.

૨. ચોરોના કાર્યને લીધે સમાજમાં કોને કોને લાભ મળે છે ?

૩. ચોરોની સમયસૂચકતા વિશે લખો.

૪. ચોરોના વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ જણાવો.

૫. દ્રવ્યની વહેંચણી એટલે શું ? તે ચોરો સમાજને કેવી રીતે સમજાવે છે ?

૬. ચોરોની સરખામણી લેખક કોની કોની સાથે કરે છે ?

**કૃતિના આધારે ટૂંકનોંધ લખો :**

૧. ચોરોના બચાવમાં લેખકનો મત.

૨. ચોરોની બુદ્ધિમતા.

૩. લેખક દ્વારા ચોરોના બચાવમાં અપાતા ઉદાહરણો.

## 5.9 વિશેષ અધ્યયન

### - સર્જક પરિચય

જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો સમય : (૧૯૦૧ થી ૧૯૮૦) આપણા આ હાસ્યસર્જકની જન્મભૂમિ સુરત. ગુજરાતી હાસ્યસાહિત્યનું ગરવું નામ એટલે જ્યોતીન્દ્ર દવે. આપણા ગુજરાતી સાહિત્યના ઉત્તમ હાસ્યનિબંધકાર તરીકે તેમની ખૂબ કીર્તિ છે. ડંખમુક્ત હાસ્ય એમની પ્રથમ ઓળખ અને બીજો પરિચય એટલે મને હસવું આવે એમ કહેવા કરતાં મને જ્યોતીન્દ્ર આવે એમ બોલવું વધારે ઉચિત જણાય એવું આપણા આ સર્જકનું વ્યક્તિત્વ અને સર્જન છે. મનુષ્યના સમાજજીવનનું સૂક્ષ્મનિરીક્ષણ કરીને માણસના દંભ, અભિમાન, પોકળતા, દેખાદેખી, હરિફાઈને વિષય બનાવીને તેઓ હાસ્ય સર્જતા તેથી દરેક માણસને એ પોતીકું જણાતું. પોતાના દૂબળા શરીરને પણ વસ્તુ બનાવીને હાસ્યરસથી તરબળો નિબંધોનું સર્જન ગુજરાતી ભાષાને અર્પણ કરી ગયા છે. જ્યોતીન્દ્ર દવેને ગુજરાતી હાસ્યસાહિત્યનો વૈભવ કહેવાય છે.

જ્યોતીન્દ્ર દવેની કૃતિઓ :

'રંગતરંગ : ભાગ ૧ થી ૬', 'જ્યોતીન્દ્ર તરંગ', 'હાસ્યતરંગ', 'રેતીની રોટલી', 'લગ્નનો ઉમેદવાર', 'ખોટી બે આની', 'પાનનાં બીડાં', 'સોયદોરો', 'ટાઈમટેબલ', 'મારી વ્યાયામ સાધના', 'અશોક પારસી હતો', (મોલિયેરના પ્રહસન 'માઈઝર'નું રૂપાંતર 'વડ અને ટેટા', 'અમે બધાં' (નવલકથા) 'વ્યતીતને વાગોળું છું' (આત્મકથા)

### - સ્વરૂપ પરિચય

નિબંધ સ્વરૂપનો જન્મ ફ્રાન્સમાં થયો, એનો આરંભકર્તા માઈકલ દ મૉન્તેઈન (૧૫૩૩) હતો. ફ્રાન્સથી નિબંધ ઈંગ્લેન્ડ ગયો અને ત્યાંથી આપણે ત્યાં ગુજરાતી ગિરામાં આવે છે. આજે નિબંધને અંગ્રેજીમાં Essay કહે છે. ગુજરાતી સાહિત્યમાં નાનાવિધ પ્રકારના નિબંધો સર્જાતા રહે છે, જેવા કે ગંભીર ચિંતનપ્રધાન નિબંધમાં કોઈ પણ વિષયની સમાજોપયોગી તાત્ત્વિક વિચારણા કરવામાં આવે છે. આવા નિબંધોમાં વિષયવિચારનું જ આલેખન થતું હોય છે. પ્રવાસનિબંધ જેમાં સર્જકનો પ્રવાસ અનુભવ અને જે તે સ્થળના સ્પંદનો કેવા હૃદયમાં ઝિલાયા તેની અભિવ્યક્તિ હોય છે. ચરિત્રનિબંધમાં કોઈ એક વ્યક્તિની તાસીર અને તસવીરને સર્જક ઉજાગર કરી આપે છે. જ્યારે હાસ્યનિબંધમાં કેન્દ્રમાં હાસ્ય રહેતું હોય છે. હાસ્યનિબંધોમાં સર્જકનું નિરીક્ષણ, પરીક્ષણ હાસ્યરીતિ દ્વારા આપણા સુધી પહોંચે છે. હાસ્યનિબંધોમાં જ્યોતીન્દ્ર દવે આપણે ત્યાં શિરમોર રહ્યા છે એ ઉપરાંત રમણભાઈ નીલકંઠ, રા.વિ.પાઠક, ધનસુખલાલ મહેતા, વિજરાય વૈદ્ય, તારક મહેતા, મધુસૂદન પારેખ, બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, અશોક દવે અને રતિલાલ બોરીસાગર જેવા હાસ્યસર્જકો ગુજરાતી ભાષાના ઉલ્લેખનીય નામો છે.

### - વિશેષ વાચન

'ચોરોના બચાવમાં' સંદર્ભમાં જ્યોતીન્દ્ર દવે રચિત 'રંગભરત' ભાગ ૧ થી ૬ 'હાસ્યતરંગ', 'રેતીની રોટલી' પુસ્તકોનું વાચન કરવું તેમજ બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર અને મરાઠી સાહિત્યમાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ પામેલા

પૂ.લ.દેશપાંડેના હાસ્યનિબંધો વાંચવા. ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવેલ 'મરાઠી સાહિત્યની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ', 'હિન્દી સાહિત્યની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ', 'અંગ્રેજી સાહિત્યની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ', 'વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ' શીર્ષકથી પ્રકાશિત થયેલા પુસ્તકો તમને રસ હોય તો વાંચવાથી આજની તણાવયુક્ત જિંદગીમાં હળવાશની અનુભૂતિ થશે.

**- ટિપ્પણ**

દ્રવ્ય- ધન,
સમયસૂચકતા - સમયને માન આપનાર,
સવિનય ભંગ - વિવેકપૂર્વકનો વિરોધ,
સર્વવિદિત - બધા જ લોકો જાણતા હોય.
સંતાકૂકડી - એક પ્રકારની રમત.
પ્રતિકાર્ય - વિરોધમાં કાર્યરત થવું.
આધ્યાત્મિક - આત્મા સંબંધી - આત્મતત્ત્વવિષયક, ઉપદ્રવ - પજવણી - ત્રાસ,
રીતરિવાજ - પરંપરાગત સામાજિ પ્રથા.
ગૌરવ-મહત્તા આદર, ખોળવું - શોધી કાઢવું.
દઢતા - અડગ,
બ્રહ્મજ્ઞાની - બ્રહ્મને જાણવાનારો - સચ્ચિદાનંદસ્વરૂપ જગતને જાણતો.

**- સંદર્ભસૂચિ**

૧. 'રંગતરંગ ભાગ-૧' - જ્યોતિદ્ર દવે

**લેખન :** ડૉ.દિનુભાઈ એસ. ચુડાસમા (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

# એકમ 6

# શહેરો અને ગામડાંઓ

**- મહાત્મા ગાંધીજી**

**રૂપરેખા**

**6.1** ઉદ્દેશો
**6.2** પ્રસ્તાવના
**6.3** કૃતિ
**6.4** કૃતિનો સારાંશ
**6.5** કૃતિલક્ષી અધ્યયન
**6.6** વસ્તુલક્ષી કસોટી
**6.7** લેખન-પ્રવૃત્તિ
**6.8** તમારી પ્રગતિ ચકાસો
**6.9** વિશેષ અધ્યયન
**6.10** ટિપ્પણ
**6.11** સંદર્ભસૂચિ

## 6.1 ઉદ્દેશો

'શહેરો અને ગામડાંઓ' નિબંધના અભ્યાસ દ્વારા તમે-

- ગાંધીજીના ચિંતનથી પરિચિત થશો.
- ગાંધીજીના સાહિત્ય વિશે જાણકારી પ્રાપ્ત કરશો.
- સ્વતંત્ર ભારતના વિકાસ અંગેના ગાંધીજીના વિચારોથી પરિચિત બનશો.
- ગાંધીજીના આર્થિક-સામાજિક વિચારોને ભારતની પૃષ્ઠભૂમિ સંદર્ભે જાણી-પ્રમાણી શકશો.
- શહેરો અને ગામડાંઓના લાભાલાભ વિશે ભારત દેશ સંદર્ભે તર્કબદ્ધ માહિતી મેળવશો.
- ચિંતનાત્મક તેમજ વૈચારિક નિબંધ તરીકે આ નિબંધનો અભ્યાસ કરી શકશો.

## 6.2 પ્રસ્તાવના

ગાંધીજીએ કદી રાજકારણ, સમાજશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર વગેરેનો વ્યવસ્થિત સૈદ્ધાંતિક અભ્યાસ કર્યો નહોતો; છતાં પણ, હિંદની સંસ્કૃતિને અનુરૂપ એવી આર્થિક યોજના રજૂ કરવાનું માન ગાંધીજીને ફાળે ચોક્કસ જાય છે. ગાંધીજીએ ભારત ભ્રમણ દરમ્યાન દેશના અનેક પ્રકારના ચિત્રોને જોયા છે. તેઓ ભારતના સાત લાખ જેટલાં ગામડાંઓની ક્ષમતાઓને જાણતા હતાં, તેની સ્વયંપૂર્ણતાને ઓળખતાં હતાં, તો બીજી તરફ તેઓ ગામડાનાં સ્વાવલંબીપણામાં રહેલી રૂઢ પરંપરાની જડતારૂપી પરંપરાને પણ સમજતાં હતાં. ગાંધીજીએ એવું મૉડલ સ્વતંત્ર ભારત માટે ઊભું કરવાનું હતું, જે ભારતની જનતાને રોજીરોટી આપી શકે. આ કાર્ય સાથે તેઓને મન નીતિ, પ્રામાણિકતા અને સ્વદેશી અર્થશાસ્ત્ર તેનાં પ્રાણરૂપ હતાં. એટલે કે તેઓ નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે કોઈ ભેદ પાડતા નહીં. આ વિચાર સાથે જ તેમણે યંત્રોનો અને શહેરોના વિકાસનો વિરોધ કર્યો હતો અને હિંદની એંસી ટકા ગામડાની વસ્તીને લક્ષમાં લઈ ગામડાંના પરંપરાગત ઉદ્યોગોને પુનર્જીવિત કરવાનું કામ આરંભ્યું હતું. મિલો, કારખાનાને લીધે ગામડાંઓ તૂટતાં જાય અને શહેરો સમૃદ્ધ થાય તો ભારતની સ્થિતિ કથળતી જાય,તેથી જ તો ગાંધીજીએ ગ્રામોદ્યોગ સંઘની પણ સ્થાપના કરી હતી.

## 6.3 કૃતિ (શહેરો અને ગામડાંઓ)

દુનિયામાં બે વિચારધારા મોજૂદ છે. એક વિચારધારા જગતને શહેરોમાં વહેંચવા ઇચ્છે છે, બીજી ગામડાંમાં વહેંચવા ઇચ્છે છે. ગ્રામસંસ્કૃતિ અને નગરસંસ્કૃતિ તદ્દન ભિન્ન વસ્તુઓ છે. એક યંત્ર અને ઉદ્યોગીકરણ પર આધાર રાખે છે, બીજી હાથઉદ્યોગો પર. આપણે બીજી પસંદ કરી છે.

આમ તો ઉદ્યોગીકરણ અને મોટા પાયાનું ઉત્પાદન એ હજુ તાજેતરની પેદાશ છે. આપણા સુખમાં તેણે કેટલો વધારો કર્યો છે એ આપણે જાણતા નથી. પણ આપણે એટલું જાણીએ છીએ કે એની પાછળ છેલ્લાં બે વિશ્વયુદ્ધો આવ્યાં. બીજું વિશ્વયુદ્ધ તો હજુ પૂરું નથી થયું, અને પૂરું થાય તોપણ આપણે ત્રીજા વિશ્વયુદ્ધની વાત સાંભળવા લાગ્યા છીએ.

આપણો દેશ આજે જેટલો દુઃખી અને કફોડી હાલતમાં છે તેટલો ક્યારેયે નહોતો. શહેરોના લોકોને મોટા નફા અને સારા પગાર મળતા હશે. પણ એ બધું ગામડાંનું લોહી ચૂસીને થઈ શક્યું છે. આપણે લાખો અને કરોડો ભેગા કરવા નથી. આપણે આપણા કામ માટે આપણું જીવન હોમવા તૈયાર હોઈશું તો પૈસાની વાત કંઈ જ નથી. આપણને શ્રદ્ધા હોવી જોઈએ અને આપણે આપણી જાતને વફાદાર રહેવું જોઈએ. આપણી પાસે આટલી વસ્તુઓ હોય તો ત્રીસ લાખની આપણી મૂડી ગામડાંમાં વિકેન્દ્રિત કરીને આપણે ત્રણસો કરોડની રાષ્ટ્રીય સંપત્તિ નિર્માણ કરવાને શક્તિમાન થઈશું. એ મુખ્ય વસ્તુ કરવા માટે જે જરૂરી છે તે એ કે ગામડાંને સ્વાવલંબી અને સ્વાશ્રયી કરવાં. પણ યાદ રાખજો કે, સ્વાવલંબનની મારી કલ્પના સંકુચિત નથી. મારા સ્વાવલંબનમાં સ્વાર્થ અને અભિમાનને અવકાશ નથી.

હિંદુસ્તાનનાં શહેરોમાં જે સંપત્તિ જોવામાં આવે છે તેથી આપણે છેતરાઈએ નહીં. તે ઇંગ્લંડ કે અમેરિકાથી આવતી નથી. તે અત્યંત ગરીબ લોકોના લોહીમાંથી આવે છે. હિંદુસ્તાનમાં સાત લાખ ગામડાં છે એમ કહેવામાં આવે છે. તેમાંનાં કેટલાંકનું તો નામનિશાન પણ રહ્યું નથી. બંગાળ, કર્ણાટક અને બીજી જગ્યાએ ભૂખમરો અને રોગને કારણે હજારો મરી ગયા છે તેની તો ક્યાંય કશી નોંધ નથી. ગામડાંના લોકો કેવી હાલતમાં દિવસો કાઢી રહ્યા છે તેનો કશો ખ્યાલ સરકારી દફતરો આપી શકે તેમ નથી. પણ હું જાતે ગામડાંમાં રહેનારો રહ્યો એટલે હું ગામડાની હાલતથી વાકેફ છું. હું ગામડાંનું અર્થશાસ્ત્ર જાણું છું. હું તમને કહું છું કે, ઉપરનું દબાણ તળિયાના લોકોને કચડી નાખે છે. જે જરૂર છે તે એ કે તેમની પીઠ ઉપરથી ઊતરી જવું.

મુંબઈની મિલોમાં જે મજૂરો કામ કરે છે તે ગુલામ બન્યા છે. જે બૈરાંઓ તેમાં કામ કરે છે તેમની દશા જોઈ હરકોઈને કમકમાટી આવશે. મિલોનો વરસાદ નહોતો વરસ્યો ત્યારે કંઈ તે ઓરતો ભૂખે નહોતી મરતી. આ સંચાનો વાયરો વધે તો હિંદુસ્તાનની બહુ દુઃખી દશા થશે. મારી વાત ભારે પડતી જણાશે, પણ મારે કહેવું જોઈએ કે આપણે હિંદુસ્તાનમાં મિલો કરીએ તેના કરતાં હજુ માન્ચેસ્ટરમાં પૈસા મોકલી તેનું સડેલું કાપડ વાપરવું એ ભલું છે, કેમ કે તેનું કાપડ વાપરવાથી આપણો પૈસો જ જશે. આપણે હિંદુસ્તાનમાં માન્ચેસ્ટર સ્થાપવાથી આપણો પૈસો હિંદુસ્તાનમાં રહેશે, પણ તે પૈસો આપણું લોહી લેશે, કેમ કે આપણી નીતિ લઈ જશે. જેઓ મિલોમાં કામ કરે છે તેમની નીતિ કેવી છે તે તેઓને પૂછવું. તેઓમાંથી જેઓએ પૈસો એકઠો કર્યો છે તેઓની નીતિ બીજા પૈસાદાર કરતાં સરસ હોવાનો સંભવ નથી. અમેરિકાના રૉકફેલર કરતાં હિંદના રૉકફેલર કંઈ ઊતરે એમ માનવું એ તો અજ્ઞાન જ ગણાય. ગરીબ હિંદુસ્તાન છૂટી શકાશે, પણ અનીતિથી થયેલું પૈસાદાર હિંદુસ્તાન છૂટનાર જ નથી.

મને તો લાગે છે કે આપણે કબૂલ કરવું પડશે કે અંગ્રેજી રાજ્યને નિભાવી રાખનાર તે પૈસાદાર માણસો છે. તેઓનો સ્વાર્થ તેવી સ્થિતિમાં રહેલ છે. પૈસો માણસને રાંક બનાવે છે.

એવી બીજી વસ્તુ તો દુનિયામાં વિષય છે. એ બંને વિષય વિષમય છે. તેનો દંશ સર્પના દંશ કરતાં ભૂંડો છે. સર્પ કરડે ત્યારે દેહ લઈને છૂટકો કરે છે. પૈસો અથવા વિષય કરડે છે ત્યારે દેહ, જીવ, મન, બધું લેતાં પણ છુટકારો થતો નથી. એટલે આપણા દેશમાં મિલો થાય તેથી ખાસ રાજી થવા જેવું રહેતું નથી.

ગરીબ ગામડિયાઓને પરદેશી સરકાર ને તેમના પોતાના દેશબાંધવો, એટલે કે શહેરોના રહેનારાઓ, બંને ચૂસે છે. ગામડિયાઓ અનાજ પકવે છે ને જાતે ભૂખ્યા રહે છે. તેઓ ઢોરની સાથે ઢોર જેવા થઈ દૂધ મેળવે છે જેમાંનું ટીપું તેમનાં છોકરાં જોવા પામતાં નથી. આ નામોશીનો કંઈ પાર નથી. હરેક માણસને પૂરતો પોષણવાળો આહાર, રહેવાનું સુઘડ ઘર, પોતાનાં બાળકોની કેળવણી માટે સગવડ અને માંદગી વખતે પૂરતી તબીબી રાહત, એ બધું મળવું જોઈએ.

આપણાં આજનાં દસપાંચ શહેરો તો આપણા પ્રજાશરીર પર બાઝેલો મેલનો પોપડો છે અને આપણાં ગામડાંનો જીવનરસ ચૂસવાનું પાપકાર્ય જ કરી રહ્યાં છે... અત્યારે તો અનેક લોહી ઉકાળનારા જુલમોથી સબડતાં શહેરો ગામડાંની પ્રજાના જીવન અને સ્વાતંત્ર્યને રાતદિવસ ભયરૂપ છે.

દુનિયાભરમાં યુદ્ધને માટે ગામડાનો માણસ હરગિજ જવાબદાર નથી પણ શહેરનો માણસ જવાબદાર છે.

મારી દૃષ્ટિથી શહેરો વધ્યાં છે, તે બૂરું થયું છે. એ માનવજાતની અને દુનિયાની કમનસીબી છે; ઈંગ્લંડની કમનસીબી છે અને હિંદુસ્તાનની કમનસીબી તો છે જ છે. એનું કારણ એ છે કે, ઈંગ્લંડે હિંદુસ્તાનને તેનાં શહેરો મારફતે જ ચૂસ્યું છે, અને શહેરોએ ગામડાંઓને ચૂસ્યાં છે. ગામડાંના લોહીની સિમેન્ટ વડે જ શહેરોની મોટી મોટી મહોલાતો બંધાઈ છે. મારી એવી ઉમેદ છે કે, જે લોહીથી શહેરોની નાડીઓ ફૂલી ગઈ છે, તેને પાછું ગામડાંની નાડીઓમાં વહેવડાવવું.

'શહેરોને આપે સમાજશરીર પરના ફોલ્લા કે ગૂમડાં તરીકે વર્ણવ્યાં છે. એ ફોલ્લાઓ યા ગૂમડાંનું શું કરવું ?'

તમે દાક્તરને પૂછો, તો કહેશે કે ફોલ્લા યા ગૂમડાંનું શું કરવું. એમને કાપીને કે એના પર મલમપટ્ટી કે પોટીસ લગાવીને મટાડવાં જોઈએ. એડવર્ડ કોર્પેન્ટરે સુધારાને વ્યાધિ તરીકે વર્ણવ્યો છે અને ઉપાય કરીને તેને સાજો કરવા જણાવ્યું છે. મોટાં મોટાં શહેરો ઊભાં થવાં, એ એ રોગની નિશાની છે. કુદરતી ઉપચારવાળો હોઈને સ્વાભાવિક રીતે હું આખી વ્યવસ્થાને શુદ્ધ કરી, તેને કુદરતી રીતે સુધારવાનાં પક્ષનો છું. શહેરવાસીઓનાં હૃદયનાં મૂળ ગામડાંઓમાં રહેલાં હોઈ, જો તેઓ ખરેખર ગ્રામવૃત્તિવાળા બને, તો બીજી બધી વસ્તુ તો આપમેળે થઈ રહેશે અને ફોલ્લો કે ગૂમડું તરત જ બેસી જશે.

હું માનું છું ને મેં અસંખ્ય વાર કહ્યું છે કે હિંદુસ્તાન એનાં ગણ્યાં-ગાંઠ્યાં શહેરોમાં નહીં પણ સાત લાખ ગામડાંમાં વસે છે. પણ આપણે અહીં ભેગા થયા છીએ તે ગ્રામવાસીઓ નથી પણ શહેરવાસીઓ છીએ. આપણે શહેરોમાં વસનારાઓએ માની લીધું છે કે હિંદુસ્તાન એનાં શહેરોમાં વસે છે અને ગામડાં તો આપણી હાજતો પૂરી પાડવાને સરજાયેલાં છે. આપણે કદી એમ પૂછવા નથી બેઠા કે એ ગરીબ લોકોને પૂરતાં અન્નવસ્ત્ર મળે છે કે નહીં અને એમને તકડો ને વરસાદથી રક્ષણ કરવા છાપરું છે કે નહીં.

મેં જોયું છે કે શહેરવાસીઓએ સામાન્ય રીતે ગ્રામવાસીઓને લૂંટ્યા છે; વસ્તુતઃ તેઓ ગરીબ ગ્રામવાસીઓની મહેનત પર, તેમની સંપત્તિ પર જીવે છે. ઘણા અંગ્રેજ અમલદારોએ હિંદુસ્તાનના લોકોની સ્થિતિ વિષે લખ્યું છે. પણ મારી જાણ પ્રમાણે કોઈએ એમ નથી કહ્યું કે હિંદુસ્તાનનાં ગામડાંના લોકોને પેટ-પૂરતું ખાવા મળે છે. ઊલટું એમણે કબૂલ કર્યું છે કે ગામડાંની

વસ્તીનો મોટો ભાગ ભૂખમરા જેવી સ્થિતિ ભોગવે છે અને દશ ટકા અડધે પેટે રહે છે, અને કરોડોને ચપટી ગંદું મીઠું, મરચાં ને ચાવલ કે સત્તુ ખાઈને સંતોષ માનવો પડે છે.
તમે ખાતરી રાખજો કે આપણને કોઈને એવા ખોરાક પર રહેવાનું કહેવામાં આવે તો આપણે એક મહિનાથી વધારે જીવવાની આશા ન રાખીએ અથવા તો આપણી મગજશક્તિ મરી જશે એવો ડર આપણને લાગે અને છતાં આપણાં ગામડાંના લોકો દરરોજ એવી સ્થિતિમાં રહે છે.
પંચોતેર ટકા વસ્તી ખેડૂતોની છે. પણ જો આપણે તેમની પાસેથી તેમની મહેનતનું લગભગ પૂરું ફળ લઈએ અથવા બીજાઓને લઈ લેવા દઈએ તો આપણામાં સ્વરાજની ભાવના છે એમ ન કહેવાય.

શહેરો પોતાની સંભાળ રાખવા શક્તિશાળી છે. આપણે તો ગામડાંઓ તરફ વળવાનું છે. આપણે તેમને તેમના પૂર્વગ્રહો, વહેમો અને સંકુચિત દૃષ્ટિમાંથી મુક્ત કરવાના છે. આ બધું આપણે તેમની વચ્ચે વસીને, એમના સુખદુઃખમાં ભાગ લઈને અને તેમનામાં કેળવણી અને ઉપયોગી માહિતીનો ફેલાવો કરીને જ કરી શકીએ, બીજી કોઈ રીતે નહીં.

આપણે આદર્શ ગ્રામવાસી બનવાનું છે. સામાન્ય ગ્રામવાસીઓને તો આજે સફાઈ વિષે વિચિત્ર ખ્યાલ છે, અથવા કહો કે બિલકુલ ખ્યાલ નથી. તેઓ શું ખાય છે ને શી રીતે ખાય છે એનો તેઓ વિચાર જ કરતા નથી. એવા આપણે થવાનું નથી. તેઓ જેમ ગમે તેમ રાંધે છે, ગમે તેમ ખાય છે, ગમે તેમ રહે છે, એવું આપણે કરવાનું નથી. આપણે એમને આદર્શ ખોરાક બતાવવો જોઈએ. આપણે જે ગમે તે કર્યું, ન ગમે તે છોડી દીધું, એમ આપણે ન ચલાવવું જોઈએ,પણ ઊંડા ઊતરીને એ રુચિઅરુચિનાં કારણો તપાસવાં જોઈએ.

સૂરજના પ્રખર તાપમાં કેડે વળીને કાળી મજૂરી કરતા ગ્રામવાસીઓ સાથે આપણે તાદાત્મ્ય અનુભવવું જોઈએ અને જે ખાબોચિયામાં તેઓ નહાય છે, તેમનાં કપડાં-વાસણો ધુએ છે તથા જેમાં તેમનાં ઢોર પાણી પીએ છે અને આળોટે છે તે બાખોચિયામાંથી પાણી પીવું આપણને કેવું લાગે તેનો પણ આપણે વિચાર કરવો જોઈએ. એમ કરીશું ત્યારે જ આપણે આમજનતાના સાચા પ્રતિનિધિ ગણાઈશું અને ત્યારે આપણી દરેક હાકલનો તેઓ જરૂર જવાબ વાળશે.

એમને આપણે બતાવવું જોઈએ કે તેઓ કેમ પોતાની જરૂર જોગાં શાકભાજી, ઝાઝા ખર્ચ વિના ઉગાડી શકે ને એ ખાઈને તંદુરસ્તી જાળવી શકે. આપણે એમને એ પણ બતાવવું જોઈએ કે તેઓ લીલી શાકભાજીને રાંધે છે એટલે તેમાંનાં વિટામિન ઊડી જાય છે.

સમય, આરોગ્ય ને ધનનો બચાવ કેમ થઈ શકે એ આપણે એમને શીખવવાનું છે. લાયોનલ કર્ટિસે કહેલું કે હિંદુસ્તાનનાં ગામડાં એ તો ઉકરડા છે અને આપણે નમૂનેદાર ગામડાં બનાવવાનાં છે. આપણાં ગામડાંની આસપાસ તાજી હવાની કંઈ ખોટ છે ? છતાં ગામડાંના લોકોને તાજી હવા મળતી નથી. એમની આસપાસ તાજામાં તાજી વનસ્પતિના ભંડાર ભર્યા છે, છતાં તેમને તાજી શાકભાજી મળતી નથી. આ ખોરાકની બાબતમાં હું મિશનરીની પેઠે બોલું છું, કેમ કે ગામડાંને સુંદરતાના નમૂના બનાવવા એ મારું ધ્યેય છે, મારું જીવનકાર્ય છે.

ભારતવર્ષનાં ગામડાંની આવી દુર્દશા હમેશાં હતી કે કેમ એ શોધી કાઢવાથી કશો લાભ નથી. જો આથી સારી એમની દશા કદી ન હોય તો આપણે આપણી જે પ્રાચીન સંસ્કૃતિને માટે અભિમાન રાખીએ છીએ તેની એ એબ ગણાય. પણ જો એમની દશા આથી સારી કદી ન હતી, તો આપણે સૈકાંઓથી જે પડતી અને વિનાશ આપણી આસપાસ જોઈ રહ્યા છીએ...તેની સામે એ ગામડાં ઝીક ઝીલીને જીવતાં શી રીતે રહી શક્યાં છે ?

દરેક સ્વદેશપ્રેમીની સામે કામ એ છે કે આ પડતી શી રીતે અટકાવવી,અથવા બીજા શબ્દોમાં કહીએ તો ભારતવર્ષનાં ગામડાંની નવેસર રચના કેવી રીતે કેમ કરવી જેથી શહેરમાં

રહેવામાં જેવી સુખસગવડ મનાય છે તેવી જ ગામડાંમાં રહેવામાં લાગે. દરેક દેશદાઝવાળા માણસની સામે આજે એ એક જ કામ છે. કદાચ એવો સંભવ હોય કે આ ગામડાંનો ઉદ્ધાર થવો શક્ય જ ન હોય, ગામડાંની સંસ્કૃતિનો જમાનો આથમી ગયો હોય, અને સાત લાખ ગામડાં નાશ પામીને તેની જગાએ ત્રીસ કરોડ નહીં પણ ત્રણ કરોડની વસ્તીને પોષતાં સાતસો સુવ્યવસ્થિત શહેરો સ્થપાય એવું બનવાનું હોય. ભારતવર્ષને નસીબે એમ થવાનું હશે તોયે તે એક દિવસમાં નહીં બને. ઘણાં ગામડાં અને ગ્રામવાસીઓને ભૂંસાઈ જવાને અને બાકીનાનું શહેરો અને શહેરીઓમાં રૂપાંતર થવાને વખત લાગશે જ.

ગામડાંની હિલચાલ એ જેટલી ગ્રામવાસીઓની તેટલી જ શહેરવાસીઓની કેળવણીને માટે છે. શહેરમાંથી આવતા સેવકોએ ગામડાનું માનસ કેળવવું રહ્યું છે અને ગ્રામવાસીઓની ઢબે રહેવાની કળા શીખી લેવી રહી છે. આનો અર્થ એવો નથી કે તેમણે ગામડાંના લોકોની પેઠે ભૂખે મરવું. પણ એનો અર્થ એવો તો અવશ્ય છે કે જૂની રહેણીમાં ધરમૂળથી પલટો થવો જોઈએ.

એક જ માર્ગ આપણે માટે છે : એમની વચ્ચે વાસ કરી ધામા નાખવા; એમના નર્સ, એમના નોકર-એમના શુભેચ્છુ નહીં-એવા બનીને અડગ શ્રદ્ધા રાખી, આપણા ગમા-અણગમા ભૂલી જઈ, કામ કૂટ્યે જવું. એક વાર તો સ્વરાજની વાત પણ આપણે જાણે ભૂલી જઈએ; અને ડગલે ને પગલે જેમની હાજરી આપણને નડે છે એવા માલદાર વર્ગોને જરૂર વિસારી દઈએ, તેઓ તો જ્યાં છે ત્યાં છે. આ મોટા પ્રશ્નોની પંચાત કરનારાં તો ઘણાં પડેલાં છે. આપણે તો નાનુંસરખું ગામડાનું કામ ઉકેલવા લાગીએ, કેમ કે એ આજ જરૂરનું છે અને આપણા ધ્યેયને પહોંચ્યા પછી પણ જરૂરનું રહેવાનું છે. ખરેખર, આ ગ્રામસેવાનું કામ જ્યારે સફળ થશે ત્યારે તે જ આપણને આપણા ધ્યેય નજીક લઈ જવાનું છે.

જૂનાં ગામડાંનાં મહાજનો જે નાશ પામ્યાં છે તેને સજીવન કરવાં જોઈએ. હિંદુસ્તાનનાં ગામડાં દેશનાં કસબા ને શહેરોને જોઈએ એટલો બધો માલ પેદા કરીને પૂરો પાડતાં. આપણાં શહેરો જ્યારે પરદેશોના માલનાં હાટ થઈ પડ્યાં ને પરદેશથી સસ્તી ને ભમરાળી ચીજો લાવીને ગામડાંમાં ઝીંકવા માંડી ને એ વાટે ગામડાંનું ધન શોષવા માંડ્યું ત્યારથી હિંદુસ્તાન ધનહીન ને દરિદ્ર બન્યું.

શહેરો ગામડાં પર નિર્ભર રહે, પોતાના બળનું સિંચન ગામડાંમાંથી કરે, એટલે કે ગામડાંઓને વટાવવાને બદલે પોતે ગામડાને ખાતર વટાવાય તો અર્થ સિદ્ધ થાય ને અર્થશાસ્ત્ર નૈતિક બને. આવા શુદ્ધ અર્થની સિદ્ધિને સારુ શહેરોનાં બાળકોના ઉદ્યોગને ગામડાના ઉદ્યોગો સાથે સીધો સંબંધ હોવો જોઈએ.

આપણે એક પ્રાચીન ગ્રામ સભ્યતાના વારસ છીએ, આપણા દેશનો વિસ્તાર, જનસંખ્યા, ભૌગોલિક સ્થિતિ અને આબોહવા ઉપરથી તે ખાસ ગ્રામ સભ્યતાને માટે જ વિધાતાએ નિર્મેલો લાગે છે. આ સભ્યતાને અંગે દોષો પેદા નથી થયા એમ કહેવા હું નથી માગતો પણ આ દોષો સહેજે મટાડી શકાય તેવા છે. આપણી પ્રાચીન ગ્રામ સભ્યતાને મૂળથી ઉખેડી તેની જગ્યાએ શહેરી સભ્યતા સ્થાપવી એ મને તદ્દન અશક્ય લાગે છે. વિનાશક ઉપાયોથી હિંદુસ્તાનની ત્રીસ કરોડની જનસંખ્યા ઘટાડી ત્રીસ કે ત્રણ લાખ જેટલી કરી નાખવા માટે આપણે તૈયાર હોઈએ તો તે એક જુદી વાત છે. એટલે હું મારી બધી સૂચનાઓ કરતી વખતે એ માની જ લઉં છું કે આપણે આપણી પ્રાચીન સભ્યતાનો આશ્રય કોઈ દિવસ છોડવાના નથી, અને તેમાંના દોષો દૂર કરવાના પૂરેપૂરા પ્રયત્ન કરવાના છીએ.

**('ગ્રામ સ્વરાજ'માંથી)**

**- મહાત્મા ગાંધીજી**

## 6.4 કૃતિનો સારાંશ

**ખંડ : 1**

નિબંધની શરૂઆતમાં જ ગાંધીજી ગામડાંની સંસ્કૃતિ અને નગરસંસ્કૃતિ વચ્ચેનો ભેદ સમજાવતા વિશ્વમાં વ્યાપ્ત બે વિચારધારા વિશે જણાવે છે, જેમાં એક યંત્ર અને ઔદ્યોગિકીકરણ પર આધાર રાખતી શહેરી સંસ્કૃતિના વિકાસ તરફ ગતિશીલ છે અને બીજી હસ્તઉદ્યોગો-લઘુઉદ્યોગો-ગૃહઉદ્યોગો પર આધાર રાખતી ગ્રામ્ય સંસ્કૃતિના વિકાસની તરફેણ કરતી વિચારધારા છે. આ જણાવ્યા પછી ગાંધીજી ઔદ્યોગિકીકરણથી મળતા આભાસી સુખ અને વિશ્વયુદ્ધની યાતનાના સંદર્ભે ભારત દેશની તત્કાલીન દયનીય પરિસ્થિતિનો ચિતાર આપે છે. તેઓ દુઃખ વ્યક્ત કરતા કહે છે કે, 'શહેરોના લોકોને મોટા નફા અને સારા પગાર મળતા હશે. પણ એ બધું ગામડાંનું લોહી ચૂસીને થઈ શક્યું છે.' -આ સંદર્ભે ગાંધીજી ગામડાંની વિકેન્દ્રીકરણ માટેના પ્રયત્ન અને તે દ્વારા ગામડાંઓને રાષ્ટ્રીય સંપત્તિના નિર્માણ કરવાને શક્તિમાન કરવાનો સ્પષ્ટ મત ધરાવે છે. અહીં તેઓ ગામડાંને સ્વાવલંબી અને સ્વાશ્રયી થવાનો વિચાર આપે છે. અહીં ગાંધીજી દ્વારા હિન્દુસ્તાનના સાત લાખ ગામડાંઓમાં રહેનાર ગરીબ લોકોની સ્થિતિની વાત કરી ગામડાનાં અર્થશાસ્ત્ર વિશે સમજીને પોતાનો મત વ્યક્ત થયો છે. શહેરોના દબાણ હેઠળ કચડાતાં ગામડાંઓ, ગામડાંની ગરીબપ્રજા અને ગ્રામસંસ્કૃતિ પર પડેલાં આ ભારને હળવો કરવાનો ગાંધીજી આ પ્રકરણમાં રસ્તો બતાવે છે.

**ખંડ : 2**

મિલોમાં કામ કરતાં મજૂરોની ગુલામી અને વિશેષ ત્યાં કામ કરતી બહેનોની દશા વિશે ગાંધીજીની ચિંતા અહીં વ્યક્ત થઈ છે. તેમનું માનવું છે કે માન્ચેસ્ટરનું સડેલું કાપડ વાપરવાથી હિન્દુસ્તાનના ફક્ત પૈસા જશે; પરંતુ, હિન્દુસ્તાનને માન્ચેસ્ટર બનાવવાથી આપણું લોહી લેવાશે અને આપણી નીતિને પણ નુક્સાન થશે, જેના વિષથી મળતી ગરીબાઈથી હિન્દુસ્તાન કોઈવાર તો ઉગરશે પણ અનીતિથી પૈસાદાર થયેલા હિન્દુસ્તાનનો કોઈ છૂટકારો નથી, આ ભય ગાંધીજી આપણી સમક્ષ રજૂ કરે છે. હિન્દુસ્તાનનો પ્રવાસ કર્યા બાદ અનુભવથી ગાંધીજી એક સ્પષ્ટ મત ધરાવે છે કે, અંગ્રેજી રાજ્યને નિભાવી રાખનાર પૈસાદાર માણસો છે અને તેમના સ્વાર્થને કારણે ભારતમાં શહેરોના વિકાસનું જે વિષ પ્રવેશ્યું છે તે મિલોથી દેશના લોકોએ ખુશ થવાની જરૂર નથી. ભારતના ગામડાંમાં રહેનાર લોકોને પરદેશી સરકાર અને શહેરીવાસી બંને જયારે લૂંટતા હોય ત્યારે અનાજ પેદા કરનાર ગામડાંનો માણસ ભૂખ્યો રહે, તેને પોષણયુક્ત આહાર મળતો નથી, તેમના બાળકોને કેળવણી મળતી નથી, રહેવા ઘર મળતું નથી, તબીબી રાહત મળતી નથી અને આ ઉપરાંત માંદગીમાં સબડવાનું આવે તે દયનીય પરિસ્થિતિ જે નિર્માય છે તેનું ગંભીર ચિત્ર ગાંધીજીએ અહીં રજૂ કર્યું છે. તેથી જ ગાંધીજી શહેરોને પ્રજાના શરીર પર બાઝેલો પોપડો કે ફોલ્લા કે ગૂમડાં ગણાવે છે. તેઓ અનેકના લોહી ચૂસનારા શહેરોને ગામડાં પ્રજાના જીવન અને સ્વતંત્રતા માટે ભયરૂપ ગણાવે છે. આ સાથે જ શહેરોને યુદ્ધો માટે પણ જવાબદાર માને છે.

વધતા શહેરોને ગાંધીજી માનવજાત અને દુનિયાની કમનસીબી ગણાવે છે. આ સમાજના શરીર પર થયેલાં ફોલ્લાઓને કાપી કુદરતી રીતે સુધારાની મલમપટ્ટીનો મત તેઓ વ્યક્ત કરે છે. જે શહેરો ગ્રામવાસીઓને લૂંટી તેમની મહેનત અને સંપત્તિનો ઉપયોગ કરી જીવે છે તેમને આગળ વધવા ન દેવાની ગાંધીજી હિમાયત કરે છે, જેથી ભારતનાં ગામડામાં રહેનારી મોટાભાગની વસ્તી ભૂખમરા અને બદહાલીની જિંદગીમાંથી ઉગરી શકે.

ભારતમાં પંચોતેર ટકા વસ્તી ખેડૂતોની છે અને તેમની મહેનતનું પૂરું ફળ લઈએ કે લેવા દઈએ તેમાં ગાંધીજી સ્વરાજની ભાવના માનતા નથી. શહેરો એટલા સક્ષમ છે કે પોતાની સંભાળ લઈ શકે, જેથી આપણે ગામડાંઓના ઉત્કર્ષ તરફ વળવું એમ ગાંધીજી સૂચન કરે છે. ગાંધીજી પૂર્વગ્રહો, વહેમો અને સંકુચિત દૃષ્ટિમાંથી ગામડાંઓને મુક્ત કરવા તથા તેમના સુખદુઃખમાં ભાગીદાર થવા, કેળવણીનો ફેલાવો કરવા અને પ્રજાના કલ્યાણ માટેની જાગરૂકતા ફેલાવવાનું પણ સૂચવે છે. આદર્શ ગ્રામવાસી બનવા, આદર્શ ખોરાક ખાવા, આદર્શ રાંધવાની પદ્ધતિ, સફાઈની રીતો વિશે જાગૃતિ આણવાનું કહે છે. તેઓ આપણને, ગ્રામવાસીઓને સમય, આરોગ્ય અને ધનનો બચાવ કરવાની રીત શીખવવાનું પણ કહે છે. આ સાથે નમૂનેદાર ગામડાં બનાવવામાં મદદરૂપ થતાં બધાં જ સાધનોની પણ ઉદાહરણ સહિત તર્કબદ્ધ જાણકારી આપે છે. તેઓ ગામડાંને સુંદરતાના નમૂના બનાવવાને પોતાનું ધ્યેય અને જીવનકાર્ય માને છે. આ પ્રયત્નમાં ગાંધીજી ઈતિહાસ કે સંસ્કૃતિ સંદર્ભે ગામડાંની દુર્દશામાં પડ્યા વગર સ્વદેશપ્રેમ રાખી ભારતવર્ષના ગામડાંઓની નવેસરથી રચના કરવા અને ગામડાંનો ઉદ્ધાર કરવા તરફ નજર ઠરાવવાનું સૂચવે છે. તેથી જ ગામડાં અને ગ્રામવાસીને ભૂંસી નાંખી ઊભા થતાં શહેરોનો વિરોધ કરે છે. ગાંધીજી દેશવાસીઓને ગામડાંનું માનસ કેળવવાનું અને ગ્રામવાસીઓની ઢબે રહેવાની કળા શીખવાનું કહે છે, આ માટે પ્રજાએ જૂની રહેણીકરણીમાં ધરમૂળથી ફેરફાર કરવો પડે તો કરવો જોઈએ એમ પણ સૂચવે છે. ગાંધીજી જૂનાં ગામડાંના નાશ થયેલાં મહાજનો સજીવન કરવાની વાત કરે છે. તેઓ શહેરો અને ગામડાંઓમાં ઠલવાઈ રહેલા પરદેશી માલનો વિરોધ કરે છે કારણ કે તેના કારણે જ આપણો ભારત દેશ દરિદ્ર બન્યો છે. આ વિરોધ પણ ગાંધીજીના મતે તો નૈતિક જ હોવો જોઈએ. ગાંધીજી નીતિ વગર મેળવેલું ધન અને વિકાસ બન્નેને હાનિકારક માને છે. આમ, નૈતિક અર્થશાસ્ત્રનો સંપૂર્ણ પાઠ આપી પ્રાચીન ગ્રામસભ્યતાના વારસાને ઉછેરવાની હિમાયત કરતા ગાંધીજી આ પ્રકરણમાં કહે છે કે, ભારતની ભૌગોલિક સ્થિતિ, જનસંખ્યા અને આબોહવાને આ ગ્રામસભ્યતા જ અનુકૂળ હોવાથી પ્રાચીન સભ્યતાનો આશ્રય લઈ, આજના પરિપ્રેક્ષ્યમાં તેમાં રહેલા દોષો દૂર કરીને પણ ગામડાંઓને સજીવન કરવા એ ભારત માટે હિતાવહ અને યથાયોગ્ય છે .

## 6.5 કૃતિલક્ષી અધ્યયન

'શહેરો અને ગામડાંઓ' નિબંધમાં ગાંધીજી સ્વાતંત્ર્યકાળમાં ભારતમાં ઊભરતાં શહેરો અને અંગ્રેજી શાસનમાં પરદેશી માલના બજારોથી થયેલી ગામડાંઓની ભગ્ન અવસ્થાનો ચિતાર આપી, તૂટતી ગ્રામસભ્યતા તરફનો ભય વ્યક્ત કરે છે. ભારતમાં સાત લાખ ગામડાંઓ છે. આ ગામડાંઓમાં ચાલતા વિકેન્દ્રિત વ્યવહાર તરફી મુદ્દાઓ અને તે માટેના વિચારોને ગાંધીજીએ અહીં ઉદાહરણ સહિત દર્શાવ્યા છે. ભારતમાં વિસ્તારના પ્રમાણમાં જનસંખ્યા વધારે છે. જનસંખ્યામાં જોવા મળતું વૈવિધ્ય તથા અહીંના ભૌગોલિક વિસ્તાર અને તેની આબોહવાની વિવિધતાનો ખ્યાલ કરીએ તો માલૂમ પડે કે આ સ્થિતિમાં નાનાં નાનાં ગામડાંઓમાં વહેંચાયેલું ભારત સંપૂર્ણતા ધરાવે છે. ગ્રામ સભ્યતામાં પ્રત્યેક ગામડામાં થતું હસ્તઉદ્યોગનું ઉત્પાદન, ત્યાં જ આ ઉત્પાદનને મળતું સ્થાનિક બજાર અને ત્યાં જ સુચારુરૂપે ચાલતો વિનિમય પ્રત્યેક ઘર-કુટુંબ-સમાજની આર્થિક વ્યવસ્થાને સમતોલ રાખવા માટે અનુકૂળતા કરી આપે છે.

આ ગામડાંઓને તોડી-મરોડી-કચડી અને તેના ખભા પર ચડીને શહેરોના થતા વિકાસ વિશે ગાંધીજી ચિંતન રજૂ કરે છે. તેથી જ ભૂખમરા અને દરિદ્રતામાં સબડતી ભારતની વિશાળ જનતાને ઉગારવા માટે ગાંધીજી ગ્રામોદ્ધારનો માર્ગ સૂચવે છે. ગાંધીજીએ કદી કોઈ આર્થિક

નીતિની શાસ્ત્રીય તાલીમ મેળવી ન હતી છતાં પણ સમગ્રમાં ભારતમાં ભ્રમણ કરતા તેમને ભારતના નાનાં નાનાં ગામડાંઓની સાચી પરિસ્થિતિની જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ સંદર્ભે ભારતના શહેરો અને ગામડાંઓનું નિરીક્ષણ કર્યા બાદ જ તેઓ આ શહેરો અને ગામડાંઓ વચ્ચેની અસંતુલિત સ્થિતિનો ચિતાર આપે છે સાથે ઉકેલ માટે સૂચનો પણ કરે છે, જેનો સમગ્રલક્ષી અભ્યાસ, નિરીક્ષણની અભિવ્યક્તિ આ નિબંધમાં પ્રસ્તુત છે.

આમ, આ ગંભીર અને ચિંતનાત્મક નિબંધ તરીકે ભારતના શહેરો અને ગામડાંઓની તત્કાલીન સ્થિતિ વિશે માહિતી આપ્યા બાદ ભારતની પ્રજા અને પ્રજાની સમૃદ્ધિના ઉઘાડ માટે ગાંધીજી ભારતના નાનાં નાનાં ગામડાંઓને સજીવન કરવાનું લક્ષ્ય નિશ્ચિત કરી તે તરફના પ્રયત્નો પર ભાર મૂકે છે. ગાંધીજી ભારતની નવી પેઢીને ગામ તરફ અમીદૃષ્ટિ રાખવાની, ગામડાં તરફ વળવાની, પ્રાચીન ગ્રામસભ્યતાને જીવંત રાખવાની તથા તેમાં રહેલા જડતા, પૂર્વગ્રહો, અંધશ્રદ્ધા, સંકુચિતતા જેવાં દૂષણોને દૂર કરી તેને સબળ બનાવવાની અને ત્યાં આરોગ્યલક્ષી જાગરૂકતા લાવવાની તથા સમય અને ધન સુયોગ્ય ઉપયોગ વિશે વિચાર કરી એક વિકેન્દ્રિત તંત્રને ગોઠવવાની હાકલ કરે છે. તેમના માટે ભારતના વિકાસમાં ગ્રામસભ્યતાનો વિકાસ કરોડરજ્જુ સમાન છે; પરંતુ, આ વિકાસમાં નીતિને ઊંચું સ્થાન આપવાનો આગ્રહ પણ આ નિબંધમાં સ્પષ્ટ વરતાય છે. ગાંધીજીના માટે ગામડાંની સંસ્કૃતિ એ દેશની દરિદ્રતા અને ભૂખમરાને દૂર કરવાની ચાવી છે, જે પ્રત્યેક પ્રજાના ઉદ્ધાર દ્વારા જ શક્ય બને એમ છે. વિકેન્દ્રિત નાનાં નાનાં રાજ્યો સમાન આ ગામડાંઓથી બનેલું સોનેરી અને સાદગીભર્યા ભારતનું નિર્માણ જ તેમનું જીવનકાર્ય રહ્યું છે, જેનો ઉલ્લેખ તેઓ આ નિબંધમાં કરે છે.

આ નિબંધમાં સરળ ભાષાના ઉપયોગ દ્વારા તર્કબદ્ધ રીતે ગામડાં અને શહેરોના વિકાસના પાયાને ગાંધીજીએ ઉજાગર કર્યા છે. ભારતના ઉત્કર્ષ અર્થે જે યોગ્ય છે, તે વાતને ગાંધીજી કેટલી સ્પષ્ટ અને સાદી ભાષામાં રજૂ કરતા તે અહીં પામી શકાય છે. ગાંધીજીએ સમયાંતરે રજૂ કરેલાં તેમના શહેરો અને ગામડાંઓ વિશેના વિચારોનું સંકલન આ નિબંધરૂપે થયું છે. જેમાં તેમના વ્યક્તિત્વને અનુરૂપ વૈચારિક સુદૃઢતા-મક્કમતા તથા ધારદાર વિચારોને વ્યક્ત કરતી સાદી-સરળ શૈલીનો અનુભવ થયા વગર રહે નહીં.

સ્વનિર્ભર, સ્વાશ્રયી અને સ્વાવલંબી ગામડાંઓ જ આટલી વૈવિધ્યભરી અને વિશાળ જનતાને રોજગારી, ખોરાક, રહેઠાણ, સાદગીભરી જીવનશૈલી, નીતિ વિષયક ઘડતર, ઉત્કૃષ્ટ કેળવણી, સ્વચ્છ અને સુદૃઢ આરોગ્ય, વિકેન્દ્રીકૃત વહીવટ અને શક્તિશાળી તાદાત્મ્ય આપી શકે એમ હોવાથી તે તરફ રાષ્ટ્રના વિકાસ અર્થે આજની પેઢીએ પ્રયત્ન કરવા જોઈએ, એમ ગાંધીજી સ્પષ્ટ માનતા જે આ નિબંધમાં સ્પષ્ટ જણાય છે. આમ, આ નિબંધમાં ગાંધીજી શહેરોના વિકાસ અને પશ્ચિમના અનુકરણથી ભારતમાં વધતા શહેરી ઔદ્યોગિકીકરણના વિષ સામે ગામડાંઓને ટકી રહેવા, સ્વાવલંબન કેળવવા તથા સબળ બનાવવાની દિશામાં પ્રયત્ન કરવાનું મહામૂલું સૂચન કરે છે.

## 6.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. મુંબઈની મિલોમાં જે મજૂરો કામ કરે છે તે ગુલામ બન્યા છે.
2. દુનિયાભરમાં યુદ્ધને માટે ગામડાનો માણસ જવાબદાર હોય છે.
3. શહેરવાસીઓએ સામાન્ય રીતે ગ્રામવાસીઓને લૂંટ્યા છે.
4. શહેરો પોતાની સંભાળ રાખવા શક્તિશાળી છે.
5. લાયોનલ કર્ટિસે કહેલું કે, હિંદુસ્તાનનાં ગામડાં નમૂનેદાર છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. __________એ સુધારાને વ્યાધિ તરીકે વર્ણવ્યો છે.
2. ગ્રામસંસ્કૃતિ અને નગરસંસ્કૃતિ તદ્દન ________વસ્તુઓ છે.
3. ઇંગ્લેન્ડે હિંદુસ્તાનને તેનાં _________ મારફતે જ ચૂસ્યું છે.
4. શહેરવાસીઓનાં હૃદયનાં _________ ગામડાંઓમાં રહેલાં હોઈ, જો તેઓ ખરેખર ગ્રામવૃત્તિવાળા બને.
5. _________થી થયેલું પૈસાદાર હિંદુસ્તાન છૂટનાર જ નથી.
6. _________નો વાયરો વધે તો હિંદુસ્તાનની બહુ દુઃખી દશા થશે.

**ઉત્તરો :**

(ક) 1. ખરું  2. ખોટું  3.ખરું  4.ખરું  5.ખોટું

(ખ) 1. એડવર્ડ કોર્પેન્ટરે  2. ભિન્ન/જુદી  3. શહેરો  4. મૂળ

5. અનીતિ  6. સંચા

## 6.7 લેખન-પ્રવૃત્તિ

- ગાંધીજીના સ્વરાજ વિશેના ખ્યાલની સમજણ મેળવો.
- 'ગ્રામ સ્વરાજ' પુસ્તકનું વાચન કરો.
- ગ્રામોદ્ધારના તમારી આસપાસ થતાં કાર્યોની નોંધ કરો.
- સરકારની ગ્રામોદ્ધાર વિશેની યોજનાઓની યાદી બનાવો.
- ગ્રામચેતના વિશે ગાંધીજીના અન્ય પુસ્તકોનો અભ્યાસ કરો.
- તમારી જાણમાં હોય તેવા બે ગામડાંઓની સ્થિતિનો અભ્યાસ કરી તે વિશે નિબંધ લખો.

## 6.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. દુનિયામાં રહેલી બે વિચારધારા 'ગ્રામ સ્વરાજ' પુસ્તક આધારે જણાવો.
2. ગામડાંના વિકેન્દ્રીકરણ વિશે ગાંધીજી શું કહે છે ?
3. હિંદુસ્તાનમાં કેટલાં ગામડાં હોવાનું મનાય છે ?
4. અંગ્રેજી રાજ્યને નિભાવનાર કોણ છે ?
5. ગાંધીજીના મતે ગામડાંઓને શેનાથી મુક્ત કરવાના છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. ભારત ગામ સભ્યતાને માટે જ વિધાતાએ નિર્મેલો લાગે છે - ગાંધીજીના આ વિધાનની સાર્થકતા ચર્ચો.
2. 'શહેરો અને ગામડાંઓ' - નિબંધને આધારે ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.
3. ગ્રામોદ્ધાર માટે ગાંધીજી કેવા પ્રયત્નો કરવા હાકલ કરે છે ?
4. ગામડાંઓને સજીવન કરવા વિશે તમારા વિચારો રજૂ કરો.
5. ગામડાંઓની ભૂતકાલીન અને વર્તમાન સ્થિતિનો ગાંધીજીએ આપેલો ચિતાર વર્ણવો.

**(ગ) ટૂંક નોંધ લખો.**

1. શહેરોના ઉદયનો ગામડા પર પ્રભાવ
2. વર્તમાન ગામડાંની સ્થિતિ
3. આદર્શ ગામડું

4. અંગ્રેજી રાજ અને ગામડું
5. શહેરોના અતિક્રમણની અસરો

## 6.9 વિશેષ અધ્યયન

**કર્તા પરિચય (ગાંધીજી)**

(જ.1869-અવ.1948)

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ઈ.સ. 1869ના ઑક્ટોબરની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો. ભારતને સ્વતંત્રતા અપાવવામાં અને લોકોના વૈચારિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેનાર અને અનેક ક્ષેત્રે મૌલિક વિચારોથી ભારતના લોકોનું માર્ગદર્શન કરનાર આ યુગપુરુષ 'મહાત્મા ગાંધી' કે 'ગાંધીજી' તરીકે જાણીતા છે. સત્યાગ્રહી તરીકે તેમણે જીવનભર કાર્ય કરી ભારતને આઝાદ અને આબાદ બનાવવાની મહાન સાધના કરી, જેમાં ભારતનું જ નહીં સમગ્ર વિશ્વનું કલ્યાણ સમાયું છે.

ગાંધીજી આત્મકથાકાર, નિબંધકાર, પત્રલેખક અને અનુવાદક તરીકે ધ્યાન ખેંચે છે. તેમનું સાહિત્ય હેતુલક્ષિતા અને લોકહિતની ભાવનાથી પ્રેરિત છે. એમનાં લખાણો મુખ્યત્વે લોકશિક્ષણ અને લોકજાગૃતિ માટેનાં હતાં. જ્યારે સત્ય અને અહિંસા તેમના જીવનના તથા સાહિત્યના ચાલકબળ હતાં.

ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' આપી. આ ઉપરાંત 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ', 'હિંદ સ્વરાજ', 'મંગલ પ્રભાત', 'સત્યાગ્રહનો ઈતિહાસ', 'મારો જેલનો અનુભવ', 'સર્વોદય', 'નીતિનાશના માર્ગે', 'આરોગ્યની ચાવી', 'ખરી કેળવણી', 'કેળવણીનો કોયડો', 'રચનાત્મક કાર્યક્રમ' જેવાં સ્વતંત્ર પુસ્તકો આપ્યાં છે. ગાંધીજીનો સંપૂર્ણ અક્ષરદેહ કાલાનુક્રમે ગોઠવાઈને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં 'ગાંધીજીનો અક્ષરદેહ'ના દળદાર ગ્રંથોમાં ઉપલબ્ધ થયો છે. ગુજરાતી ભાષા-સાહિત્યના ઘડતરમાં તેમનો પ્રત્યક્ષ-પરોક્ષ મહત્ત્વનો ફાળો રહ્યો છે. તેમની સરળ અને સાદગીભરી ભાષાને કારણે તેઓ પ્રજાના હૃદય સુધી પહોંચી શક્યા છે.

'ગ્રામ-સ્વરાજ' એ મહાત્મા ગાંધીજીનાં લખાણોનો સંગ્રહ કરી પુસ્તકરૂપે ઈ.સ. 1963માં નવજીવન ટ્રસ્ટ પ્રગટ કરે છે. આ પુસ્તકમાં ખેતી, ગ્રામોદ્યોગ, પશુપાલન, વાહનવ્યવહાર, પાયાની કેળવણી, આરોગ્ય અને સ્વચ્છતા વગેરે ગ્રામજીવનની વિવિધ બાબતોને લગતાં વિચારો પ્રગટ થયા છે. મહાત્મા ગાંધી ગ્રામપંચાયતોની સ્થાપના દ્વારા આર્થિક અને રાજકીય સત્તાના વિકેન્દ્રીકરણના જોરદાર હિમાયતી હતા.

**સ્વરૂપ-પરિચય :**

નિબંધ એ અર્વાચીન યુગમાં, નિયત પરિમાણ ધરાવતું મહદંશે વિચારપ્રધાન ગદ્ય-સ્વરૂપ છે. એ કોઈ એક વિષય પરનું મુદ્દાસર લખાણ છે. આમ જોઈએ તો, નિબંધ એ નિબંધકારના પ્રગટ ચિત્તવિચાર-સંવાદ છે. જ્યારે કોઈને કંઈ કહેવું હોય ત્યારે નિબંધનું સ્વરૂપ ખપ લાગે છે. આત્મલક્ષિતા, વિષયકેન્દ્રીયતા, વિચારઅભિવ્યક્તિ, ગાંભીર્ય, આનંદ, બોધ કે હળવાશ નિબંધમાં જોવા મળતાં તત્ત્વો છે.

મનુષ્યજીવનનાં નિરીક્ષણ, ચિંતન, અભ્યાસ, અનુભવને આધારે નિબંધ લખાય છે. ગંભીર ચિંતનપ્રધાન નિબંધમાં કોઈપણ વિષયની સમાજોપયોગી, તાત્ત્વિક વિચારણા ક્રમબદ્ધ રીતે, તાર્કિક રીતે કરવામાં આવી હોય છે. અહીં વિષયવિચાર જ કેન્દ્રમાં હોય છે. જ્યારે લલિત

નિબંધમાં વિષય નહીં પણ લેખકનું વ્યક્તિત્ત્વ મહત્ત્વ હોય છે અને હાસ્યનિબંધમાં હાસ્ય કેન્દ્રસ્થાને રહે છે.

ગાંધીજી દેશના લોકોને પોતાના વિચાર પહોંચાડવા વિચાર-પ્રધાન લેખો સામયિકોમાં લખતા. તેમણે સરળ, સાત્ત્વિક, સીધી શૈલીમાં નિબંધસ્વરૂપી લેખો તેમજ પુસ્તકો આપ્યાં છે. ગાંધીજીના ગંભીર નિબંધમાં વિષય-વિચારની મૂળગામી, ક્રમિક, તાર્કિક, વ્યવસ્થિત રજૂઆત હોય છે. તેમનું દર્શન-ચિંતન જેટલું સ્પષ્ટ હોય છે એટલી જ તેમની રજૂઆત સરળ, વિશદ અને સચોટ છે. તેમની લેખનશૈલીમાં વિચારોની સ્પષ્ટતા સાથે રજૂઆતની શાસ્ત્રીયતા ધ્યાન ખેંચે છે.

પ્રસ્તુત નિબંધનું સ્વરૂપ ગંભીર નિબંધનું છે, તેથી તેના કેન્દ્રમાં વિષય-વિચાર કેન્દ્રમાં છે. 'શહેરો અને ગામડાંઓ' નિબંધલેખમાં ભારતના સાત લાખ ગામડાંઓની, સ્થિતિ પ્રત્યે ગાંધીજીએ તાર્કિક ચિંતા વ્યક્ત કરી છે, તો ભારતની આર્થિક-સામાજિક પરિસ્થિતિ સંદર્ભે શહેરોના વિસ્તારીકરણથી ઊભી થતી સમસ્યાઓનો તર્કબદ્ધ ચિતાર આપ્યો છે અને ભારતની જનતાને ગામડાંઓની પરંપરા-સંસ્કૃતિને જાળવી રાખવા તથા સાચવી રાખવાના ઈલાજ પણ પ્રસ્તુત કર્યા છે.

**વિશેષ-વાચન :**

આ સંદર્ભમાં તમારે, ગાંધીજીના 'હિંદ સ્વરાજ', 'સર્વોદય' અને 'મારા સ્વપ્નનું ભારત' પુસ્તકો વાંચો.

- ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભારત સંદર્ભે આર્થિક વિચારોનો અભ્યાસ કરવો જોઈએ.
- કિશોરલાલ મશરૂવાળાનાં 'સમૂળી ક્રાન્તિ', 'જીવનશોધન' પુસ્તકો વાંચવા જોઈએ.
- ગાંધીજીના પત્રસાહિત્યનો પણ અભ્યાસ કરવો જોઈએ.
- રાષ્ટ્રના ઘડતરમાં ઉપયોગી એવા જવાહરલાલ નહેરુ, કાકાસાહેબ કાલેલકર અને વિનોબા ભાવેના પુસ્તકોનું વાંચન કરો.
- 'ગ્રામ સ્વરાજ' પુસ્તકનો ગાંધીજીના ભારત દેશના ઉત્કર્ષ માટેના વિચારો જાણવા અભ્યાસ કરો.
- 'ગાંધીજીની આર્થિક યોજના' શ્રીમન્નારાયણ અગ્રવાલના પુસ્તકનું અધ્યયન કરો.
- 'ગ્રામ સ્વરાજ' પુસ્તકમાંથી લીધેલું 'શહેરો અને ગામડાંઓ' પ્રકરણમાં ગાંધીજીના આ અંગેના 'હિંદ સ્વરાજ', 'હરિજનબંધુ', 'યંગ ઈન્ડિયા', 'નવજીવન' વગેરે પત્રિકાઓમાં પ્રકાશિત વિચારોનું સંકલન કરી મૂકવામાં આવ્યું છે.

**• ટિપ્પણ**

**મોજૂદ :** હયાત, હાજર, વિદ્યમાન; **નગર :** શહેર; **વિચારધારા :** વિચાર પ્રવાહ; **ઉદ્યોગ :** ધંધો, રોજગાર, ઓજારો અને યંત્રોથી થતી ઉત્પાદનલક્ષી પ્રવૃત્તિ; **ઉદ્યોગીકીકરણ :** દેશમાં વિવિધ ઉદ્યોગોના વિકાસ-વિસ્તારની પ્રક્રિયા; **હાથઉદ્યોગ :** બહુધા હાથથી કરાતો (યંત્રથી નહીં) ઉદ્યોગ; **વિકેન્દ્રિત :** કેન્દ્રિય સત્તા નીચલા સ્તરે રહેલા વિવિધ એકમોમાં ફાળવવી તે; **નિર્માણ :** રચના, સર્જન; **સ્વાવલંબી :** સ્વનિર્ભર, આત્મનિર્ભર, સ્વાશ્રયી; **સ્વાશ્રયી :** પોતાના પર જ આધાર રાખનાર; **અભિમાન :** અહંકાર, ગર્વ; **નામનિશાન :** નામ કે બીજું કોઈ ચિહ્ન ઓળખ કે પતા તરીકે; **ભૂખમરો :** ભૂખથી મરો થવો તે અથવા તેવી દશા; **દફતર :** કામકાજનાં કાગળિયાં, ચોપડાં વગેરે કે તે સંગ્રહ, કાર્યાલય; **મજૂર :** મહેનતનું કામ કરનાર શ્રમજીવી; **કમકમાટી :** કમકમવું તે, ત્રાસ; **ઓરતો :** સ્ત્રીઓ, મહિલાઓ; **અનીતિ :** દુરાચરણ, પાપ,

અન્યાય; **ગામડિયું :** ગામડાનું, ગામડાંને લગતું, ભદ્રસમાજની રીતભાત વગરનું; **નામોશી :** બેઆબરૂ, હીણપત; **હરગિજ :** કદી પણ (નહિ), બિલકુલ; **વિનાશક :** નાશ કરનાર; **કમનસીબ :** દુર્ભાગી; **પોપડો :** ઊપસેલું, ઊખડેલું કે ભાગેલું પડ; **ગ્રામ :** ગામ, ગામડું; **ઉપચાર :** સારવાર, સેવાચાકરી; **પૂર્વગ્રહો :** પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય; **સંકુચિત :** સંકોચ પામેલું; **કેળવણી :** ભણતર, તાલીમ, વ્યવસ્થિત ઉછેર; **રુચિ :** ઇચ્છા, ભાવ; **તાદાત્મય :** સમાનતા, એકતા; **ખાબોચિયું :** પાણીથી ભરેલો નાનો ખાડો; **હાકલ :** હાક, બોલાવવા માટે પાડેલી મોટી બૂમ; **પ્રતિનિધિ :** ને બદલે, -ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ; **મિશનરી :** મિશનને લગતું કે તે મિશનવાળો માણસ; **દુદર્શા :** ખરાબ-માઠી દશા; **સ્વદેશ પ્રેમ :** પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ; **સૈકો :** સો વર્ષનો સમય; **ઝીંક ઝીલવી :** પછાડ સહન કરવો; **દેશદાઝ :** દેશ પ્રત્યેની લાગણી; **રૂપાંતર :** રૂપમાં ફેરફાર થવો; **ધરમૂળથી પલટો થવો :** છેક શરૂઆતથી બદલાવ શરૂ થવો; **સજીવન :** જીવતું; **હાટ :** દુકાન, ગુજરી, બજાર; **ભમરાળું :** ભમર ભમર ફરતાં ચક્રોવાળું- ભીષણ, દુર્ભાગી, અમંગળ; **સભ્યતા :** સંસ્કૃતિ; **નૈતિક :** નીતિ સંબંધી, નીતિને લગતું; **સંસ્કૃતિ :** માનવજીવનના વિકાસની એક ભૂમિકા (સંસ્કાર, વિદ્યા, કળા, વિજ્ઞાન, ઉદ્યોગ સંદર્ભે)

**- સંદર્ભ સૂચિ**


- ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : 6, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
- ગ્રામ સ્વરાજ-મહાત્મા ગાંધીજી, નવજીવન પ્રકાશન, અમદાવાદ
- અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ધીરુભાઈ ઠાકર
- ગાંધીજીનું સાહિત્ય-રમણ મોદી, નવજીવન પ્રકાશન, અમદાવાદ
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-પ્રસાદ બ્રહ્મભટ્ટ
- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ડૉ. રમેશ એમ. ત્રિવેદી



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 7

# વ્યાકરણ : ૧ (પદ-શબ્દના પ્રકાર)

રૂપરેખા


7.1 ઉદ્દેશો

7.2 પ્રસ્તાવના

7.3 એકમનું સઘન અધ્યયન

7.4 લેખન પ્રવૃત્તિ

7.5 તમારી પ્રગતિ ચકાસો

7.6 વિશેષ અધ્યયન

- સ્વ અધ્યયન
- સંદર્ભ સૂચિ
- વિશેષ વાચન


## 7.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે -

- પદ એટલે કે શબ્દનો પરિચય કેળવશો.
- પદ-શબ્દનો અર્થ અને પદક્રમની સમજ કેળવાશે.
- નામ એટલે કે સંજ્ઞા અને સર્વનામના પ્રકારોની ઓળખ થશે.
- વિશેષણ અને ક્રિયાવિશેષણનો ખ્યાલ દૃઢ થશે.
- ગુજરાતી ભાષા-વ્યાકરણમાં પદ-શબ્દના પ્રકારનું મહત્ત્વ સમજાશે.

## 7.2 પ્રસ્તાવના

'ભાષા' શબ્દનો વ્યાપક અર્થ છે : અભિવ્યક્તિ અને અવગમનનું - અવાજોનું વાણીમય માધ્યમ. સમાજ સાથે વ્યક્તિને જોડનારી કડી ભાષા છે. આ ભાષામાં વર્ણ-અક્ષરનો સમૂહ (વર્ણમાળા) હોય છે. આ વર્ણોની અર્થપૂર્ણ ગોઠવણીથી અર્થસભર પદ-શબ્દ બને છે. ભાષામાં પદ-શબ્દ થકી સર્જાતા અર્થવિસ્તારનો પરિચય આ એકમમાં આપવામાં આવ્યો છે.

## 7.3 એકમનું સઘન અધ્યયન

ભાષામાં અર્થપૂર્ણ રીતે વર્ણો જોડાતાં અર્થયુક્ત પદ-શબ્દ બને છે. વર્ણ-અક્ષર થકી શબ્દ-પદ બને, શબ્દ થકી વાક્ય બને, વાક્ય થકી ફકરો બને, ફકરા થકી પાઠ-વાર્તા-નિબંધ બને છે. આમ ભાષાનો વિસ્તાર થાય છે. અહીં ભાષાના વિસ્તારનું પ્રથમ પગથિયું એવા પદ અને તેના પ્રકારનું સઘન અધ્યયન કરીશું.

### 7.3.1 પદ અને પદક્રમ

ભાષામાં પદ-શબ્દ એ વાક્યનું મહત્ત્વનું અંગ છે. ભાષામાં જેને 'શબ્દ' તરીકે ઓળખીએ છીએ તેનું સાહિત્યિક નામ એટલે પદ. આ પદ-શબ્દના જોડાવવાથી ભાષાનું સર્જન થાય છે.

દા.ત.: છોકરો, છોકરી, ખેલાડીઓ, સચિન, દામિની, દિનેશભાઈ.

● **પદક્રમ :**

ભાષામાં અર્થયુક્ત વાક્યરચના બનાવવા માટે નિશ્ચિત પદો ગોઠવવામાં આવે છે, જેને પદક્રમ કહેવાય છે. ગુજરાતી ભાષામાં લખવામાં આવતી વાક્ય રચનામાં સૌપ્રથમ કર્તા,પછી કર્મ અને છેલ્લે ક્રિયાપદ લખવામાં આવે છે. ટૂંકમાં, **કર્તા + કર્મ + ક્રિયાપદ**

દા.ત. દામિનીએ ગૃહકાર્ય કર્યું.

અહીં કર્તા (દામિની), કર્મ (ગૃહકાર્ય) અને ક્રિયાપદ (કર્યું) દ્વારા પદક્રમ રચાયો છે.

☞ **પદક્રમ માટે આટલું યાદ રાખો :**

**૧. લેખનકાર્યમાં કર્તા → કર્મ → ક્રિયાવિશેષણ → ક્રિયાપદ. આવો ક્રમ વધુ શિષ્ટ ગણાય છે.**

દા.ત. વિદ્યાર્થીઓએ ચોપડીના પૃષ્ઠ ઉપર વાક્ય રચનાઓ લખી દીધી.

**ગુજરાતીની વાક્યરચનાઓમાં સામાન્ય ક્રમ આવો આવે છે :**

કર્તા → ગૌણ કર્મ → મુખ્ય કર્મ - ક્રિયાવિશેષણ → ક્રિયાપદ

દા.ત. (૧) વાક્યમાં મોટે ભાગે 'કર્તાપદ' પહેલું હોય છે. જેમ કે,

રાજુ-રાધાને સલાહ આપે છે. (કર્તા)

(૨) વાક્યમાં ક્રિયાપદ સામાન્ય રીતે છેલ્લે જ આવે છે. જેમ કે,

તેઓ ગુજરાતી શીખે છે. (ક્રિયાપદ)

**૨. વિશેષણ અને વિશેષ્ય લખતી વખતે વિશેષણાત્મક પદ મોટેભાગે વિશેષ્યની આગળ લખાય છે.**

દા.ત. રાજુની અણિયાળી આંખોમાં હેત હતું.

(અહીં 'આંખોમાં' વિશેષ્ય છે અને 'અણિયાળી' એનું વિશેષણ બન્યું છે.)

**૩. વિવિધ ઉક્તિઓ અથવા બોલચાલની છટા-લઢણમાં ક્રિયાપદને કર્તાની પહેલાં પણ વાપરવામાં આવે છે.**

દા.ત. લે, લેતો જા તું !

સાંભળજો કાવ્યગાન અમારું.

**૪. વાક્યમાં એક કરતાં વધુ વિશેષણોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે પહેલાં સંખ્યાવાચક, પછી પ્રમાણવાચક અને એ પછી ગુણવાચક વિશેષણ આવે છે.**

દા.ત. ઘણાં નાનાં નાનાં તૂટેલાં ઝૂંપડાં ત્યાં જણાતાં હતાં.

**૫. ઉદ્‌ગારવાચક શબ્દ વાક્યની શરૂઆતમાં આવે છે.**

દા.ત. ૧. અરે ! આ તો આનંદના સમાચાર છે !

૨. ઓ હો હો ! તમેય જીતી ગયા !

**૬. નામયોગી અવ્યય સંજ્ઞા-નામની પાછળ જ આવે છે.**

દા.ત. ૧. રસ્તા ઉપર વાહનો ઊભાં હતાં.

૨. રૂપિયા વગર વસ્તુ ખરીદી શકાય નહીં.

**૭. વાક્યમાં ક્રિયાવિશેષણ અને ક્રિયાપદનો નોંધપાત્ર ક્રમ જાળવવો :**

(૧) રીતિવાચક ક્રિયાવિશેષણ સામાન્ય રીતે ક્રિયાપદની 'તરત જ પૂર્વે' આવે છે.

દા.ત. વ્યાયામવીરો રોજ સવારે મેદાનમાં **ઝડપથી દોડતા હોય છે.**

(રીતિ ક્રિયાવિશેષણ)

(૨) સ્થળવાચક અને સમયવાચક ક્રિયાવિશેષણો રીતિવાચકની પૂર્વે આવે.

દા.ત. એ ઑફિસમાં ચા પીતો નથી. (અન્ય પીણું પીએ છે.)

એ ચા ઑફિસમાં પીતો નથી. (બહાર પીએ છે.)

(૩) કર્તા-કર્મના ક્રમમાં બધા જ પ્રકારનો હેરફેર થઈ શકે છે ખરો. અલબત્ત, એમ કરવાથી ક્યાંક અર્થભાર બદલાતો જણાય છે.

દા.ત.  **મેં** તેને આ વાર્તા કહી હતી.

તેને **મેં** આ વાર્તા કહી હતી.

આ વાર્તા **મેં** તેને કહી હતી.

આ વાર્તા તેને **મેં** કહી હતી.

**૮. ઉદ્‌ગારવાચકો વાક્યમાં પહેલાં, કર્તાપૂર્વે આવે છે.**
**(ક્યારેક કર્તાપદ અધ્યાહાર પણ હોય)**

દા.ત.  શાબાશ ! (તેં) બહુ સરસ કામ કર્યું !

વાહવાહ ! એ કેવું સરસ ગાય છે.

**૯. નામયોગીઓ નામપદની તરત જ પાછળ આવે છે.**

દા.ત.પેટ ખાતર વેઠ કરવી પડે. / ઘર પાછળ વાડામાં કૂવો છે.

**૧૦. અન્ય પ્રકારની કામગીરી કરતાં ઘટકોનો ક્રમ જોઈએ તો 'જ' નિપાત વાક્યમાં જે પદનું મહત્ત્વ દર્શાવવું હોય તેની પછી જ આવે.**

દા.ત.  મને જ પૈસા આપો, મને પૈસા જ આપો.

'પણ' ભારસૂચક હોઈ 'જ' પ્રમાણે વર્તે.

'ખરું' એણે મને કહ્યું ખરું. (નિપાત) (ખાતરી દર્શાવે)

એણે ખરું કારણ કહ્યું નહીં ('ખરું' વિશેષણ વિશેષ્ય 'કારણ')

'તો' એ પાસ તો થયો. (નિપાત) (વિશેષ નહીં, પણ પાસ)

વાંચશો તો પાસ થશો (સંયોજક) (શરતવાચક)

હું તો જવાનો. (બીજું કોઈ જાય કે ન જાય)

એ સ્વમાની તો હતો. (બીજું કંઈ હોય કે ન હોય)

**૧૧. વિશેષણો એકવચન જ દર્શાવે એથી એની સાથે જોડાતી સંજ્ઞા (નામ) પણ એકવચનમાં જ આવે છે.**

દા.ત.  દરેક વિદ્યાર્થી લેસન કરીને આવે. - દરેક વિદ્યાર્થીઓ **ખોટું.**

પ્રત્યેક કર્મચારી ધ્યાનમાં રાખે કે. - પ્રત્યેક કર્મચારીઓ **ખોટું.**

**૧૨. વાક્યમાં આવતાં 'ક્રિયાવિશેષણ'ની જ કામગીરી કરતાં હોય ત્યારે એ કર્તાનાં લિંગ અને વચન મુજબ પદસંવાદ દર્શાવે છે.**

દા.ત.  મહેમાનો ગાડીમાં ઊભા ઊભા આવ્યા. (બ.વ.)

છોકરો દોડતો આવ્યો. છોકરી દોડતી આવી. (એ.વ.)

**૧૩. સંબંધદર્શક 'ન્' કે 'અર્' પ્રત્યય અને સંજ્ઞાનો પદસંવાદ**

'ન્' પ્રત્યય લિંગવચનના પ્રત્યયો લે છે તેથી એ કઈ સંજ્ઞાના લિંગ-વચન પ્રમાણે આવે છે, એ મુજબ લખાય છે.

દા.ત.  રાજાનો મહેલ / રાજાની રાણી

ઘરની દીવાલ / ઘરનો ઓટલો / ઘરનાં નળિયાં

તમારું પુસ્તક / તમારાં પુસ્તકો / તમારી ચોપડીઓ

## 7.3.2 પદ-શબ્દના પ્રકાર

### ૧. સંજ્ઞા અર્થાત્ નામ

કોઇ વ્યક્તિ, પદાર્થ, ગુણ, ભાવ કે ક્રિયા દર્શાવતું પદ એટલે સંજ્ઞા-નામ. આ પદ વાક્યમાં કર્તા, કર્મ કે ક્રિયા તરીકે આવતું હોય છે. અર્થયુક્ત વાક્યમાં જેના વિશે માહિતી આપવામાં આવી હોય તેવું નામ. આ 'નામ'ને 'સંજ્ઞા' પણ કહે છે. ગુજરાતીમાં વ્યક્તિ, પશુ, પક્ષી અને વસ્તુ વગેરેનાં નામ આપેલાં હોય છે. ટૂંકમાં, વાક્યમાં કર્તા કે કર્મની જગ્યાએ જે શબ્દ આવી શકતો હોય તેને નામ કહેવાય છે.

**દા.ત. :** ગુજરાતી સહેલી ભાષા છે.
(અહીં 'ગુજરાતી' અને 'ભાષા' બંને નામ છે.)
વાક્યમાં શું ? કોણ ? પૂછવાથી જ જવાબ મળે તે નામ-સંજ્ઞા.

## (અ) વિકારી અને અવિકારી સંજ્ઞા

### ૧. વિકારી સંજ્ઞા :

વાક્યમાં વપરાયેલી સંજ્ઞા કાળ, વચન અને લિંગ મુજબ ફેરફાર પામે તેને વિકારી સંજ્ઞા કહેવાય છે. **વિકારી સંજ્ઞાઓ :** પુસ્તક, રૂપિયા, રસ્તો

દા.ત. ૧. બાળકે પાંદડું તોડ્યું.
૨. બાળકે પાંદડાં તોડ્યાં.
૩. બાળકે પાંદડીઓ તોડી.
૪. બાળકે પાંદડે પાંદડે ટપલી મારી.

☞ **યાદ રાખો...**

અહીં પાંદડું મૂળ સંજ્ઞા (નામ) છે, જેમાં કાળ, વચન અને લિંગ મુજબ ફેરફાર થયા છે.

### ૨. અવિકારી સંજ્ઞા :

વાક્યમાં વપરાયેલી સંજ્ઞા (નામ) કાળ, વચન અને લિંગ મુજબ ફેરફાર પામતી નથી, તેથી અવિકારી સંજ્ઞા કહેવાય છે. **અવિકારી સંજ્ઞાઓ :** હાથ, પગ, માથું, લોહી, લાડુ

દા.ત. ૧. વેપારીએ ઘઉં ખરીદ્યા.
૨. ખેડૂતોએ ઘઉંનો પાક લણ્યો.
૩. માએ ઘઉંની રોટલી બનાવી.
૪. તેઓએ દસ મણ ઘઉં વેચ્યા.

☞ **યાદ રાખો...**

અહીં ઘઉં સંજ્ઞા (નામ)માં કોઈ જ ફેરફાર થયો નથી તેથી તે અવિકારી સંજ્ઞા છે.

## (બ) સંજ્ઞા/નામના પ્રકાર

(૧) **જાતિવાચક સંજ્ઞા/નામ :** જે નામ આખા વર્ગને તેમજ એ વર્ગમાંની પ્રત્યેક વ્યક્તિ કે પદાર્થને લાગુ પડતું હોય તેને જાતિવાચક નામ કહેવામાં આવે છે. દા.ત. ગામ, છોકરો, દેશ, શહેર, પર્વત, વાદળ.

(૨) **વ્યક્તિવાચક સંજ્ઞા/નામ :** કોઈ એક પ્રાણી કે પદાર્થને પોતાની જાતિના બીજા પ્રાણી કે પદાર્થથી અલગ પાડી ઓળખવા જે ખાસ નામ અપાય છે, તેને વ્યક્તિવાચક નામ કહે છે. દા.ત. અમદાવાદ, દામિની, હિમાલય, ભદ્રેસર

(૩) **સમૂહવાચક સંજ્ઞા/નામ :** વ્યક્તિ, પ્રાણી કે વસ્તુઓના સમૂહને જે નામે ઓળખવામાં આવે તેને સમૂહવાચક નામ કહે છે. દા.ત. કાફલો, ધણ, લૂમ, ટોળું, ઢગલો.

(૪) **દ્રવ્યવાચક સંજ્ઞા/નામ :** કોઈ દ્રવ્ય એટલે કે પદાર્થને ઓળખવા માટે વપરાતું નામ દ્રવ્યવાચક કહેવાય છે. દ્રવ્યવાચક નામથી ઓળખાતા પદાર્થોની એક, બે, ત્રણ એમ ગણતરી કરી શકાતી નથી. દરેક શબ્દ જથ્થાનો અર્થ સૂચવે છે. દા.ત. ચાંદી, સોનું, ઘી, દૂધ, પાણી.

(૫) **ભાવવાચક સંજ્ઞા/નામ :** જે નામ વડે ભાવ, ગુણ, ક્રિયા, સ્થિતિ કે લાગણીને ઓળખીએ તેને ભાવવાચક નામ કહેવાય છે. આ ગુણો સ્વતંત્રપણે જોવા મળતા નથી. દા.ત. સચ્ચાઈ, બૂરાઈ, હર્ષ, શોક વાચન, ગરીબાઈ.

## ૨. સર્વનામ

સંજ્ઞા-નામને બદલાતું પદ એટલે સર્વનામ. પુરૂષવાચક, પ્રશ્નવાચક, સ્વવાચક, દર્શક, સાપેક્ષ, અનિશ્ચિત અન્યોન્યવાચક વગેરે સર્વનામના પ્રકાર છે.

(૧) **પુરુષવાચક સર્વનામ :** જુદી જુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતાં સર્વનામ પુરુષવાચક કહેવાય છે. **પુરુષવાચક સર્વનામ ત્રણ પ્રકારનાં છે :** પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ.

(૨) **સાપેક્ષ સર્વનામ :** પ્રાણી કે પદાર્થના બદલે વપરાયેલાં એકબીજાની અપેક્ષા રાખતાં જોડકાં છે, તેથી તે સાપેક્ષ સર્વનામ કહેવાય છે. 'જે' સાથે 'તે'ની અપેક્ષા રહે છે. 'જેવું' સાથે 'તેવું' લખવું પડે છે.

(૩) **પ્રશ્નવાચક સર્વનામ :** નામ (સંજ્ઞા)ને બદલે વપરાતાં અને પ્રશ્ન પૂછવા માટે ઉપયોગમાં લેવાતાં પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. દા.ત. કોણ, શું, ક્યું.

(૪) **દર્શક સર્વનામ :** પાસેની કે દૂરની પણ પ્રત્યક્ષ વસ્તુ કે વ્યક્તિ દર્શાવવા વપરાતાં સર્વનામ દર્શક સર્વનામ કહેવાય છે. દા.ત. આ, પેલું એ.

(૫) **અનિશ્ચયવાચક સર્વનામ :** જે સર્વનામ વડે ચોક્કસ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી અર્થાત્ જેનો નિર્દેશ અનિશ્ચિત રહે છે તેને અનિશ્ચયવાચક સર્વનામ કહે છે. દા.ત. કાંઈ, દરેક, કોઈક, કંઈ, કેટલાક, સહુ સૌ, ફલાણો, અન્ય બીજું વગેરે અનિશ્ચયવાચક સર્વનામો છે.

(૬) **સ્વવાચક સર્વનામ :** જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને તેને પોતાને ઓળખાવે છે તે સ્વવાચક સર્વનામ કહેવાય છે. દા.ત. અમે, પોતે, તમે, ખુદ

☞ **યાદ રાખો... નામની જેમ સર્વનામને પણ જાતિ, વચન અને વિભક્તિ હોય છે.** ઘણાંખરાં સર્વનામો ત્રણેય જાતિમાં એકસરખાં જ હોય છે. દા.ત. તે આવ્યો, તે આવી, તે આવ્યું.

● **સર્વનામ જે નામને માટે વાક્યમાં વપરાયું હોય, તે નામ મુજબનાં જાતિ અને વચન લેતું હોય છે.**

## ૩. વિશેષણ

સંજ્ઞા-નામ કે સર્વનામમાં રહેલા ગુણ, સંખ્યા, પરિણામ, આકાર, રંગ કે જથ્થાનો નિર્દેશ કરતું પદ એટલે વિશેષણ.

દા.ત. : ઉપયોગી,બળવાન,ખરાબ,ઠોઠ,હોશિયાર,ઓછું,બધું,ચાલાક,રમતિયાળ.

● **વિશેષણના મુખ્ય ત્રણ પ્રકાર છે :** (અ) અર્થ મુજબ (બ) સ્થાન મુજબ (ક) રૂપાંતર મુજબ

**(અ) અર્થ મુજબ**

[1] ગુણદર્શક વિશેષણ : (૧) કતૃત્ત્વ દર્શક ગુણવાચક (લખનાર, વાંચનાર, રમતો)
(૨) સાદશ્યદર્શક/પ્રકાશદર્શક ગુણવાચક (જેવું, તેવું, તેવો)
(૩) કદદર્શક/પરિણામદર્શક ગુણવાચક (નાનું, આવડું, એટલું)
(૪) આકારદર્શક ગુણવાચક (ગોળગોળ, આડુઅવળું, લાંબું-ટૂંકુ)
(૫) રંગદર્શક ગુણવાચક (શ્યામ, ધોળું, નવરંગ)
(૬) સ્વાદદર્શક ગુણવાચક (ખારું, ખાટું, તીખું)

[2] સંખ્યાવાચક વિશેષણ : (૧) ક્રમદર્શક સંખ્યાવાચક (પહેલું, દસમું, પંદરમી)
(૨) પૂર્ણાંકદર્શક સંખ્યાવાચક (એક, બે, પચાસ)
(૩) અપૂર્ણાંકદર્શક સંખ્યાવાચક (આખું, પોણું, અડધું, પા)
(૪) સમૂહદર્શક સંખ્યાવાચક (સૈકો-સદી, દસક, કોડી)
(૫) અનિશ્ચિયદર્શક સંખ્યાવાચક (કેટલુંક, થોડુંક, અન્યોન્ય)
(૬) ભિન્નતાદર્શક સંખ્યાવાચક (તમામ,પ્રત્યેક,અમુક-અમુક)

[3] ક્રિયાવાચક વિશેષણ :

(૧) વર્તમાનકાળદર્શક ક્રિયાવાચક (હસતું બાળક, દોડતો વિદ્યાર્થી, ભણતો પરીક્ષાર્થી)

(૨) ભૂતકાળદર્શક ક્રિયાવાચક (આપેલી પરીક્ષા, વાંચેલું પુસ્તક, પરણેલો પુરુષ)

(૩) ભવિષ્યકાળદર્શક ક્રિયાવાચક

(મહેનત કરનાર, પ્રથમક્રમ લાવનારો, વિજયી બનનારી)

[4] સાર્વનામિક વિશેષણ :

(૧) મૂળ સાર્વનામિક (આ ઘર,પેલી છોકરી,તે સમાચારપત્ર)

(૨) જથ્થા-પરિણામદર્શક સાર્વનામિક

(આટલાં પુસ્તકો, જેટલું જ્ઞાન, તેટલી આવડત)

(૩) કદદર્શક સાર્વનામિક

(આવડું નાનું પુસ્તક !,જેટલા લાંબા પગ એવડી પછેડી)

(૪) પ્રશ્નાર્થક સાર્વનામિક (કઈ, કયું, કયો)

(૫) પ્રકારદર્શક - સાદશ્યદર્શક સાર્વનામિક

(જેવું કરો તેવું પામો, જેવો આવ્યો તેવો ગયો)

[5] પ્રકારવાચક/રીતવાચક વિશેષણ :

કેવું પાણી, જેવું સુખ, બોલો એવું, જેવું મધ.

[6] પરિમાણવાચક વિશેષણ :

કેટલું સરસ ગીત ગાયા, જેટલું લખ્યું તેટલું જોયું.

[7] સંજ્ઞાસાધિત વિશેષણ :

(સંજ્ઞા-નામ-વ્યક્તિવાચક સંજ્ઞાથી બનેલાં વિશેષણો :

ગુજરાત-ગુજરાતી નવલકથા, ભારત-ભારતીય ભાષા, ઈડર-ઈડરિયો મલક.)

● **યાદ રાખો :** વાક્યોમાં વિશેષણની આગળ પણ વિશેષણ લાગતું હોય છે.

દા.ત ૧. દામિની ઘણી હોશિયાર વિદ્યાર્થીની છે.

૨. તે દોઢ ડાહ્યો માણસ છે.

૩. આ તો અઘરામાં અઘરો પશ્ન છે.

● **વિશેષ્ય :** વિશેષણ દ્વારા જે નામ (સંજ્ઞા)ની આગળ મૂકીને તેની વિશેષતા દર્શાવવામાં આવે છે, તેને વિશેષ્ય કહેવાય છે. જે શબ્દ નામના અર્થમાં વધારો કરે છે તે વિશેષણ કહેવાય. વિશેષણ જેનો ગુણ બતાવે તે વિશેષ્ય કહેવાય. આ વિશેષ્ય નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ કોઈપણ પ્રકારનું હોઈ શકે છે.

દા.ત. ૧.ગઈકાલે આખો દિવસ મેં લખ્યું.

૨. ગામડામાં નિઃસ્વાર્થ લોકો વધુ જોવા મળે છે.

અહીં 'આખો' 'નિઃસ્વાર્થ' બંને વિશેષ્ય છે, જેના દ્વારા 'દિવસ' અને 'લોકો'ની વિશેષતા દર્શાવવામાં આવી છે.

## (બ) સ્થાન મુજબ

વાક્યરચનામાં વિશેષણ વિશેષ્ય (નામ-સંજ્ઞા)ની આગળ જ લખવાનો સર્વમાન્ય નિયમ છે પરંતુ જ્યારે વિશેષણ વિશેષ્યની આગળ અથવા પાછળ લખાય ત્યારે તેના સ્થાન મુજબ બે પ્રકાર પડે છે :

**૧. અનુવાદ્ય (પૂર્વ) વિશેષણ :**

વાક્યમાં વિશેષણ વિશેષ્ય (નામ-સંજ્ઞા)ની આગળ આવે ત્યારે તે અનુવાદ્ય વિશેષણ કહેવાય.

દા.ત. ૧. આ હોશિયાર છોકરો છે.

૨. આ વાંચવાલાયક કવિતા છે.

**૨. વિધેય (ઉત્તર) વિશેષણ :**

વાક્યમાં વિશેષણ વિશેષ્ય (નામ-સંજ્ઞા)ની પાછળ આવે તે વિધેય (ઉત્તર) વિશેષણ કહેવાય.

દા.ત. ૧. ગુજરાત ઉત્સવપ્રિય છે.
૨. ગુજરાતની ગૌરવગાથા વાંચવાલાયક છે.

## (ક) રૂપ (રૂપાંતર) મુજબ

અહીં આપેલા વિશેષ્ય (નામ-સંજ્ઞા)નાં લિંગ અને વચન મુજબ બે પ્રકાર પડે છે :

૧. વિકારી (વિકારક) વિશેષણ :

લિંગ પ્રમાણે વિશેષણમાં ફેરફાર થાય તે વિકારી વિશેષણ.

દા.ત. સારું જ્ઞાન, સારો સ્વભાવ, સારા માણસો, સારી બુદ્ધિ

૨. અવિકારી (અવિકારક) વિશેષણ :

લિંગ-વચનમાં ફેરફાર થવા છતાં વિશેષણ કોઈ ફેરફાર ના થાય તે અવિકારી વિશેષણ.

દા.ત. હોશિયાર બાળક, હોશિયાર છોકરો, હોશિયાર છોકરી, હોશિયાર લોકો

- સૌથી, બધાથી, સર્વથી, શબ્દો વિશેષણ આગળ મૂકીને વિશેષણોનું શ્રેષ્ઠતા દર્શક રૂપ બનાવાય છે.

- **વિશેષણના પ્રકાર**

**(૧) ગુણવાચક વિશેષણ :**

નામ કે સર્વનામનો ગુણ, સ્વાદ, કદ, આકાર, રંગ વગેરે દર્શાવે તે.

દા.ત. : સારું, ખરાબ, સાચું, ખોટું, સુખી, દુઃખી, રંગીન, કાળું, ધોળું, મોળું, ગોળ, લાંબું, પહોળું

**(૨) સંખ્યાવાચક વિશેષણ :** નામ કે સર્વનામની સંખ્યા દર્શાવે છે.

દા.ત. : એક, બે, પાંચ, દસ, સો, હજાર, ઘણા બધા.

**(૩) પરિમાણ (માપ) વાચક વિશેષણ :** પરિમાણ દર્શાવે તે.

દા.ત. : ઘણું, વધારે, આટલું, એટલુ, થોડું, ઓછું.

**(૪) દર્શક સર્વનામ :** સ્થિતિ દર્શાવે છે.

દા.ત. : આ, તે, જે - તે, જેઓ - તેઓ, જેને - તેને, જેમને - તેમને, જેટલું-તેટલું, જેવું

**(૫) સાર્વનામિક વિશેષણ :** સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે.

દા.ત. એવું, કશું, કંઈ

**(૬) વિકારી વિશેષણ :** વિશેષ્યનાં જાતિવચન પ્રમાણે વિશેષણમાં ફેરફાર થાય છે.

દા.ત. ધોળું રૂ, ધોળી ધજા, ધોળા વાળ

**(૭) અવિકારી વિશેષણ :**

વિશેષણની જાતિ વિશેષ્યની જાતિ પ્રમાણે બદલાય નહીં તો તે અવિકારી વિશેષણ કહેવાય છે. નરજાતિ એકવચન : સુંદર (દેખાવ) બહુવચન : સુંદર (દેખાવો)

## ૪. ક્રિયાપદ (ધાતુ) આખ્યાત પદ

જે પદ ક્રિયા-કામનો નિર્દેશ કરે તે ક્રિયાપદ. આ પદ વાક્યનો અર્થ પૂર્ણ કરે છે. વાક્યમાં ક્રિયાનું પ્રધાનપણે વર્ણન કરતા પદને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદ વાક્યનો વિચાર બાંધે છે. ક્રિયાને વર્ણવતું અને કર્તા-કર્મ લેતું પદ તે ક્રિયાપદ.

દા.ત. : જવું, આવવું, બોલવું, ગાવું, દોડવું, બેસવું, વાંચવું,લખવું, ફટકો મારવો, રમત રમવી.

● **સકર્મક ક્રિયાપદ :**

**જેમાં ક્રિયાપદ થકી કર્મપદ હોવાનો નિર્દેશ થાય. (કર્મપદ હોય કે ના હોય)**

**દા.ત. : દિનેશભાઇ દામિનીને ભણાવે છે.**

● **અકર્મક ક્રિયાપદ :**

**જેમાં માત્ર ક્રિયાપદનો નિર્દેશ હોય અને કર્મપદ આવતું ના હોય.**

**દા.ત. : દામિની વાંચે છે.**

● **દ્વિકર્મક ક્રિયાપદ :**

**જેમાં બે કર્મ હોવાનો નિર્દેશ કરતું ક્રિયાપદ. સકર્મક ક્રિયાપદમાં બે કર્મો આવે ત્યારે દ્વિકર્મક ક્રિયાપદ કહેવાય છે.**

**દા.ત. : ૧. શિક્ષકે વિદ્યાર્થીને વાર્તા કહી.**

**(અહીં વાર્તા મુખ્ય કર્મ છે અને 'વિદ્યાર્થીને' ગૌણ કર્મ છે.)**

**૨. રાજુ રાધાને ગુજરાતીનું પુસ્તક આપે છે.**

● **ક્રિયાપદના મુખ્યત્ત્વે ચાર અર્થ થાય છે :**

(૧) નિર્દેશાર્થ (૨) આજ્ઞાર્થ (૩) વિધ્યર્થ (૪) સંભાવનાર્થ

(૧) **નિર્દેશાર્થ :** ક્રિયાપદ જયારે ક્રિયાનો એક હકીકત તરીકે નિર્દેશ કરે અને એમાં આજ્ઞા, ઈચ્છા, સંભાવના ઈત્યાદિ કોઈ પણ ભાવની છાયા ન હોય ત્યારે તે નિશ્ચયાર્થ અથવા નિર્દેશાર્થ સૂચવે છે.

દા.ત. ૧. રાજુ ત્યાં જશે નહીં.

૨. હું કાલે વડોદરા જઈશ.

૩. બાળકો ગુજરાતી ભાષા જાણે છે.

૪. ખેલાડીઓની મહેનત લેખે લાગશે.

ઉપરનાં ક્રિયાપદો ક્રિયા એક હકીકત લેખે ચોક્કસ બની છે, બનશે અથવા બનશે નહીં એવો અર્થ સૂચવે છે.

(૨) **આજ્ઞાર્થ :** ક્રિયાપદ જયારે આજ્ઞા, હુકમ, આજીજી, પ્રાર્થના, ઉપદેશ, શાપ વગેરે જેવા અર્થ સૂચવે ત્યારે તે આજ્ઞાર્થમાં છે.

દા.ત. ૧. ચાલો જવાબ આપો.

૨. દરેક વિદ્યાર્થી ઊભા થાવ.

૩.ઈશ્વરકૃપાથી સુખી રહે.

(૩) **વિધ્યર્થ :**

ક્રિયાપદ જ્યારે ફરજ અથવા વિધિ (ફરજ)નો અર્થ સૂચવે ત્યારે તે વિધ્યર્થમાં છે.

દા.ત. ૧. રાજુને નોકરી કરવી છે.

૨. તમારે મહેનત કરવી જોઈએ.

૩. હંમેશાં સત્ય **બોલવું.**

(૪) **સંભાવનાર્થ :** ક્રિયાપદ જ્યારે સંભાવના (શક્યતા)નો અર્થ સૂચવે તે સંભાવનાર્થમાં વપરાયેલું કહેવાય છે.

દા.ત. ૧. તમે કહેશો તો હું મોકલીશ.

૨. કદાચ આજે તેઓ જીતી જશે.

૩. હું કદાચ કાલે ત્યાં **હોઈશ.**

● **ક્રિયાપદના અન્ય પ્રકાર**

(૧) **ક્રિયાતિપત્યર્થ :** ક્રિયાપદ જ્યારે ક્રિયાની અતિપત્તિ (નિષ્ફળતા)નો અર્થ સૂચવે ત્યારે તે ક્રિયાતિપત્યર્થમાં છે. આ ઉપરાંત જેમાં કોઈ ક્રિયા નિષ્ફળ ગયેલી જણાય એટલે કે ક્રિયાની અતિમત્તિ થઈ હોય તેવાં ક્રિયાપદોને ક્રિયાતિપત્યર્થ કહે છે. અહીં એક ખાસ પ્રકારની સંભાવના જોવા મળે છે.

દા.ત. ૧. તમે મને મળત તો હું મદદ કરત.

૨. મારો વારો આવ્યો હોત અને હું રમત તો આપણે જીતી જાત.

૩. ગયે વરસે વરસાદ **પડ્યો હોત** તો પાક સારો **થાત.**

(૨) **સહાયકારક ક્રિયાપદ :** જે ક્રિયાપદ કાળ અને અર્થ સૂચવવામાં મુખ્ય ક્રિયાપદને સહાય કરે તેને સહાયકારક ક્રિયાપદ કહે છે.

દા.ત. **વિદ્યાર્થીઓ** મેદાનમાં રમે છે.

● વાક્યોમાં મુખ્ય ક્રિયાપદ 'આવવું, જવું, બોલવું, રમવું' વગેરેને સહાયક બનતાં ક્રિયાપદોને સહાયક ક્રિયાપદો કહે છે.

**(છે, હશે, હતો, કાળ અને અર્થમાં વિશેષતા લાવે છે. જે સહાયકારક ક્રિયાપદ છે.)**

દા.ત. ૧. રાજુ આવ્યો - રાજુ આવે છે.

૨. રાજ ત્યાં હતો - રાજુ ત્યાં આવવાનો હતો.

૩. અમે મળીશું - અમે મળવાના હોઈશું.

(૩) **સંયુક્ત ક્રિયાપદ :** બે ક્રિયાપદો સંયુક્ત રીતે એક જ ક્રિયા દર્શાવે છે ત્યારે તે સંયુક્ત ક્રિયાપદ કહેવાય છે. દા.ત. પંકજ **પડી ગયો.** તમે **ખાઈ લો**

(૪) **ભાવકર્તૃક ક્રિયાપદ :** કેટલાંક અકર્મક ક્રિયાપદ કર્તા વિના જ વપરાય છે, કેમ કે તેનો કર્તા ક્રિયાપદમાં જ સમાયેલો હોય છે. ક્રિયાનો ભાવ એ જ કર્તા હોવાથી તેમને ભાવકર્તૃક ક્રિયાપદ કહે છે. દા.ત. રાજુ ઊંઘમાં હસે છે.

## ૫. ક્રિયાવિશેષણ

જે પદ ક્રિયાના અર્થમાં વધારો કરે તે ક્રિયાવિશેષણ.

દા.ત. : સુખેથી, ધીમેથી, ઝડપથી, વહેલા, હંમેશા, સરસ રીતે, સમજ્યા વગર, આશા સાથે.

### ● ક્રિયાવિશેષણના પ્રકાર

૧. **સ્થળવાચક ક્રિયાવિશેષણ :** આ ક્રિયાવિશેષણ સ્થળ બતાવે છે. દા.ત. અહીં, સર્વત્ર, નીચે, ઉપર, કયાં, ત્યાં, હેઠળ, આઘે, છેટે, દૂર, પાસે, નજીક, આગળ, પાછળ વગેરે.

૨. **કાળવાચક ક્રિયાવિશેષણ :** આ ક્રિયાવિશેષણ ક્રિયાનો કાળ બતાવે છે. દા.ત. સર્વદા, નિત્ય, તુરંત, હમણાં, સદા, હવે, હાલ, ઓણ, પોર, રોજ, કદી, વારંવાર, કદાપિ, કવચિત્, ત્યારે, સાંજના, વખતસર, અંતે, છેવટે.

૩. **રીતિવાચક ક્રિયાવિશેષણ :** આ ક્રિયાવિશેષણ ક્રિયા કેવી રીતે થઈ તે બતાવે છે. જેમાં થનારી ક્રિયાની રીતભાત બતાવવામાં આવી હોય તે રીતિવાચક ક્રિયા વિશેષણ બને છે. દા.ત. આમ, જેમતેમ, માંડમાંડ, એકદમ, જલદી, ચૂપચાપ, તરત, તાબડતોબ.

૪. **પરિમાણ (પ્રમાણ) વાચક ક્રિયાવિશેષણ :** જેમાં થનારી ક્રિયાનું માપ બતાવવામાં આવેલું હોય તે પ્રમાણવાચક ક્રિયા વિશેષણ બને છે. વાક્યમાં ક્રિયા વત્તે-ઓછે અંશે થઈ છે એવા ભાવનો અર્થ બતાવે છે. દા.ત. બિલકુલ, તદ્દન, થોડું, જરા, લગીર, ખૂબ, અતિશય, છેક, જરાક, લગાર, બસ.

૫. **ક્રમવાચક ક્રિયાવિશેષણ :** આ ક્રિયાવિશેષણ વાક્યમાં ક્રિયાના સમયનો કે સ્થળનો ક્રમ બતાવે છે. જેમાં થનારી ક્રિયાનો ક્રમ બતાવવામાં આવેલો હોય તેને ક્રમવાચક ક્રિયા વિશેષણ કહે છે.

દા.ત. આગળ, પાછળ, અગાઉ, પછી, ફરી, પહેલાં.

૬. **નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ :** વાક્યમાં ક્રિયા જરૂર બનશે કે બની એવા નિશ્ચયનો અર્થ બતાવે છે. જેમાં ક્રિયા જરૂર બનશે એવા નિશ્ચયનો ભાવ બતાવેલો હોય ત્યારે નિશ્ચયવાચક ક્રિયા વિશેષણ બને છે.

દા.ત. અવશ્ય, ચોક્કસ, જરૂર, ખચિત, નક્કી, બેધડક, ખરેખર, વગેરે.

૭. **સ્વીકારવાચક ક્રિયાવિશેષણ :** જેમાં બનેલી કે બનનારી ક્રિયા સ્વીકારવાનો અર્થ બતાવે તે સ્વીકાર વાચક ક્રિયા વિશેષણ બને છે. દા.ત. સારુ, ભલે, છો, હા, વારુ, ઠીક.

૮. **નકારવાચક ક્રિયાવિશેષણ :** જેમાં થનારી ક્રિયા નકારવાના અર્થમાં વપરાય ત્યારે નકારવાચક ક્રિયા વિશેષણ બને છે. દા.ત. નહીં, ના, મા, ન, નથી.

૯. **હેતુ કે કારણવાચક ક્રિયાવિશેષણ :** આ ક્રિયાવિશેષણ ક્રિયાનો હેતુ જાણવા માટે વપરાય છે. જેમાં થનારી ક્રિયાનો હેતુ કે કારણ બતાવેલું હોય તે આ પ્રકાર બતાવે છે. દા.ત. કારણે, ને લીધે, એ, માટે.

૧૦. **સંભાવનાવાચક ક્રિયાવિશેષણ :** જેમાં ક્રિયા બની છે કે બનશે એવી સંભાવના બતાવવામાં આવી હોય ત્યારે સંભાવનાવાચક ક્રિયાવિશેષણ બને છે.

દા.ત. કદાચ, રખે, જાણે, શકે.

☞ **યાદ રાખો...** ભાષા-વ્યાકરણમાં અગાઉ જે પદોના રૂપમાં કોઈ ફેરફાર થતાં ન હોય તેને અવ્યય કહી ઓળખાવતાં હતાં.

દા.ત. છોકરો **જલદી** દોડ્યો., છોકરી **જલદી** દોડી., છોકરું **જલદી** દોડ્યું.

ઉપરોક્ત વાક્યોમાં વચન અને જાતિના ભેદને લીધે નામ અને ક્રિયાપદમાં ફેરફાર થાય છે.

પરંતુ **જલદી** એ પદનું રૂપ એનું એ જ રહ્યું છે. એનાં રૂપમાં કશો ફેરફાર થયો નથી. પણ હવે અવ્યય શબ્દ કાઢી નાખી માત્ર ક્રિયાવિશેષણ, ઉભયાન્વયી નામયોગી, કેવળપ્રયોગી એ નામે જ આવાં પદો ઓળખવામાં આવે છે.

## ૬. નામયોગી

જે પદો સંજ્ઞા અને સર્વનામની સાથે બીજાં પદો સાથેનો એનો વિભક્તિ-સંબંધ પ્રગટ કરવા વપરાય છે. તે પદો નામયોગી તરીકે ઓળખાય છે. **નામયોગીનો સંબંધ ક્રિયાપદ સાથે હોય છે છતાં નામ સાથે તેનો પ્રયોગ થાય છે અને તે વિભક્તિના અનુગની ગરજ સારે છે.** નામયોગી નામ-સર્વનામના યોગ સંબંધ અર્થે વપરાય છે.

- **નામયોગી અવ્યયના પ્રકાર :**

(૧) **કારણવાચક :** આ નામયોગી ક્રિયાનું સાધન, માધ્યમ, રીત અને કારણ દર્શાવે છે. થકી, વડે, મારફત, દ્વારા, પેઠે, માફક, સહિત, વિના, વતી, બદલે, લીધે, કારણે, તરીકે

(૨) **અપાદાનવાચક :** આ નામયોગી થકી, પરથી, કરતાં, વગેરે છૂટા કે જુદા પાડવાનો અર્થ દર્શાવે છે.

(૩) **સંબંધવાચક :** આ નામયોગી તણું, કેરું વગેરે બે પદો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

(૪) **અધિકરણવાચક :** આ નામયોગી અંદર, બહાર, પાસે સામું, તરફ, પહેલાં પછી.

(૫) **તાદર્થ્યવાચક :** આ નામયોગી માટે, કાજે, સારુ, વાસ્તે, ખાતર વગેરે ક્રિયાનું પ્રયોજન દર્શાવે છે.

(૬) **સ્વામિત્વવાચક :** આ નામયોગી માલિકીનો અર્થ દર્શાવે છે.

(૭) **ક્રમ વાચક :** અગાઉ, પહેલાં, પછી, પાછળ, પૂર્વ

(૮) **સ્થળ વાચક :** અંદર, ઉપર, પર, તરફ, ભણી, માંહે, મહીં, આસપાસ, કેડે, અગાડી, કને, પાસે, હેઠળ, બાજુ.

(૯) **સમયવાચક :** દરમિયાન, ગાળામાં

(૧૦) **પર્યાયવાચક :** અર્થાત્, મતલબ કે

(૧૧) **તુલનાવાચક :** બરાબર, જેમ, પ્રમાણે, પેઠે

(૧૨) **રીતિવાચક :** માફક, સાથે, જોડે, સહિત

## ૭. ઉભયાન્વયી (સંયોજક) અવ્યય

'ઉભય' એટલે બે અને 'અન્વય' એટલે જોડવું અર્થાત્ બે (પદ)ને જોડે તે ઉભયાન્વયી અવ્યય. જે બે પદને કે બે પદસમૂહને અથવા બે વાક્યોને જોડે છે તેવા પદને ઉભયાન્વયી (અથવા સંયોજક) કહે છે. સંજ્ઞા અને સર્વનામનો સંબંધ જોડે તેને સંયોજક કહે છે. દા.ત. : અને, પણ, તથા, અથવા, કે, જ્યારે, ત્યારે, જો, આગળ, તેથી.

● **ઉભયાન્વયી અવ્યયના મુખ્ય પ્રકાર :**

(૧) **સમતામૂલક :** ને, અને, તથા, પણ, તેમ જ, તેમ, અથવા, કે, યા, કાં તો, અગર, કાં, કેમકે, તેથી, એટલે, કારણ કે, માટે, કિંતુ, તો પણ, નહિતર, તોય, તમે છતાં, નહિ તો.

(૨) **વિષમતામૂલક :** જ્યારે જ્યારે,જ્યાં-ત્યાં,ત્યારે,જેમ-તેમ,જો કે,જો-તો,છતાં પણ,અગર જો.

(૧) **સમુચ્ચયવાચક :** આ બે શબ્દો કે બે વાક્યોને જોડવાનું કામ કરે છે.
દા.ત. તથા, તેમજ, તે, અને, ઉપરાંત, તદુપરાંત, વળી

(૨) **વિરોધવાચક :** આ એકબીજાથી વિરુદ્ધ અર્થનાં કથનો આ ઉભયાન્વયીથી જોડાય છે. દા.ત. જો કે, તો પણ, છતાં પણ, પરંતુ

(૩) **વિકલ્પવાચક :** આ બેમાંથી એકની પસંદગી કે વિકલ્પ સૂચવવા વપરાય છે.
દા.ત.કાં-તો, કિં વા, અથવા, યા, યા-તો, અગર, તો, વા

(૪) **પરિણામ-અનુમાનવાચક :** આ અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એ બંને પ્રકારનાં ઉભયાન્વયી વાક્યને જોડે છે. દા.ત. તેથી, એટલે માટે, એથી

(૫) **પર્યાયવાચક :** વિસ્તારથી કે સ્પષ્ટતાથી કઠિન શબ્દોના પર્યાય સૂચવવા માટે વપરાય છે. સત્યાગ્રહ એટલે સત્ય માટે આગ્રહ.
દા.ત. અર્થાત્, એટલે કે, વગેરે

(૬) **કારણવાચક :** આ કારણ સૂચવવાના અર્થમાં વપરાય છે.
દા.ત.કારણ કે, કેમકે, તો...

(૭) **શરતવાચક :** આ શરત અને સંભવિત હકીકતને જોડે તે **'શરતવાચક'** ઉભયાન્વયી કહેવાય છે.
દા.ત. જો - તો, તો, નહીં તો...

(૮) **દૃષ્ટાંતવાચક :** આ હકીકત અને દૃષ્ટાંતને જોડે છે. દા.ત. જેમકે, યા, કે

(૯) **અવતરણવાચક :** આ ઉક્તિ કે વિચારને ઉદ્‌ધૃત કરવા માટે વપરાય છે.

## ૮. કેવળ પ્રયોગી

જે પદનો ઉપયોગ માત્ર પદ માટે જ કરવામાં આવે તેને કેવળ પ્રયોગી કહે છે. આ માત્ર ઉદ્‌ગારાત્મક પદ છે, જે વાક્યની શરૂઆતમાં જ લખાય છે.

દા.ત. અરે, અરેરે, ઓહ, આહા, એ, આહાહા, વાહ, ખમ્મા, છટ્, હટ્, ઉં, ઊહ્, હં, આહ્, અરર

- **કેવળ પ્રયોગીઓની ઓળખ : હર્ષ :** વાહ, શાબાશ, સરસ

**આશ્ચર્ય :** ઓહો, આહાહા,

**દુઃખ :** અરેરે, હાય-હાય, ઓ બાપ રે,

**ધિક્કાર :** ધિક, ફટ, હટ

**તિરસ્કાર/ધૃણા :** હત્, થૂ, ધિક્

**નિષેધ :** ના, નહિ, અહઁ

**સ્વીકાર-વિનય :** હઁ, હા, હાજી, જી

**આશિષ-કલ્યાણ :** ખમ્મા, જિયો, જય-જય, જય હો, જે-જે,

**સંબોધન :** હે, એ, ઓ, અલ્યા, અલી, ઓય, એય

**ભય :** અધધ, ઓ,

**ચેતવણી :** જો જો, ખબરદાર

**ક્રોધ :** હત્, હ્, હત્તારીની

## 7.4 લેખન પ્રવૃત્તિ

(૧) પદ-શબ્દની વ્યાખ્યાને આધારે પદક્રમની નોંધ તૈયાર કરો.

(૨) સંજ્ઞા (નામ) અને સર્વનામ વચ્ચેનો તફાવત ઉદાહરણ સહિત સમજાવો.

(૩) વિશેષણના મુખ્ય પ્રકારો જણાવી, પેટા પ્રકારોની ઓળખ આપતાં વિશેષણોની યાદી તૈયાર કરો.

(૪) ગુજરાતી વ્યાકરણને લગતાં અન્ય પુસ્તકોમાંથી પદના પ્રકાર દર્શાવતાં વાક્યો લખો.

(૫) કોઈ પણ ગદ્યખંડને આધારે એ ગદ્યખંડમાં લખાયેલાં પદ અલગ તારવી તેની સૂચિ બનાવો.

## 7.5 તમારી પ્રગતિ ચકાસો.

**(અ) એક વાક્યમાં ઉત્તર આપો.**

(૧) પદ (શબ્દ) એટલે શું ?

(૨) સંજ્ઞા (નામ) એટલે શું ?

(૩) સર્વનામના કેટલા પ્રકાર છે ?

(૪) ઉભયાન્વયી અવ્યયના મુખ્ય કેટલા પ્રકાર છે ?

(૫) ક્રિયાપદના મુખ્યત્વે ચાર પ્રકારો કયા-કયા છે ?

**(બ) પ્રશ્નના સાચા ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

- **રેખાંકિત શબ્દની ઓળખ આપો.**

01. હવે અમદાવાદ એ મેગાસિટી બનાવાનું છે.

(A) વ્યક્તિવાચક (B) દ્રવ્યવાચક (C) ભાવવાચક (D) વ્યક્તિવાચક

02. રાજ્યમાં રાજાની પ્રજા સુખમાં છે.

(A) ભાવવાચક (B) વ્યક્તિવાચક (C) સમૂહવાચક (D) દ્રવ્યવાચક

03. આવતા બુધવારે મહેમાન આવશે.

(A) જાતિવાચક (B) વ્યક્તિવાચક (C) ભાવવાચક (D) સમૂહવાચક

04. આજે મારું માથું દુઃખતું હતું.

(A) જાતિવાચક (B) દ્રવ્યવાચક (C) વ્યક્તિવાચક (D) ભાવવાચક

05. શીતળતા ભીતરને છેક ઊંડેથી સ્પર્શે છે.

(A) જાતિવાચક (B) ભાવવાચક (C) વ્યક્તિવાચક (D) દ્રવ્યવાચક

**જવાબ : (1) A (2) C (3) B (4) A (5) B**

- **માગ્યા મુજબ સાચા ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. 'સમર્પણ એટલે બલિદાન વિના સિદ્ધિ નથી' - સંયોજકનો અર્થ આપો.
   (A) કારણવાચક (B) સમુચ્ચયવાચક (C) પર્યાયવાચક (D) દૃષ્ટાંતવાચક
2. 'શેઠ' સંજ્ઞાનો પ્રકાર કયો છે ?
   (A) દ્રવ્યવાચક (B) વ્યક્તિવાચક (C) સમૂહવાચક (D) જાતિવાચક
3. 'તાંબુ' સંજ્ઞાનો પ્રકાર જણાવો.
   (A) ભાવવાચક (B) જાતિવાચક (C) સમૂહવાચક (D) દ્રવ્યવાચક
4. બે પદને જોડવાનું કાર્ય ભાષાનો કયો ઘટક કરે છે ?
   (A) નામયોગી (B) નામ (C) અનુગ અને નામયોગી (D) પદ
5. નામના અર્થમાં વધારો કરે એને શું કહેવામાં આવે છે ?
   (A) નામયોગી (B) નામ (C) વિશેષણ (D) સમાસ
6. નીચેનામાંથી ઉભયાન્વયી અવયવો ક્યા છે ?
   (A) રમે, રમ્યા, રમી (B) અને, અથવા, પણ
   (C) ઉપર, નીચે, વચ્ચે (D) હોં, છો, ના
7. 'દામિની દરરોજ પુસ્તક વાંચે છે' - વાક્યમાં ક્યું એક સહાયકારક ક્રિયારૂપ છે ?
   (A) દામિની (B) પુસ્તક (C) વાંચવું (D) છે
8. નીચેનામાં 'ક્રિયાપદ રૂપ' વગરનું વાક્ય ક્યું છે ?
   (A) દામિની બોલી (B) બહું જ સારું
   (C) દામિની હોશિયાર છે (D) દામિની રમશે
9. નીચેનામાં 'માત્ર ક્રિયાપદવાળું' વાક્ય કયું છે ?
   (A) બહું જ ખરાબ. (B) આજે રજા છે.
   (C) દામિની આવી ગઈ. (D) દામિની આવે છે.
10. નીચેનામાં 'ક્રિયારૂપવાળુ' વાક્ય ક્યું છે ?
   (A) દામિની હોશિયાર છે. (B) આપણું ગુજરાત, આગવું ગુજરાત.
   (C) દામિની રમશે. (D) તમે વાંચી રહ્યા હતા.

**જવાબ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **C** | **2** | **D** | **3** | **D** | **4** | **C** | **5** | **C** |
| **6** | **B** | **7** | **D** | **8** | **B** | **9** | **C** | **10** | **A** |

## 7.6 વિશેષ અધ્યયન

**- સ્વઅધ્યયન**

(૧) એકમના અભ્યાસને આધારે પદ (શબ્દ)ના પ્રકારોની વ્યાખ્યા અને ઉદાહરણ સહિત વિસ્તૃત નોંધ તૈયાર કરો.

(૨) સંજ્ઞા (નામ)ના પ્રકારો ઉદાહરણ સહિત વિસ્તારથી લખો.

**- સંદર્ભસૂચિ**


૧. ગુજરાતી ભાષાનું વ્યાકરણ અને લેખન - કે.કા.શાસ્ત્રી

૨. ગુજરાતી ભાષા પરિચય - ભાષાનિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

૩. ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન - પ્રબોધ પંડિત

૪. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ - જયંત કોઠારી

૫. ગુજરાતી સાહિત્યનો જ્ઞાનસંવાદ - ડૉ.ઉષા ઉપાધ્યાય

૬. ગુજરાતી ભાષાના અંગસાધક પ્રત્યયો - ઊર્મિ ઘનશ્યામ દેસાઈ

૭. ગુજરાતી : વ્યાકરણ અને લેખન કૌશલ્ય - ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા

**- વિશેષ વાચન**

**૧. પદવિન્યાસ :**

**પદવિન્યાસ** ભાષામાં જુદાં જુદાં પદોની અર્થયુક્ત ગોઠવણીને પદવિન્યાસ કહેવાય છે.

દા.ત. : - દિનેશભાઈ દામિની ને સરસરીતે ભણાવે છે.

જો ઉપરોક્ત વાક્યનો પદવિન્યાસ કરીએ તો : દિનેશભાઈ (નામ) દામિની (નામ) ને (નામયોગી) સરસરીતે (ક્રિયા વિશેષણ) ભણાવે છે (ક્રિયાપદ) થાય છે.

ટૂંકમાં, પદવિન્યાસ એટલે પદ-શબ્દની અર્થસભર ગોઠવણી.

**૨. સર્વનામના પ્રકારનો ટૂંકસાર :**

(૧) પુરૂષ વાચક - હું, તું, તમે, તેઓ

(૨) દર્શક વાચક - આ, તે, પેલું, એણે, એમાં, એનાથી

(૩) સાપેક્ષ (સંબંધી) - જે, તે, એ

(૪) પ્રશ્ન વાચક - કોણ, કયું, શું, કોનું, કોને

(૫) અનિશ્ચિત - કોઇ, કોઈક, કંઈક, હરકોઈ, પ્રત્યેક, કશુંક, કેટલુંક

(૬) સ્વ વાચક - પોતે, જાતે, પોતાથી, પોતાનાથી

(૭) અન્યોન્યવાચક - એકબીજાને, પરસ્પર, એકમેકને

(૮) પ્રકિર્ણ સર્વનામો - સહુ, સઘળુ, બધું, બીજું, અન્ય

**૩. વિશેષણ અને વિશેષ્યની ઓળખ :**

વિશેષણ-વિશેષ્ય હંમેશા જોડે જ હોય. વિશેષણ હંમેશા વિશેષ્યની પૂર્વે જ આવે, એનો ક્રમ બદલાતાં અર્થ બદલાય જ. વાક્યમાં સૌથી મહત્ત્વનો ક્રમ હોય તો તે આ છે, વિશેષણ-વિશેષ્યનો ક્રમ સ્થાનથી નિયત જ હોય છે.

દા.ત. (૧) અહીં ભેંસનું **ચોખ્ખું ઘી** મળશે. (ખોટું-અહીં **ચોખ્ખી ભેંસનું** ઘી મળશે.)

(૨) મને **સરસ વાર્તાઓની** ચોપડી આપો. (વિશેષણ, વિશેષ્ય)

**૪. ક્રિયાવિશેષણનું વિશેષણ :**

વાક્યમાં ક્રિયાવિશેષણની વિશેષતા દર્શાવવા માટે જે પદ વપરાય તેને ક્રિયાવિશેષણનું વિશેષણ કહે છે.

દા.ત. ૧. દામિની ઘણા મોડા સુધી વાંચે છે.

૨. જરાક ધીમેથી બોલવાની જરૂર છે.

૩. માધુરી વધુ ઝડપથી નૃત્ય કરે છે.

**૫. ક્રિયાવિશેષણાત્મક વાક્યો :**

૧. જ્યારે તમે આવશો ત્યારે તમને વાત કરીશ.

૨. તે દેખાય છે તેના કરતાં ઘણો સારો છે.

☞ આવાં વાક્યોને ક્રિયા વિશેષણાત્મક વાક્યો કહેવાય છે.

---

**લેખન :** ડૉ.દિનેશ એમ.ભદ્રેસરિયા (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

એકમ 8

# વ્યાકરણ : ૨ (વાક્ય-વાક્યના પ્રકાર)

રૂપરેખા

8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 એકમનું સઘન અધ્યયન

8.4 લેખન પ્રવૃત્તિ

8.5 તમારી પ્રગતિ ચકાસો

8.6 વિશેષ અધ્યયન

- સ્વઅધ્યયન
- સંદર્ભ સૂચિ
- વિશેષ વાચન

## 8.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે -

- વાક્ય અને વાક્યનો અર્થ સમજશો.
- વાક્યની અર્થવ્યવસ્થાનો પરિચય થશે.
- સાદું, સંયુક્ત અને સંકુલ વાક્યનો ખ્યાલ મેળવશો.
- કર્તરિ અને કર્મણિ વાક્યનો અર્થ અને પરિવર્તન સમજશો.
- પ્રેરક અને ભાવે વાક્ય વચ્ચેનો ભેદ સમજશો.
- ગુજરાતી ભાષા-વ્યાકરણમાં વાક્યના વિવિધ ઉપયોગની સમજ કેળવાશે.

## 8.2 પ્રસ્તાવના

અગાઉના એકમ-૭ (વ્યાકરણ-૧)માં તમે પદ-શબ્દનો અને તેના ઉપયોગનો પરિચય મેળવ્યો. આ પદ-શબ્દની અર્થયુક્ત ગોઠવણી થતાં અર્થપૂર્ણ વાક્ય બનતું હોય છે. ભાષા-વ્યાકરણ અને વ્યવહારમાં આપણે વિવિધ પ્રકારનાં વાક્યોનો ઉપયોગ કરીએ છીએ. આવાં અનેકવિધ વાક્યોની ભાષા-વ્યાકરણની દૃષ્ટિએ આગવી વિશેષતા રહેલી છે, જેનો ઉદાહરણ સહિત પરિચય આ એકમમાં આપવામાં આવ્યો છે. સાથે-સાથે વાક્ય પરિવર્તનની સમજ પણ આપી છે. જેના દ્વારા તમને વાક્યના વિવિધ ઉપયોગોની જાણકારી મળશે.

## 8.3 એકમનું સઘન અધ્યયન

ભાષા દ્વારા અનેક પ્રયોજનો સિદ્ધ કરાય. **માનવીના વિચારની અભિવ્યક્તિનો નાનામાં નાનો સ્વયંપૂર્ણ ખંડ એટલે વાક્ય. 'વાક્ય'** એ એક કે એકથી વધુ પદોનો સમૂહ છે. 'વાક્ય'માં પ્રયોજાતાં પદ કે પદો શબ્દોનાં જ વાક્ય રૂપો છે. આ 'શબ્દો' વર્ણો કે ધ્વનિઓના બનેલા હોય છે. આવાં પદોથી બનતાં વાક્યો અને વાક્યોના વિવિધ પ્રકારોની સમજ કેળવીને વાક્ય પરિવર્તનનું અધ્યયન આ એકમમાં કરીશું.

### 8.3.1 વાક્ય

વાક્ય એટલે 'શબ્દનો એવો સમૂહ જે સંપૂર્ણ અર્થ ધરાવતો હોય'. વાક્ય એક પૂર્ણ અર્થ ધરાવતી સ્વતંત્રપણે વાપરી શકાતી રચના છે. વાક્યમાં મુખ્ય બે વિભાગ જોવા મળે છે : વાક્યમાં જેને ઉદ્દેશીને એટલે કે જેના વિશે કહેવામાં આવ્યું હોય તે એક વિભાગ અને જે કહેવામાં આવ્યું હોય તે બીજો વિભાગ. **જેના વિશે કહેવાયું હોય તે ઉદ્દેશ્યખંડ** (પદ) કહેવાય અને **જે કહેવામાં આવ્યું હોય તે વિધેયખંડ** (પદ) કહેવાય છે.

- **વાક્યમાં અર્થવ્યવસ્થા**

**૧. નિર્દેશાર્થ :**

વાક્યમાં ક્રિયાપદનું રૂપ જયારે કોઈ ક્રિયા એક હકીકત તરીકેનો નિર્દેશ કરે છે.

**દા.ત.** ૧. અશોક મુંબઈ ગયો છે.

૨. દામિની દિવાળી વેકેશનમાં આવશે.

**૨. આજ્ઞાર્થ :**

જેમાં 'આજ્ઞા'નો ભાવ જોવા મળે તે આજ્ઞા વાક્ય કહેવાય. આ બે પ્રકારે વપરાય છે.

૧) 'કર' વગેરે ક્રિયા દર્શાવતી વાકય રચના.

**દા.ત.** નિલેશ, તમે હવે જમવા બેસો.

૨) 'કર+જ' વાળી વાક્ય રચના

**દા.ત.** હવે આ વિદ્યાર્થીઓને સાંભળજો.

**૩. વિધ્યર્થ :** આ પ્રકારની રચનામાં વિધિ કે કર્તવ્યનો અર્થ દર્શાવવામાં આવે છે.

**દા.ત.** ૧. તારે બીમારની સારવાર કરવી.

૨. તમારે નિયમિત દાખલા ગણવાના.

**૪. સંભાવનાર્થ :** વાક્યમાં ક્રિયાપદનું રૂપ ક્રિયા થવાની સંભાવના કે શક્યતા બતાવતું હોય તો તે સંભાવનાર્થ બને છે. જેમાં ભવિષ્યકાળનાં રૂપો પણ સંભાવનાનો અર્થ બતાવે છે.

**દા.ત.** ૧. જાણે હ્રદયના ધબકારા બંધ થઈ ગયા હોય તેમ લાગ્યું.

૨. દાદાને પૂછ, કદાચ હા પાડશે.

**૫. ક્રિયાતિ પત્યર્થ :** આ પ્રકારની વાક્ય રચનામાં ક્રિયાના મૂળભૂતને 'ત' પ્રત્યય લાગે છે. આ રચનામાં જે ક્રિયા કરવા ધારી હતી તે ન થવાથી તેનું વિપરિત પરિણામ આવેલું જણાય છે. જો અગાઉની ક્રિયા થઈ હોત તો આ ક્રિયા થાત એવી સંભાવના બતાવે તે ક્રિયાતિ પત્યર્થ છે.

**દા.ત.** ૧. ગોવિંદે ગામડું છોડ્યું ન હોત તો આવી ગંભીર માંદગી ન આવી હોત.

૨. જો તે પ્રવાસમાં ન ગયો હોત તો અકસ્માત ન નડત.

### 8.3.2 વાક્યનું વિશ્લેષણ કે વાક્યના પ્રકાર

ગુજરાતીમાં વાક્યરચનાને આધારે વાક્યોનું વિશ્લેષણ કરીએ તો વાક્યના મુખ્ય ત્રણ પ્રકાર પડે છે :

૧. સાદું વાક્ય - સરળ વાક્ય

૨. સંયુક્ત વાક્ય - જટિલ વાક્ય

૩. સંકુલ વાક્ય - મિશ્રવાક્ય

### ૧. સાદું (સરળ) વાક્ય

સાદા વાક્યમાં સામાન્ય રીતે ઓછામાં ઓછું એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ્ય-વિધેય હોય છે. જે વાક્યમાં એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ્ય વિધેય વાળી રચના હોય તેને **સાદું વાક્ય** કહે છે. **દા.ત.**

૧. હું આપા દેવતાને શોભતી મહેમાનગતિ કરીશ.
૨. તમે બહુ ડાહ્યા
૩. ખેડૂત ખેતી કરે છે.
૪. દામિની પુસ્તક વાંચે છે.

### ૨.સંયુક્ત વાક્ય

બે જોડાયેલાં વાક્યો વ્યાકરણની દૃષ્ટિએ સમાન મોભાનાં હોય, એટલે કે એક બીજાથી સ્વતંત્ર રીતે ટકી શકે તેવાં હોય, એક વાક્ય બીજા વાક્યનું ગૌણ વાક્ય ન હોય ત્યારે એ **સંયુક્ત વાક્ય** કહેવાય છે. સંયુક્ત વાક્ય 'ને', 'અને', 'પણ', 'છતાં', 'છતાં પણ', 'તેમ છતાં', 'અથવા તો', કાં તો, 'એટલે', 'વા', 'યા', 'તેથી', 'માટે', 'કે', 'કેમકે', નહીંતર અર્થ જો કે જેવા સંયોજકોની મદદથી બને છે.

**દા.ત.** ૧. વરસાદ આવે છે અને ખેડૂત ખેતી કરે છે.
૨.પરીક્ષા આવે છે માટે દામિની પુસ્તક વાંચે છે.

જ્યારે બે વાક્યો વચ્ચે કાર્યકારણનો, સમુચ્ચય, વિરોધ, વિકલ્પ કે પર્યાયનો સંબંધ હોય ત્યારે આ પ્રકારનાં વાક્યોનો પ્રયોગ થાય છે.

**દા.ત.** : ૧. તમારો સસરો આમ રોજ કરે છે ખરા, પણ મેં કદી પૂછ્યું નથી.
૨. મૂઈ આ દીકરી **અને** મૂઓ આ જમાઈ.
૩. માણસને રીસ ચડે **પણ** દેવને ચડે નહીં.
૪. નેતાઓ તો બધા જેલમાં બેસી બગાસાં ખાય છે
**અને** આવા હૈયા ફૂટાઓ હોમાય છે.
૫. ગુજરાત, તારી ધરતીમાં કૈંક રત્નો પાક્યાં છે,
**પણ** તને એની કિંમત રહી નથી.

### ૩. સંકુલ અથવા મિશ્ર વાક્ય

જોડાયેલાં વાક્યોમાંથી એક મુખ્ય વાક્ય અને બીજું ગૌણ વાક્ય હોય, એ બીજું વાક્ય મુખ્ય વાક્યના વિશેષણ વાક્ય, ક્રિયાવિશેષણ-વાક્ય કે કર્મ-વાક્ય તરીકે આવતું હોય, ત્યારે આખું વાક્ય સંકુલ કે મિશ્ર વાક્ય કહેવાય છે. સંકુલ વાક્યો 'જ્યારે...ત્યારે', 'જેમ...તેમ', 'જ્યાં સુધી...ત્યાં સુધી', 'જો...તો', 'જ્યાં...ત્યાં', 'જે...તે', 'જ્યારે...ત્યારે' વગેરે સંયોજકથી બને છે.

**દા.ત.**

૧. જ્યારે જ્યારે વરસાદ આવે છે ત્યારે ત્યારે ખેડૂત ખેતી કરે છે.
૨. જેમ જેમ પરીક્ષા નજીક આવે છે તેમ તેમ દામિની વધારે વાંચે છે.
૩. માણસમાં જ્યારે યાચના વૃત્તિ જાગે છે ત્યારે તેનું તેજ,ખુમારી અને વ્યક્તિત્વ ઢીલું પડે છે.

## 8.3.3 વાક્ય પરિવર્તન (રૂપાંતર)

### ૧. વિધાન વાક્યનું પરિવર્તન

- **વિધાન(વૃત્ત) વાક્યમાંથી પ્રશ્નવાક્ય**

૧. તમે છાપું વાંચો છો.= શું તમે છાપું વાંચો છો ?

૨. રાજુ ઘેર જાય છે. = શું રાજુ ઘેર જાય છે ?

૩. દામિની રમતી હતી. = શું દામિની રમતી હતી ?

૪. ગુજરાતમાં શાંતિ છે. = શું ગુજરાતમાં શાંતિ નથી ?

૫. પરીક્ષાર્થીઓને પણ ઘણી સમસ્યાઓ છે.

= પરીક્ષાર્થીઓને પણ ઓછી સમસ્યાઓ છે ?

- **વિધાન વાક્યમાંથી નિષેધવાક્ય :**

૧. આજે વરસાદ આવ્યો. = આજે વરસાદ ના આવ્યો.

૨. તમારાથી આમ બોલાય. = તમારાથી આમ ન બોલાય.

૩. આ પુસ્તકો ઉપયોગી છે. = આ પુસ્તકો ઉપયોગી નથી. (બિનઉપયોગી છે.)

૪. આજે રાજુ આવ્યો છે ? = આજે રાજુ આવ્યો નથી ?

૫. આ ગીત પ્રસંશાને પાત્ર છે. = આ ગીત વખોળવા લાયક નથી.

- **વિધાન(વૃત્ત) વાક્યમાંથી ઉદ્‌ગારવાક્ય**

૧. દામિની સારું ગાય છે. = દામિની કેવું સારું ગાય છે !

૨. અમારું ઘર સુંદર છે. = અમારું ઘર કેવું સુંદર છે !

૩. ગુજરાતી સહેલો વિષય છે. = ગુજરાતી વિષય કેટલો સહેલો છે !

૪. આ વાંચવા લાયક પુસ્તક છે. = આ વાંચવા લાયક પુસ્તક છે !

૫. ઈન્દિરા ગાંધી બહુ જ બહાદુર હતાં. = ઈન્દિરા ગાંધી કેટલી બહાદુર હતાં !

- **વિધાન(વૃત્ત) વાક્યમાંથી આજ્ઞાર્થવાક્ય**

૧. વિજ્યા રસોઈ તૈયાર કરે છે. = વિજ્યા રસોઈ તૈયાર કરજે.

૨. તમે સવારે મળવા આવો છો. = તમે સવારે મળવા આવજો.

૩. દામિની તું સારું ગાય છે. = દામિની તું સારું ગાજે.

**૨. કર્તરિ રચના**

આ વાક્ય રચનામાં કર્તા પોતે ક્રિયા કરતો હોય છે. વાક્યની શરૂઆતમાં જ કર્તાનું નામ કે સર્વનામ હોય છે. આ કર્તા એકવચન કે બહુવચન બંને હોય છે.

**દા.ત.** - દામિની અંગ્રેજી વાંચે છે.

- તે પુસ્તક વાંચવાની છે.
- અહીં **દામિની, તે, તેઓએ** વગેરે કર્તા છે.
- તેઓએ પણ પત્ર લખ્યો હતો

☞ **યાદ રાખો... કર્તરિ પ્રયોગમાં** -

(૧) કર્તા પહેલી વિભક્તિમાં જ રહે છે.

(૨) ક્રિયાપદ સકર્મક કે અકર્મક હોય છે.

(૩) ક્રિયાપદ કર્તા, જાતિ, વચન અને પુરુષ પ્રમાણેનું પોતાનું રૂપ લે છે.

**૩. કર્મણિ વાક્ય રચના**

આ વાક્ય રચનામાં કર્તા દ્વારા, કર્તા વડે, કર્તા મારફતે વસ્તુ (કર્મ) ઉપર કામ થાય છે. અહીં કર્તાના નામ સર્વનામને થી, વડે, દ્વારા, મારફત, પ્રત્યયો લગાડવામાં આવે છે. કર્મણિ રચનામાં કર્મ (વસ્તુ) ઉપર મુજબ ભાર આપવામાં આવે છે.

**દા.ત. દામિની અંગ્રેજી વાંચે છે.**

☞ **યાદ રાખો... કર્મણિ પ્રયોગમાં** -
(૧) ક્રિયાપદ સકર્મક હોવું જોઈએ.
(૨) કર્તા ત્રીજી, ચોથી અથવા પાંચમી વિભક્તિમાં હોય છે.
(૩) ક્રિયાપદ કર્મનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે પોતાનું રૂપ લે છે.

કર્તરિ રચના જો કર્મણિ બનાવવી હોય તો વાક્યમાં આપેલા કર્તા દામિનીને થી પ્રત્યય લગાડી વાક્યમાં આપેલા અંગ્રેજી કર્મ ઉપર ભાર આપવો પડે છે.

**દા.ત.** - **દામિનીથી અંગ્રેજી વંચાય છે.**
- રાજુથી પૈસા ચૂકવવામાં આવ્યા.
- તેઓ દ્વારા સમાચાર મોકલાયા.
- ખેલાડીઓથી આજે મેચ જીતાશે.

● **કર્તરિ રચનામાંથી કર્મણિ રચનામાં પરિવર્તન :**

- મહારાજ ખુશ થઈ ગયા = મહારાજથી ખુશ થઈ જવાયું
- મુંજે ઊંચું જોયું હતું = મુંજથી ઊંચું જોવાયું હતું.
- હું એકવાર સાંભળું તો ભૂલાય નહિ. = મારાથી એકવાર સંભળાય તો ભૂલાય નહિ
- મુંજે ધીમે ધીમે મહેલના નીચલા ચોગાન પર આવ્યો. = મુંજથી ધીમે ધીમે મહેલના નીચલા ચોગાન પર અવાયું.

કર્મણિ રચનાઓમાં વાક્યમાં રહેલા કર્મ(વસ્તુ) ઉપર ક્રિયા થતી બતાવવું પડે છે. કર્તરિમાં જેમ કર્તા પોતે ક્રિયા કરતો હોય છે. તેમ કર્મણિમાં કર્તા **દ્વારા/ વડે / થી** કામ થતું બતાવવામાં આવે છે.

**દા.ત.** વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચી રહ્યા છે.(કર્તરિ)
વિદ્યાર્થીઓથી પુસ્તકો વંચાઈ રહ્યા છે.(કર્મણિ)
- અમે આજે પરીક્ષા આપી. (કર્તરિ)
- અમારાથી આજે પરીક્ષા અપાઈ (કર્મણિ)
- ખેલાડીઓએ મેચ જીતી (કર્તરિ)
- ખેલાડીઓથી મેચ જીતાઈ. (કર્મણિ)
- શિક્ષકો વડે સજા કરવામાં આવી. (કર્મણિ)
- શિક્ષકોએ સજા કરી. (કર્તરિ)
- તેઓથી આ કામ થશે નહિ (કર્મણિ)
- તેઓ આ કામ કરશે નહિ (કર્તરિ)

☞ **યાદ રાખો...** થી, દ્વારા, મારફતે, વડે, વગેરે શબ્દો વગરનાં વાક્યો પણ કર્મણિ હોય છે.

**દા.ત.** ૧. ગુજરાતમાં ગુજરાતી બોલાય છે.
૨. આજે પરિણામ જાહેર કરવામાં આવશે.
૩. બે વર્ષ પહેલાં વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાની પરીક્ષાઓ યોજવામાં આવી હતી.

● **કર્મણિમાંથી કર્તરિ રચનામાં પરિવર્તન :**

- મારાથી કૉલેજમાં ક્યારે જવાશે ? (હું કૉલેજમાં ક્યારે જઈશ ?)
- મદારીથી બીન વગાડાય (મદારી બીન વગાડે.)
- આપણાથી ના ચલાય તો લોકો હસે છે. (આપણે ના ચાલીએ તો લોકો હસે છે.)
- મારાથી આમ નહી જીવાય (હું આમ નહી જીવી શકું.)
- મારાથી રહેવાયું નહીં - (હું રહી શકી/શક્યો નહીં.)

### ૪. ભાવે વાક્ય

જ્યારે કર્તા કે કર્મની પ્રધાનતા ન હોય ત્યારે કેવળ ક્રિયા કે ભાવ પ્રમાણેની વાક્ય રચના થાય તો તે ભાવે રચના કહેવાય. **દા.ત.** મારાથી હવે વંચાશે.

વાક્યમાં જો કર્મ હાજર હોય તો તે સકર્મક અને જો વાક્યમાં કર્મ ન હોય તો તે અકર્મક વાક્ય રચના. ભાવે રચનામાં ફેર એટલો જ છે કે ભાવે-રચનામાં કર્મ હોતું નથી. કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદ-કર્મને અનુસરે છે. ભાવે-રચનામાં એ ત્રીજો પુરૂષ એકવચન કે નપુસકલિંગ એકવચનનું રૂપ લે છે :

**દા.ત.** - શાહી વિના મારાથી લખાય ક્યાંથી ?
- મુંજથી ખડખડાટ હસી પડાયું.

વાક્યમાં જ્યારે ક્રિયાપદનો પ્રયોગ ક્રિયાપદમાં રહેલા ભાવ સંબંધે થાય છે, ત્યારે તે ભાવે પ્રયોગ કહેવાય છે. ભાવે પ્રયોગમાં -

(૧) ક્રિયાપદ મોટે ભાગે અકર્મક હોય છે.

(૨) અકર્મક હોય ત્યારે કર્તા ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.

(૩) અકર્મક ક્રિયાપદ હોય ત્યારે કર્તા ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.

(૪) ક્રિયાપદના ભાવનું નામ નાન્યતરજાતિ એકવચનનું હોય છે, તેથી ક્રિયાપદ પણ નાન્યતરજાતિ એકવચનમાં હોય છે. **દા.ત.** - તેનાથી **બોલાયું** નહિ.
- હંસાથી **હસી** પડાયું.
- હું એનો ઈશારો **સમજ્યો** નહીં.
- મગનને શહેરમાં **ગમ્યું** નહીં.

ભાવે વાક્ય રચના આમ તો કર્મણિ જેવી જ વાક્ય રચના છે પરંતુ અહીં જેટલું જ ધ્યાનમાં રાખવાનું છે કે કર્મણિ વાક્યમાં જે કર્મ (વસ્તુનું નામ) આપવામાં આવ્યું હોય છે તે ભાવે રચનામાં લખવામાં આવતું નથી. ટૂંકમાં ભાવે રચનામાં માત્ર ક્રિયાપદ જ હોય છે જેની સાથે કોઈ કર્મ (વસ્તુ) હોતું નથી.

**દા.ત.** મોહન દરરોજ સફરજન ખાય છે.

અહીં **મોહન** કર્તા છે અને **સફરજન** કર્મ (વસ્તુ) છે.

આ રચના કર્તરિ છે જેને ભાવે બનાવતાં

**મોહનથી દરરોજ ખવાય છે.** (કર્મ / સફરજનની ગેરહાજરી)

**દા.ત.** - દામિનીએ પુસ્તક વાંચ્યું (કર્તરિ રચના)
- દામિનીથી પુસ્તક વંચાયું (કર્મણિ રચના)
- દામિનીથી વંચાયું (ભાવે રચના)

- **સાદી ક્રિયામાંથી 'ભાવે' અને 'કર્મણિ' વાક્ય :**

૧. ઘોડો દોડે છે. = ઘોડાથી દોડાય છે. (ભાવે)

૨. રાજુ ગાય છે. = રાજુથી ગવાય છે. (ભાવે)

૩. છોકરો દોડ્યો. = છોકરાથી દોડાયું. (ભાવે)

૪. દામિની ચોપડી વાંચે છે. = દામિનીથી ચોપડી વંચાય છે. (કર્મણિ)

૫. ખેલાડી રમત રમે છે. = ખેલાડીથી રમત રમાય છે. (કર્મણિ)

### ૬. પ્રેરક વાક્ય રચના

પ્રેરક વાક્યમાં કર્તા પોતે કોઈ ક્રિયા કરતો નથી પરંતુ બીજા પાસે કાર્ય કરાવે છે. બીજાને કાર્ય કરવા પ્રેરે છે, પ્રેરણા આપે છે.

**દા.ત.** - શિક્ષક ગૃહકાર્ય કરાવડાવે છે. (બીજાને)
- હું દામિની પાસે પુસ્તક વંચાવડાવું છું.
- માતા પિતા બાળકોને મહેનત કરાવડાવે છે.

બીજી સરળ રીત યાદ રાખવી હોય તો કર્તા જ્યારે બીજી વ્યક્તિ પાસે કામ કરાવડાવે ત્યારે પ્રેરક વાક્યો બને છે.

**દા.ત.** - બાપુજીએ મને પત્ર લખાવ્યો.
- બાપુજીએ મારી પાસે પત્ર લખાવ્યો.
- મેં પ્રવાસીઓને દહીં ખવડાવ્યું.
- તમારે વિદ્યાર્થીઓને વ્યાકરણ શિખવાડવું છે ?

પ્રેરક વાક્યોમાં મોટાભાગે **આવ, ડાવ, અવ, આડ, એડ, ઓળ, રાવ, પાસે, ને** જેવા પ્રત્યયો લગાડેલી ક્રિયા જોવા મળે છે.

**દા.ત.** ૧. વિજ્યા બોલે છે. (સાદું વાક્ય)
- વિજ્યા બોલાવડાવે છે. (પ્રેરક વાક્ય)

૨. શિક્ષક લખે છે. (સાદું વાક્ય)
- શિક્ષક લખાવે છે. (પ્રેરક વાક્ય)

**● સાદી ક્રિયામાંથી પ્રેરકક્રિયા**

૧. દડો ઊછળે છે. = ખેલાડી દડો ઊછાળે છે.

૨. દરવાજો ખૂલ્યો. = પટાવાળાએ દરવાજો ખોલ્યો.

૩. બાળકો ઊંઘી રહ્યાં છે. = માતા બળકોને ઊંઘાડી રહી છે.

૪. ખેલાડીઓ રમે છે.= કપ્તાન ખેલાડીઓને રમાડે છે.

**● પુનઃ પ્રેરક રચના**

ગુજરાતી ભાષામાં પ્રેરક અને **પુનઃ પ્રેરક રચના**ઓ જોવા મળે છે. પ્રેરક રચનામાં જેમ એક કર્તા બીજા પાસે કામ કરાવે છે તેમ પુનઃ પ્રેરક રચનામાં બીજા કર્તાને દ્વારા, પાસે, જેવા પ્રત્યયો લગાડી કામ કરાવવાની વાત હોય છે.

**દા.ત.** ૧. દિનેશભાઈ પુસ્તક વંચાવે છે. (પ્રેરક વાક્ય)
દિનેશભાઈ વિદ્યાર્થીઓ પાસે પુસ્તક વંચાવડાવે છે. (પુનઃ પ્રેરક)

૨. શાસ્ત્રકારોએ પુરુષ માટે કશું લખ્યું નથી. (કર્તરિ વાક્ય)
- શાસ્ત્રકારોએ પુરુષ માટે કશું લખાવ્યું નથી. (પ્રેરક વાક્ય)
- શાસ્ત્રકારોએ ટીકાકારો પાસે પુરુષ માટે કશું લખાવડાવ્યું નથી. (પુનઃ પ્રેરક)

## ૭. ગૌણ વાક્યો

### (અ) નામાત્મક વાક્યો :

૧. ગૌણ વાક્ય મુખ્ય વાક્યમાંના ક્રિયાપદનું કર્તા હોય.
દા.ત. વાત કહેવી સહેલી છે, એ પ્રમાણે વર્તવું અઘરું છે.

૨. ગૌણ વાક્ય મુખ્ય વાક્યમાંના ક્રિયાપદનું કર્મ હોય.
દા.ત. રાણા પ્રતાપે કહ્યું, હું શિર નહિ ઝુકાવું.

૩. ગૌણ મુખ્ય ક્રિયાપદ સાથે નામયોગી સંબંધથી હોય. દા.ત. હું કહું છું તેના તરફ ધ્યાન આપો.

૪. ગૌણ સમાન વિભક્તિએ 'એ' સર્વનામથી જોડાયેલું હોય.
દા.ત. રાજ્યપાલ હાજરી નહિ આપે એ યોગ્ય નથી.

**(બ) વિશેષણ-વાક્ય :** આમાં 'જે' વાળું વાક્ય હંમેશાં 'તે' વાળા વાક્યનું વિશેષણ જ બની રહ્યું છે.

**દા.ત.** 'જે માથા ઉપર તાજ છે તે હંમેશાં બિનસલામત છે.'

### 8.3.4 ગુજરાતી ભાષામાં કાળ દર્શાવતાં વાક્યો

**મુખ્ય કાળ** }
(૧) વર્તમાન કાળ : હું શિક્ષક છું.
(૨) ભૂતકાળ : હું વિદ્યાર્થી હતો.
(૩) ભવિષ્યકાળ : હું અધિકારી હોઈશ.

**(૧) વર્તમાનકાળ :**

૧. સાદો વર્તમાનકાળ - હું ગુજરાતી બોલું છું.
૨. ચાલુ વર્તમાનકાળ - હું ગુજરાતી બોલી રહ્યો છું.
૩. પૂર્ણ વર્તમાનકાળ - હું ગુજરાતી બોલ્યો છું.
૪. ચાલુ પૂર્ણ વર્તમાનકાળ - હું ઘણા વર્ષોથી ગુજરાતી બોલતો આવ્યો છું. (સતત બોલી રહ્યો છું.)

**(૨) ભૂતકાળ :**

૧. સાદો ભૂતકાળ - હું ગુજરાતી બોલ્યો.
૨. ચાલુ ભૂતકાળ - હું ગુજરાતી બોલી રહ્યો હતો.
૩. પૂર્ણ ભૂતકાળ - હું ગુજરાતી બોલ્યો હતો.
૪. ચાલુ પૂર્ણ ભૂતકાળ - મેં સવારથી સાંજ સુધી ગુજરાતી બોલ્યા કર્યું હતું. (સતત)

**(૩) ભવિષ્યકાળ :**

૧. સાદો ભવિષ્યકાળ - હું ગુજરાતી બોલીશ.
૨. ચાલુ ભવિષ્યકાળ - હું ગુજરાતી બોલી રહ્યો હોઈશ.
૩. પૂર્ણ ભવિષ્યકાળ - મેં ગુજરાતી બોલી લીધું હશે.
૪. ચાલુ પૂર્ણ ભવિષ્યકાળ - મેં આવતા અઠવાડીએ સોમવાર થી શુક્રવાર સુધી ગુજરાતી બોલ્યા કર્યું હશે. (સતત)

**● વિવિધ પ્રકારનાં વાક્યોનું પરિવર્તન**

- દક્ષ દૂધ પીએ છે. (પ્રેરક બનાવો) - મા દક્ષને દૂધ પીવડાવે છે.
- સુહાસ ભાઈ છૂટી ગયા. (ભાવે બનાવો) - સુહાસભાઈથી છૂટી જવાયું.
- ડોસા ટીકી ટીકીને ટી.વી.ને જુએ છે. (કર્મણિ બનાવો)
  - ડોસાથી ટી.વી.ને ટીકી ટીકીને જોવાય છે.
- પ્રભાશંકરે વાર્તા કહી. (પ્રેરક વાક્ય બનાવો)
  - મનુએ પ્રભાશંકર પાસે વાર્તા કહેવડાવી.
- જુમો રસ્તા તરફ દોડ્યો. (ભાવે વાક્ય બનાવો)
  - જુમાથી રસ્તા તરફ દોડાયું.
- માળીએ ઝાડ પાડ્યું. (પ્રેરક વાક્ય બનાવો) - ખેડૂતે માળી પાસે ઝાડ પડાવ્યું.
- એટલામાં શીલા ત્યાં આવી ગઈ. (ભાવે વાક્ય બનાવો)
  - એટલામાં શીલાથી ત્યાં આવી જવાયું.
- મગન પુસ્તક લખશે. (કર્મણિ વાક્ય બનાવો) - મગનથી પુસ્તક લખાશે.
- કુંવર રડી પડી. (ભાવે રચના બનાવો) - કુંવરથી રડી પડાયું.
- મંગુ ખાય છે. (પ્રેરક વાક્ય બનાવો) - અમરતકાકી મંગુને ખવડાવે છે.
- કૃતવર્માએ કવચ કાપ્યું. (પ્રેરક વાક્ય બનાવો)
  - દુર્યોધને કૃતવર્મા પાસે કવચ કપાવ્યું.
- મારાથી ખેતરે જવાશે નહિ. (કર્તરિ વાક્ય બનાવો) - હું ખેતરે જઈશ નહિ.
- હું તારી વાત સમજી શકતો નથી. (કર્મણિ વાક્ય બનાવો)

- મારાથી તારી વાત સમજી શકાતી નથી.

- હસમુખ પાન લાવવાનું ભૂલી જતો હતો. (કર્તરી વાક્ય)
  - હસમુખથી પાન લાવવાનું ભૂલી જવાયું હતું. (કર્મણિ વાક્ય)
- સ્વાર્થી રાજપુરુષો ચૂંટણી લાવ્યા. (કર્મણિ વાક્ય બનાવો)
  - સ્વાર્થી રાજપુરુષો વડે ચૂંટણી લાવવામાં આવી.

## 8.4 લેખનપ્રવૃત્તિ

(૧) વાક્યની અર્થવ્યવસ્થાનો ઉદહારણ સહિત પરિચય આપો.

(૨) વાક્યના મુખ્ય પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

(૩) કર્તરિમાંથી કર્મણિ અને કર્મણિમાંથી કર્તરિ વાક્યોમાં થતું પરિવર્તન ઉદાહરણ સહિત સમજાવો.

(૪) ગુજરાતી ભાષામાં આવતા કાળ દર્શક વાક્યોની યાદી બનાવો.

(૫) આ એકમને આધારે વાક્યના પ્રકારની ઓળખ આપતાં કોઈપણ પંદર વાક્યોની સૂચિ તૈયાર કરો.

## 8.5 તમારી પ્રગતિ ચકાસો.

**(અ) એક વાક્યમાં ઉત્તર આપો.**

(૧) વાક્ય એટલે શું ?

(૨) સંકુલ વાક્ય કોને કહેવાય ?

(૩) પ્રેરક વાક્ય કોને કહેવાય ?

(૪) કર્મણિ વાક્ય કોને કહેવાય ?

(૫) વાક્યમાં અર્થવ્યવસ્થા દર્શાવતા કેટલા પ્રકાર છે ?

**(બ) પ્રશ્નના સાચા ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

01. ‘બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતાં નથી’ - આ વાક્યનું કર્મણિ વાક્ય શોધીને લખો.
    (A) માતાપિતાને બાળકો પ્રશ્નો પૂછતા નથી.
    (B) બાળકોએ માતાપિતાએ પ્રશ્નો પૂછ્યા.
    (C) બાળકો વડે માતાપિતાને પ્રશ્નો પૂછાતા નથી.
    (D) બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતા નથી.

02. આપેલા વાક્યનો કર્તરિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો : છાયાથી ગંધર્વના પ્રેમમાં પડાયું
    (A) છાયાથી ગંધર્વને પ્રેમ કરે છે. (B) છાયાથી ગંધર્વને પ્રેમ કરશે.
    (C) છાયાથી ગંધર્વના પ્રેમમાં પડી. (D) શું છાયાથી ગંધર્વના પ્રેમમાં પડી.

03. આપેલ વાક્યનો ભાવેપ્રયોગવાળો સાચો વિકલ્પ શોધો : કુંવર રડી પડી.
    (A) કુંવર રડી પડશે. (B) કુંવરથી રડી પડાયું.
    (C) કુંવરથી રડી પડાય છે. (D) કુંવર રડશે નહીં.

04. નીચે આપેલ વાક્યનો પ્રેરકનો સાચો વિકલ્પ શોધો : તે ખાય છે.
    (A) તેનાથી ખવાય છે. (B) તેની પાસે ખવાશે.
    (C) તેને ખવડાવે છે. (D) તેને ખવડાવશે.

05. ‘મારાથી પત્ર લખાય છે’ - આ વાક્યનું કર્તરિ વાક્ય શોધીને લખો.
    (A) મેં પત્ર લખાવ્યો. (B) મારા વડે પત્ર લખાય છે.
    (C) મને પત્ર લખ્યો. (D) હું પત્ર લખું છું.

06. જેમાં હકીકતનું સીધેસીધું કથન કે નિવેદન હોય તેને કેવું વાક્ય કહેવાય ?

(A) પ્રશ્ન વાક્ય (B) વિધિ વાક્ય (C) વિધાન વાક્ય (D) ઉદ્ગાર વાક્ય

07. 'હું ભાતું કરતી હતી.' - આ વાક્યનું કર્મણિ વાક્ય શોધીને લખો.

(A) મારાથી ભાતું કરાતું હતું. (B) હું ભાતું કરું છું.

(C) મારે ભાતું કરવાનું છે. (D) મારી પાસે ભાતું કરાવતાં હતાં.

08. નીચેનામાંથી કર્તરી વાક્યરચના શોધો.

(A) મહારાજે તરત ભાણું તૈયાર કર્યું.

(B) મહારાજ તરત ભાણું તૈયાર કરાવતા હતા.

(C) મહારાજે તરત ભાણું તૈયાર કરાવ્યું.

(D) મહારાજ વડે તરત ભાણું તૈયાર કરાવાયું.

09. આમ ચંત્યા કર્યે કાંય વળવાનું નથ. - વાક્ય પ્રકાર જણાવો.

(A) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં.

(B) વિધિ વાક્ય (C) નિષેધવાક્ય (D) મિશ્રવાક્ય

10. કામ કરે ઈ જીતે રે માલમ ! - કાળ ઓળખાવો.

(A) વર્તમાનકાળ (B) ભૂતકાળ (C) ભવિષ્યકાળ

(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં

**જવાબ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **C** | **2** | **C** | **3** | **B** | **4** | **C** | **5** | **D** |
| **6** | **C** | **7** | **A** | **8** | **A** | **9** | **C** | **10** | **C** |

## 8.6 વિશેષ અધ્યયન

**- સ્વઅધ્યયન**

● **વ્યાકરણના નિયમો મુજબનાં વાક્યોનું ખાસ અધ્યયન કરો.**

- હું હસતો હોઉં. (સંશયાર્થ ચાલુ વર્તમાનકાળ)
- તે જમેલો છે. (હ્યસ્તન પૂર્ણ વર્તમાનકાળ)
- હું હસ્યો હોઉં. (સંશયાર્થ પૂર્ણ વર્તમાનકાળ)
- રાજુ જમ્યો. (હમણાં) અદ્યતન ભૂતકાળ
- રાજુ જમેલો. (થોડાક સમય પહેલાં) હ્યસ્તન ભૂતકાળ
- હું જાત તો તને પણ સાથે લઈ જાત. (અભૂત ક્રિયાવાચક સાંકેતિક ભૂતકાળ)
- હું હસ્યો હોત. (અભૂત ક્રિયાવાચક સાંકેતિક પૂર્ણ ભૂતકાળ)
- હું હસતો હોત. (અભૂત ક્રિયાવાચક ચાલુ ભૂતકાળ)
- રાજુ જમતો. (ઘણા સમય પહેલાં) અતીતકાલીન ભૂતકાળ
- હું હસવાનો છું. (ભવિષ્યકાળ)
- હું આવવાનો છું. (ઉત્તરકાલીન ભવિષ્યકાળ)
- હું હસવાનો હતો. (અભૂતક્રિયાવાચક વર્તમાન ભવિષ્યકાળ)
- હું હસતો હોઈશ. (સંશયાર્થ ચાલુ ભવિષ્યકાળ)
- તે હસતો હશે. (સંશયાર્થ પૂર્ણ ભવિષ્યકાળ)
- તે હસવાનો હશે. (સંશયાર્થ ભવિષ્યકાળ)

- **સંદર્ભ સૂચિ**


૧. ગુજરાતી ભાષાનું વ્યાકરણ અને લેખન - કે.કા.શાસ્ત્રી
૨. ગુજરાતી ભાષા પરિચય - ભાષાનિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
૩. ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન - પ્રબોધ પંડિત
૪. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ - જયંત કોઠારી
૫. ગુજરાતી સાહિત્યનો જ્ઞાનસંવાદ - ડૉ.ઉષા ઉપાધ્યાય
૬. ગુજરાતી ભાષાના અંગસાધક પ્રત્યયો - ઊર્મિ ઘનશ્યામ દેસાઈ
૭. ગુજરાતી : વ્યાકરણ અને લેખન કૌશલ્ય - ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા


- વિશેષ વાચન

**૧. વાક્ય અને વિધાન વચ્ચેનો તફાવત :**

ભાષામાં જ્યારે કોઈકના વિશે કશીક માહિતી આપવામાં આવી હોય ત્યારે તે વાક્ય બને છે. દા.ત. મા તે મા, બીજા બધા વનવગડાના વા.

– રાતે ઊંઘમાં પણ લાડુ જ લાડુ..... વગેરે વાક્યો છે.

પરંતુ જ્યારે ભાષામાં માત્ર વિધાનો રજૂ કરવામાં આવ્યા હોય ત્યારે તે વાક્ય બનતું નથી.

દા.ત. - જાગ્યા ત્યાંથી સવાર - વાહ ! વાહ ! - સંપ ત્યાં જંપ... વગેરેમાં કશી જ માહિતી આપવામાં આવી નથી તેથી તે માત્ર વિધાનો છે. ગુજરાતીમાં ક્રિયાપદ વગરનાં વાક્યો તથા ક્રિયાપદ વગરની વાક્યરચના ગુજરાતી ભાષાની નોંધપાત્ર વિશિષ્ટતા છે.

**૨. ક્રિયાપદ વગરનાં વાક્યો :**

ક્રિયાપદ વગરનાં વાક્યો લખતી વખતે હોવું (છે, હતું, હશે)ના રૂપનો કે અન્ય કોઇ ક્રિયાપદનો ઉલ્લેખ વાક્યમાં થવો જોઇએ નહીં. જેમ કે :

- બહુ જ સરસ. - ગંગા એટલે ભારતની લોકમાતા. - વાહ ! તમારી બહાદૂરી
- આપણું ગુજરાત, આગવું ગુજરાત. - મારું ભારત, અતુલ્ય ભારત

આ વાક્યોમાં ક્યાંય છે, હતું, હશે તથા જવું, આવવું, બોલવું (ક્રિયાપદો) લખાયા નથી.

**૩. ક્રિયારૂપવાળાં વાક્યો :**

ગુજરાતી ભાષામાં 'હોવું' એ મૂળ ક્રિયાપદ છે, અને આ 'હોવું' ક્રિયાપદનાં મુખ્ય ત્રણ રૂપો છે : છે, હતું, હશે.

**(1)** છે - વર્તમાનકાળ, (આજે સોમવાર છે)
**(2)** હતું - ભૂતકાળ, (કાલે રવિવાર હતો)
**(3)** હશે - ભવિષ્યકાળ (કાલે આણંદ જવાનું હશે)

અહીં "ક્રિયાપદ"નાં નહીં પરંતુ માત્ર ક્રિયારૂપોથી બનેલાં વાક્યોનો ઉલ્લેખ થયો છે. એ ખાસ યાદ રાખવું. (જવું, આવવું, બોલવું, બેસવું વગેરે ક્રિયાપદ આવવાં જોઇએ નહીં)
દા.ત. - દામિની ચાલાક છે. - વિજયા સમજદાર છે. - તમારી સાથે કોણ હતું ?

આવી બધી રચનાઓ ક્રિયાપદ વિનાની વાક્ય રચનાઓ છે, માત્ર ક્રિયારૂપો છે.

**૪. ક્રિયાપદવાળાં વાક્યો :**

● ક્રિયાપદ વાળાં વાક્યો :

અહીં મુખ્ય ક્રિયાપદ જવું, આવવું, બોલવું આવશે. (અહીં 'હોવું' ક્રિયાપદનાં 'છે, હતું, હશે' રૂપ આવતા નથી.)

**1. દામિની અંગ્રેજી બોલી.**
**2. અમે સમયસર ખાઈ લીધું.**
**3. તેઓએ પરીક્ષા પાસ કરી.**
**4. આજે કોણ મેચ જીત્યું ?**
**5. તમે મને પૈસા આપ્યા.**

**ક્રિયાપદવાળાં વાક્યોમાં નામપદ અને ક્રિયાપદ બંને હોય તેવી રચનાઓ : 'દેવશંકર રડ્યા.', 'દેવશંકર લાડુ જમે છે.' ક્રિયાપદ છે.**

## ૫. કૃદંત પરિચય :

ભાષામાં ધાતુ એટલે કે ક્રિયાપદના મૂળ રૂપ ઉપરથી નામ (સંજ્ઞા) અને વિશેષણ બનાવવા માટે સંસ્કૃતમાં 'કૃત' નામના પ્રત્યયો છે. ધાતુને 'કૃત' પ્રત્યય લાગતાં જે પદ બને તેને કૃદન્ત કહે છે. જે પદો ક્રિયા બતાવે છે પણ ક્રિયાપદની જેમ વાક્ય બનાવી અર્થ પૂરો કરી શકતાં નથી તેવાં પદો 'કૃદન્ત' કહેવાય છે. એટલે કે જે પદો ક્રિયાપદની જેમ વર્તતાં હોય અને ક્રિયાપદ સિવાયના પદપ્રકારમાં (નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે) પણ આવી શકતાં હોય તે પદો કૃદન્ત કહેવાય છે.

કૃદંત એટલે ક્રિયાપદનો જુદી જુદી રીતો થતો ઉપયોગ. વાક્યમાં ક્રિયાપદ જ્યારે કર્તા (નામ), વિશેષણ, ક્રિયાવિશેષણ અને ક્રિયાપદના અર્થમાં વપરાય ત્યારે કૃદંત બને છે.

ટૂંકમાં, ક્રિયાપદની જેમ વર્તતાં એટલે કે કર્તા તેમજ કર્મ લેતાં જે ક્રિયાદર્શક પદો નામપદ કે વિશેષણ કે ક્રિયાવિશેષણની પણ કામગીરી કરે છે તેમને કૃદન્ત કહેવામાં આવે છે.

દા.ત. **પંખી ઊડીને ઝાડ પર બેઠું. (અહીં 'ઊઠીને' કૃદંત છે.)**

☞ **યાદ રાખો...** વાક્યમાં ક્રિયાપદના કર્તા-કાળ મુજબ થતાં ફેરફારવાળું રૂપ એટલે કૃદંત
દા.ત. : 'રમવું' ક્રિયાપદથી બનતા : રમ, રમે, રમે છે, રમ્યો, રમશે, રમવાનો, રમત, રમ્યો હતો.

☞ **'રમવું'** એ ક્રિયાપદ છે. જેને વિવિધ રીતે વાક્યમાં વાપરીએ તો :

(૧) દામિની ખૂબ જ **રમે છે.** - ક્રિયાપદ
(૨) દામિનીએ **રમતાં** ઇનામ જીત્યું. - વિશેષણ
(૩) **રમવું** શારીરિક તંદુરસ્તી માટે ઉપયોગી છે. - નામ (સંજ્ઞા)
(૪) દામિનીએ **રમતાં** - **રમતાં** જવાબ આપ્યો. - ક્રિયાવિશેષણ

- **કૃદંતના પ્રકાર :**

વાક્યમાં વપરાયેલા કૃદંતના કાર્યને આધારે કૃદંતના વિવિધ પ્રકારો પડે છે. જેમાં

| | | |
|---|---|---|
| (૧) વર્તમાન કૃદંત | (૨) ભૂતકૃદંત | (૩) ભવિષ્યકૃદંત |
| (૪) વિધ્યર્થ કૃદંત | (૫) સંબંધક કૃદંત | (૬) હેત્વર્થ કૃદંત |

**લેખન :** ડૉ.દિનેશ એમ.ભદ્રેસરિયા (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ